# યુગવંદના



Book
8G1 Yug
Meniza
58544

ઝવેરચંદ મેઘાણી

યુગવંદના

# યુગવંદના

ઝવેરચંદ મેઘાણી

પ્રસાર

આવૃત્તિ પહેલી : ૧૯૩૫
આવૃત્તિ બીજી : ૧૯૪૨
આવૃત્તિ ત્રીજી : ૧૯૪૬
આવૃત્તિ ચોથી : ૧૯૫૦
આવૃત્તિ પાંચમી : ૧૯૫૫
પુનર્મુદ્રણ : ૧૯૬૪, ૧૯૬૭, ૧૯૭૨, ૧૯૮૦, ૧૯૯૩

ચીમનલાલ મંગળદાસ ગ્રંથાગાર * ગુજરાતી સાહિત્ય પરિષદ *

પાનાં : ૧૪+૧૭૨=૧૯૦

રૂ. ૩૦

58544

: પ્રકાશક :
પ્રસાર, ૧૮૮૮ આતાભાઈ એવન્યૂ , ભાવનગર ૩૬૪ ૦૦૨

: કમ્પ્યૂટર અક્ષરાંકન :
અપૂર્વ આશર, ઈમેજ સિસ્ટમ્સ
૧/એમ નેશનલ ચેમ્બર્સ, અમદાવાદ ૩૮૦ ૦૦૯ ✆ : ૪૦૦ ૬૮૮

: મુદ્રક :
યુનિક ઓફસેટ, નોબતસિંહ રૂપરામ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ

અર્પણ

મારા ભત્રીજા

ર મ ણિ ક ને

# નિવેદન

## [પાંચમી આવૃત્તિ]

વીસ વરસે આ પુસ્તક પાંચમી આવૃત્તિમાં પ્રવેશે છે ત્યારે તેનાં કેટલાંક ગીતોના ભાવને રેખાઓમાં અંકિત કરવા મથતા શ્રી પ્રદ્યુમ્ન તન્નાનાં ચિત્રો આમાં ઉમેરાયાં છે.

## [ચોથી આવૃત્તિ]

અન્ય ક્યાંય ગ્રંથસ્થ નહિ થયેલાં કવિનાં ત્રણ કાવ્યો અહીં છેડે ઉમેર્યાં છે. એમાંનું ત્રીજું સાવ અપ્રગટ જ હતું.

૧૯૫૦

## [ત્રીજી આવૃત્તિ]

પ્રકાશકોની મુશ્કેલીઓને કારણે આ આવૃત્તિ કરવામાં ઘણો વિલંબ થયો છે.

'ઝંડાવંદન' ગીતનો ગદ્યાર્થ આમાંથી કાઢી નાખ્યો છે.

રવીન્દ્રનાં કાવ્યોના આ પુસ્તકમાંના અનુવાદો 'રવીન્દ્ર-વીણા'માં મૂક્યા હોવાથી આ સંગ્રહમાંથી એ બાદ દેવાનો વિચાર કરેલો, પણ 'યુગવંદના'નું સમગ્રપણે જે વ્યક્તિત્વ ઘણાં વરસોથી બંધાઈ ચૂકેલ છે તેને કોઈ પણ કૃતિ કાઢી નાખવાથી હાનિ પહોંચશે એવું લાગવાથી મજકૂર કૃતિઓ પણ શામિલ રાખી છે.

મુંબઈ : ૪-૬-'૪૬ ઝ૦ મે૦

## [ત્રીજી આવૃત્તિ]

'યુગવંદના'નાં કાવ્યોનું મૂલ્યાંકન એક કરતાં વધુ વિવેચકોએ કર્યું છે. મુંબઈ યુનિવર્સિટી તેમ જ કર્વે યુનિવર્સિટીના ઉચ્ચ વર્ગોમાં આ સંગ્રહ પાઠ્યપુસ્તક બનેલ તેને પરિણામે વિદ્યાર્થીઓને તો ગેરલાભ થયો હોય તે ખરો, મને લાભ મળ્યો છે — એક કરતાં વધુ અધ્યાપકોની વિદ્વત્તાભરી કલમની કસોટીએ ચડવાનો; ને હું અહીં કહી શકું છું કે આ સર્વ વિવેચનમાં મારી પ્રત્યેની સહાનુભૂતિ સિંચાઈ છે, અને મારી કવિતાનું નમ્ર સ્થાન સુયોગ્યપણે નક્કી થયું છે. એની ત્રુટીઓ બતાવવામાં કોઈએ કશો જ ભય સંકોચ સેવ્યો નથી. એ તમામ વિવેચકોનો હું ઋણી છું. માત્ર 'વૈશાખી દાવાનલ' જેવી કોઈ કોઈ કવિતાની નરી કટાક્ષાત્મક વક્રતાનો ઉઠાવ મારાથી બરાબર નહિ કરી શકાયો હોય તે કારણે જ કેટલાક વિવેચકોએ એને કવિની પોતાની જ ગંભીર ભયાનક ઈચ્છારૂપે ઘટાવ્યું લાગે છે.

'યુગવંદના'નો અનુગામી 'એકતારો' નામે કવિતાસંગ્રહ પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે.

બાલ-કિશોરોનાં ગીતોના 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' એ બે સંગ્રહોને એક જ આવા પુસ્તકરૂપે મૂકી આપવાની મેં પ્રથમાવૃત્તિ વખતે સેવેલી આશા ફળી નથી. એ નાનકડા સંગ્રહોની બહોળી ઉપયોગિતાને ક્ષતિ થશે એ બીકે નવી આવૃત્તિઓ જેમની તેમ ચાલવા આપી છે. આથી મને લાભ એ છે કે 'યુગવંદના' જેવા મોટા સંગ્રહોને એની મોટી કિંમત વગેરેને કારણે ન પહોંચી શકનાર બહોળા જનસમૂહમાં પેલી બચુકડી પુસ્તિકાઓ છૂટથી ઘૂમી શકે છે. પણ મને ગેરલાભ એ થયો છે કે મારી મૂલવણી કરવામાંથી એ 'વેણીમાં ફૂલ' અને 'કિલ્લોલ'નાં ગીતોને મારી વધુ પ્રિય કૃતિઓ લેખે નિગાહમાં લેજો.

રાણપુર : ૧૫-૬-'૪૨ ઝ૦ મે૦

[પહેલી આવૃત્તિ]

મારાં જૂનાં ગીતો છૂટીછવાઈ ચોપડીઓમાં વેરાયેલાં પડ્યાં હતાં; નવાં પણ રચાયાં હતાં; સર્વનો એકસામટો સંગ્રહ આ ગીતોના જે પ્રેમીજનો છે તેમની સગવડ મુખ્યત્વે ધ્યાનમાં રાખીને કરું છું. સાથેસાથ, આ યુગની કવિતાને વિવેચકદૃષ્ટિથી તપાસનારાઓને પણ આ ગીતો સુલભ કરી આપવા નેમ રાખી છે.

આ બધાં જ ગીતોનો એક સંગ્રહ એના ખરીદનારાઓને અકળાવશે એવું વિચારી 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ'માંનાં બાલ-કિશોરોનાં ગીતો આમાંથી બાતલ રાખ્યાં છે. એનો જુદો સંગ્રહ કર્યો છે. એ પણ બહાર પડશે એટલે મારાં ગીતોને એકસાથે વસાવી લેવાનું કામ પ્રેમીઓને સરળ પડશે.

કેટલાંક ગીતો પ્રાસંગિક છે, એટલે પ્રસંગનો નિર્દેશ માગી લે છે. વળી ગીતો રચ્યાની સાલ, કયાં ગીત સ્વતંત્ર, કયાં સૂચિત અને કયાં અનુવાદિત — વગેરે હકીકતો આપવી રહી ગઈ. પરિણામે ટિપ્પણ આવશ્યક બન્યું.

આ કવિતાના પ્રવાહોને તપાસવા ઇચ્છનારાઓને કામ લાગે તેવી — અમસ્તી તો જતી કરવા યોગ્ય — કેટલીક માહિતીઓ પણ ટિપ્પણમાં મૂકી છે. એમાં અંગત હકીકતોનો નિર્દેશ છે, એકાદા કાવ્યભાવ માટેનો પણ ઋણસ્વીકાર છે. એમ કરવા જતાં કેટલાંક ઔચિત્યભંગ જો અનિવાર્ય થઈ પડ્યો હોય તો દરગુજર ચાહવુંય નકામું છે.

'યુગવંદના' નામ એ અર્થમાં અપાયું છે કે કોઈ ચિરંજીવી કાવ્યતત્ત્વથી પ્રેરાયેલ નહિ પણ ચાલુ કાળનાં જ બળોએ સ્ફુરાવેલાં સમયજીવી ગીતો આમાં

પ્રધાન સ્થાને છે, એટલે આ યુગને જ અર્પણ થયેલ અંજલિથી અધિક મહિમાને એ ન માગી શકે તેવાં છે.

ચિત્રની કલ્પના મારી છે. આ યુગના જાજરમાન આત્મદેવની સન્મુખ બેસી એક નાનકડો ગાયક પોતાના સૂરો બાલભાવે સંભળાવી રહ્યો છે, ને એમ કરવા જતાં યુગદેવતાના મહાદેવની ને પોતાની અલ્પતાની વચ્ચે રહેલ પરિમાણભેદને પોતે વીસરતો નથી. ગાયકનું વાદ્ય એકતારો છે, કેમ કે એ તો ગાય છે લોકવાણીમાં અને લોકસૂરે. નાનામોટા સર્વ કોઈ ગાયકો ઉપર સદા પ્રસન્ન રહેતા યુગદેવ આ ગાયકને આશીર્વાદ આપે – એ પણ મારો સૂચવેલ ભાવ.

આ કલ્પનાને સુંદર ન્યાય આપનાર કલાકારે થોડીક અધિકતા કરી છે : યુગેશ્વરના મોં પરના સુકોમલ મલકાટમાં એણે આછી રમૂજનીયે રેખાઓ આંકી નાખી છે. એને તો ખ્યાલ પણ નહિ હોય કે એ સ્વયંસ્ફુરિત રેખામાં કેટલું બધું સત્ય એણે ઉતારી આપ્યું છે. હજારોનાં મિથ્યાભિમાનોને પિતૃભાવે સહી લેતું એ વક્ર હાસ્ય જાણે બોલ્યા વગર બોલે છે : 'તુંયે, અલ્યા, કવો કે !'.

ઝવેરચંદ મેઘાણી

## ક્રમ


પ્રથમ પંક્તિની સૂચિ 11

### ખંડ ૧ : યુગવંદના

કસુંબીનો રંગ ૩
ઝાકળનું બિન્દુ ૫
સ્વપ્ન થકી સરજેલી ૭
તોય મા તે મા ! ૯
પરાજિતનું ગાન ૧૦
સ્વતંત્રતાની મીઠાશ ૧૧
નવ કહેજો ! ૧૩
ઊઠો ૧૫
છેલ્લી પ્રાર્થના ૧૬
ભીરુ ૧૭
વિદાય ૧૮
આગે કદમ ૨૦
ફૂલમાળ ૨૨
કોણ ગાશે ! ૨૪
શૌર્યવતીના વિલાપ ૨૭
તરુણોનું મનોરાજ્ય ૨૯
શિવાજીનું હાલરડું ૩૦
અંતરની આહ ૩૨
છેલ્લો કટોરો ૩૪
માતા, તારો બેટડો આવે ! ૩૬
છેલ્લી સલામ ૩૯
ઝંડાવંદન ૪૨
ઝંખના ૪૫
ઓતરાદા વાયરા, ઊઠો ! ૪૭

### ખંડ ૨ : પીડિતદર્શન

ઘણ રે બોલે ને — ૫૧
દીઠી સાંતાલની નારી ૫૩
ખેડુ સ્ત્રીનું સંધ્યાગીત ૫૫
કોદાળીવાળો ૫૮
કેદીનું કલ્પાંત ૬૦
કાળ-સૈન્ય આવ્યાં ૬૩
ફાગણ આયો ૬૪
વૈશાખી દાવાનલ આવો ! ૬૬
કાલ જાગે ! ૬૮
કવિ, તને કેમ ગમે ? ૭૦
હાલરડું ૭૨
તારાં પાતકને સંભાર ! ૭૩
અમે ! ૭૬
વિરાટ-દર્શન ૭૮
બીડીઓ વાળનારીનું ગીત ૮૧
દૂધવાળો આવે ૮૩

### ખંડ ૩ : કથાગીતો

અભિસાર ૮૭
આખરી સંદેશ ૯૧
વીર બંદો ૯૭
સૂના સમદરની પાળે ૧૦૨
કોઈનો લાડકવાયો ૧૦૯
ધરતી માગે છે ભોગ ! ૧૧૨
રાતાં ફૂલડાં ૧૧૫
સોના-નાવડી ૧૧૭

### ખંડ ૪ : આત્મસંવેદન

યાચના ૧૨૩
ઈજન ૧૨૪
એકલો ૧૨૫
હસતું પંખી ૧૨૬
સાગર રાણો ૧૨૭
અર્પણ ૧૨૯
એક જન્મતિથિ ૧૩૦

મૃત્યુનો ગરબો ૧૩૩
નવા વર્ષનો સબરસ-થાળ ૧૩૫
નિર્ભય ૧૩૭
એ જ પ્રાણ ૧૩૯
થાકેલો ૧૪૦
સુખ-દુઃખ ૧૪૧

ખંડ ૫ : પ્રેમલહરીઓ

સમર્પણ ૧૪૫
આપઘેલી ૧૪૬
હું અને તું ૧૪૭
મીઠું બંધન ૧૪૮
એની શોધ ૧૪૯
યાદ ૧૫૦
પ્યાસ ૧૫૧
સમસ્યા ૧૫૨
તદ્દૂરે-તદ્વન્તિકે – ૧૫૩
માલાગૂંથણ ૧૫૪
વીંજણો ૧૫૫
જલ-દીવડો ૧૫૬
દીવડો ઝાંખો બળે ૧૫૭
અનામી ! અનામી ! ૧૫૮
વિશ્વંભર ! ૧૬૦
પ્રત્યેક વર્ષે ૧૬૨
બાળુડાંને ૧૬૩

ટિપ્પણ ૧૬૫

# પ્રથમ પંક્તિની સૂચિ

અપમાનિતા-અપયશવતી તું : તોય મા તે મા ! ૯
અમારે ઘર હતાં, વ્હાલાં હતાં, ભાંડું હતાં, ને ૧૮
અમે ખેતરેથી, વાડીઓથી ૬૩
અમે પ્રેમિકો હાડપિંજર તણા – ૭૬
આકાશે આ વીંજણલો કોણ વાય ! ૧૫૫
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ ! ૨૦
આજ ઊડ ઊડ થવા તલખતી પાંખ તુજ ૧૩૭
આજે લાવી છું, પ્યારાજી, તારી પાસ નવલ સુહાસ ૧૪૫
આભમાં ઊગેલ ચાંદલો, ને જીજીબાઈને આવ્યાં બાળ – ૩૦
આવો વ્હાલભરી વેદનાઓ, આવો ૧૨૪
ઊઠો, સાવજશૂરાની બેટડી ! બાંધો કેશ, લૂછો અશ્રુધાર ૧૫
ઊંચી ઊંચી ડાળના લીંબડા, હો ભાઈ ! ૬૦
એ જ પ્રાણ ૧૩૯
એક દિન પંચસિંધુને તીર ૯૭
ઓતરાદા વાયરા, ઊઠો ઊઠો હો તમે – ૪૭
કંથનાં કોમલ દિલ ક્યમ કર્યાં ! ૨૭
કૂડાં સુખની વાતો મેલો રે, સુખડાંએ તો દીધા દગા ૧૪૧
કે સમી સાંજના તારલિયા ! ૫૫
ખાંસી ખા મા રે ! ૭૦
ગાજે ગગને મેહુલિયા રે ૧૧૭
ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ ૨૯
ઘણ રે બોલે ને એરણ સાંભળે હો...જી ૫૧
છેલ્લો કટોરો ઝેરનો આ : પી જજો, બાપુ ! ૩૪
જાગો જગના ક્ષુધાર્ત ! જાગો, દુર્બલ-અશક્ત ! ૬૮
ઝાકળના પાણીનું બિન્દુ ૫
તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી ! ૧૧
તારાં પાતકને સંભાર, મોરી મા ૭૪
તારાં બાળપણાનાં કૂજન, હે સખિ ૧૨૯
તારે ક્યારે કૈંક દુલારે દિલનાં શોણિત પાયાં ૪૨
તુજ સુખની મ્હેફિલમાં તું સહુને નોતરજે ૧૨૫

'દંભી રસમ્ છે' – નવ કોઈ ક્હેજો ! ૧૬૨
દીઠી સાંતાલની નારી – રે આજ દીઠી સાંતાલની નારી; ૫૩
દીવડો ઝાંખો બળે ૧૫૭
દીવડો તરતો જાય રે ૧૫૬
દૂધવાળો આવે ૧૮૩
ધન-ધાન્ય-ફૂલે લચકેલી ૭
ધરતીને પટે પગલે પગલે ૬૮
'ધરા પર માહરે કોઈ શત્રુ નથી' ૧૭
નિર્જન વનમાં પાલવ ઢાળીને ૧૪૬
પરાજિતનું ગાન ૧૦
પિંજરના પંખીને હસવું બહુ આવે ૧૨૬
પોરો રે આવ્યો, હો સંતો ! પાપનો ૧૧૨
પ્યાસ રહી સળગી : જીવતરમાં આગ રહી સળગી ૧૫૧
ફાગણ આયો, ફાગણ આયો, ફાગણ આયો રે ! ૬૪
ફૂલડાંને ફોરમ દિયણ ૧૬૦
બાજે ડમરુ દિગન્ત, ગાજે કદમો અનંત ૭૬
બીડીઓ વાળો ! બીડીઓ વાળો ! બીડીઓ વાળો ...રે ! ૬૭
મથુરા શે'રની રાંગે સંન્યાસી ઉપગુપ્ત કો ૮૭
મને બાંધી રાખી છે કયા બંધથી રે ! ૧૪૮
મને સાગરપાર બોલાવી, ઓ બ્રિટન ! ૩૨
મા, તારી કોણ ગાશે ૨૪
માડી તને લોક બોલે બિહામણી રે ૧૩૩
માતા ! તારો બેટડો આવે ૩૬
મારા દેવળમાં પડઘા પડે : મારો ક્યાં હશે દેવળ-નાથ ! ૧૪૯
મારાં જ્ઞાન-ગુમાનની ગાંસડી ઉતરાવો શિરેથી આજ ૧૪૦
મારી માઝમ રાતનાં સોણલાં ચમકી ચમકી ચાલ્યાં જાય ૪૫
માલા ગૂંથી ગૂંથી લાવે ૧૨૭
મેં તો હરખેથી બેસી બેસી ગૂંથી ફૂલડાંની માળા રે ૧૫૪
મોરલા હો ! મુંને થોડી ઘડી ૧૨૩
રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે ૧૦૯
રણવગડા જેણે વીંધ્યા ૧૩

રાત ઘંટા ચાર વાગે ૮૩
લાગ્યો કસુંબીનો રંગ ૩
વનરા તે વન કેરી કાંટ્યમાં રે રાતાં ફૂલડાં ૧૧૫
વળેલો, કેડ્ય ભાંગેલો, સૈકાના દુઃખભારથી ૫૮
વાયુ તણી લહરમાં સુણું સાદ તારો ૧૫૩
વા'લાં સબરસનાં વેચનાર, થંભજો રે ૧૩૫
વીરા મારા ! પંચ રે સિંધુને સમશાન ૨૨
વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર ! ૬૬
શ્રાવણી પાંચમના અંધાર ૧૩૦
સતાવે એ મુખડાની યાદ ! ૧૫૦
સહુથી મીઠું નામ તારું, હો સુંદર અનામી ! ૧૫૮
સુખને કારણ બાંધી મઢૂલી ૧૫૨
સૂના સમદરની પાળે ૧૦૩
સો સો રે સલામું મારાં ભાંડુડાંને કે'જો રે ૩૯
હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ ૧૬
હતાં સમજણાં છતાં નવ હતું તમે પૂછિયું ૧૬૩
હું તો સદા તને ચાહીશ, પ્રીતમ ! ૧૪૭

# યુગવંદના

## કસુંબીનો રંગ

લાગ્યો કસુંબીનો રંગ —
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !

જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ
પામ્યો કસુંબીનો રંગ. — રાજ૦

બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં
ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ. — રાજ૦

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ. — રાજ૦

ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ. — રાજ૦

નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ
ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે
પાયો કસુંબીનો રંગ. — રાજ૦

પીડિતની આંસુડાધારે-હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે
સળગ્યો કસુંબીનો રંગ. — રાજ૦

ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે
છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે
મલકાયો કસુંબીનો રંગ. — રાજ૦

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલાં હો !
પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં : ટેકીલાં હો !
લેજો કસુંબીનો રંગ ! — રાજ૦

રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ —
લાગ્યો કસુંબીનો રંગ.



## ઝાકળનું બિન્દુ



ઝાકળના પાણીનું બિન્દુ
એકલવાયું બેઠું'તું;
એકલવાયું બેઠું'તું ને
સૂરજ સામે જોતું'તું;
સૂરજ સામે જોતું'તું ને
ઝીણું ઝીણું રોતું'તું :

"સૂરજ ભૈયા ! સૂરજ ભૈયા !
હું છું ઝીણું જલબિન્દુ;
મુજ હૈયે તમને પધરાવું
શી રીતે, હે જગબંધુ !

"તમે દૂર વાદળમાં વસતા,
સાત અશ્વને કરમાં કસતા,
બ્રહ્માંડોની રજ રજ રસતા
ઘૂમો છો, બંધુ !
તમ વ્હોણું મુજ જીવન સઘળું
અશ્રુમય, હે જગબંધુ !"

"જલબિન્દુ રે જલબિન્દુ !
ઓ નાજુક ઝાકળબિન્દુ !"
સૂરજ બોલે : "સુણ, બંધુ !



"હું તો ત્રિલોકમાં ફરનારો,
કોટિ કિરણો પાથરનારો,
ગગને રમનારો :
તેમ છતાં હું તારો તારો,
હે ઝાકળબિન્દુ !

"તોય મને તું વા'લું વા'લું,
બાળાભોળા જલબિન્દુ !
તુજ હૈયે હું પોઢી જાણું,
હે ઝાકળબિન્દુ !

"તુજ સરીખો નાનકડો થૈને,
તુજ અંતરમાં આસન લૈને,
ઈન્દ્રધનુની રમતો રમવા
આવીશ, હે બિન્દુ !

"તુજ જીવનમાં પ્રકાશ વાવું,
તુજ અશ્રુને હાસ્ય બનાવું.
હે નાજુક બિન્દુ !"

હસતે મુખડે સૂરજરાણા
જલબિન્દુમાં જઈ સમાણા :
રુદનભર્યા જીવનમાં ગાણાં
ગાઈ રહ્યું ઝાકળબિન્દુ !

## સ્વપ્ન થકી સરજેલી

ધન-ધાન્ય-ફૂલે લચકેલી
આ વસુધાના પટમાંય,
કો સ્વપ્ન થકી સરજેલી
મુજ જન્મભૂમિ લહેરાય :

નવખંડ ધરા પર ભમો – નથી આ ભોમ સમોવડ કોઈ :
સહુ દેશ તણી મહારાણી મુજ માભૂમિ તુલ્ય કો ન્હોય.

કહો ક્યાં બીજે દીઠેલી
આ મેઘ તણી કાળાશ ?
– આ નભમંડલની કાન્તિ ?
– આ વીજ તણા અજવાસ ?

અહીં પંખી તણા સ્વર સુણી પોઢવું, સુણી જાગવું હોય,
સહુ દેશ તણી મહારાણી મુજ માભૂમિ તુલ્ય કો ન્હોય.

કહો ક્યાં બીજે દીઠેલાં
નદીઓનાં નિર્મલ વ્હેણ ?
– આ પહાડો ધુમ્મસઘેરા ?
– આ હરિયાળાં મેદાન ?

ભરચક ખેતર પર લહર લહન્તા પવન અન્ય ક્યાં હોય,
સહુ દેશ તણી મહારાણી મુજ માભૂમિ તુલ્ય કો ન્હોય.

અહીં તરુતરુએ ફૂલ હીંચે,
વન વન પંખીડાં ગાય;
અહીં મધુકર મદભર ગુંજે
પુંજે પુંજે લહેરાય :

મધુ પી પુષ્પો પર ઢળી પોઢતા અન્ય ક્યહાં એ હોય ?
સહુ દેશ તણી મહારાણી મુજ માભૂમિ તુલ્ય કો ન્હોય.

તુજ સમ નથી ક્યાંય જગતમાં
પ્રિયજનના આ વિધ પ્રેમ;
તુજ ચરણો ચાંપી હૃદયમાં
જીવવાની હરદમ નેમ :

હું જનમ જનમ અહીં મરું – મુક્તિ અન્ય ક્યાં હોય ?
સહુ દેશ તણી મહારાણી મુજ માભૂમિ તુલ્ય કો ન્હોય.



## તોય મા તે મા !

અપમાનિતા-અપયશવતી તું : તોય મા તે મા !
પરવશ-પરાજિત-લથડતી તું : તોય મા તે મા !
તુજ પરાજયની ધૂળને
ધરશું અમારે મસ્તકે :
ચરણો વીંધાયલ કંટકે ચૂમી લઈશું, મા !
મધરાત મારગમાં પડી,
આકાશ ઝીંકે છે ઝડી :
તું મૂર્છિતા ને આંધળી : દોરી જઈશું મા !
તુજ ખોળલા ભરિયલ હતા,
ત્યાં લગી મીઠા લાગતા !
ખાલી પડી ! – આપી ખતા ચાલ્યા ન જાશું, મા !
ચાલ્યા જનારા છો જતા –
અણસમજના શા ઓરતા !
પણ તને ઠોકર મારતા ક્યમ જવા પામે મા !
તું તો નવલ યુદ્ધે ચડી,
આલમ બધી જોવા ખડી :
તે સમે તારી ઠેકડી કપૂતો જ કરશે મા !
હીણાયલી-રોળાયલી તું : તોય મા તે મા !
જે હતી તે-ની તે જ છે તું દિલ અમારે, મા !

## પરાજિતનું ગાન

પરાજિતનું ગાન :
ગા, મન, પરાજિતનું ગાન –
એકલ પરાજિતનું ગાન

પરાજિત સેનાપતિનાં
પંથ ને મેદાન સૂનાં !
શમ્યાં છે સન્માન જૂનાં !
વિજન પુરની ગલીગલીએ
તોયે ગાજે ગાન –
ઓ મન, પરાજિતનું ગાન !

પરાજિત પાછો વળે સજવાં નવાં આયુધ;
જનેતાને સ્તનેથી પીવા અભયનાં દૂધ :

કોણ સૂતા, કોણ જાગે ?
કોણ જખમી દવા માગે ?
– પૂછતો પ્રેમાળ રાગે ભમે છે મહેમાન :
ગા, મન, પરાજિતનું ગાન !

પરાજિતનો ચાંદલો કંકુ તણો :
પરાજિતનાં છત્ર-ચામર-વીંજણો :
પરાજિતના લખોમુખ યોદ્ધાગણો :
સહુ વિરમ્યાં : એક નવ વિરમો
કવિજન-ગાન !

ગા, મન, પરાજિતનું ગાન –
એકલ પરાજિતનું ગાન.

## સ્વતંત્રતાની મીઠાશ

[ઢાળ : ઊડી જા તું, ગાફિલ ગાભરા ! તારે અંતરે શી આંટી પડી]

તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી !
મુરદાં મસાણેથી જાગતાં – એવી શબ્દમાં શી સુધા ભરી !

પૂછી જોજો કોઈ ગુલામને –
ઊઠ્યા કેવા ઓઘ એને મને
મળી મુક્તિ મંગલ જે દિને :
એને કાને શબ્દ પડ્યો 'તું સ્વાધીન !' – શી ઓહો સુખની ઘડી !
એની આંખ લાલમલાલ : છાતીમાં છોળો છલકાઈ પડી !
— તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

58544

એને ભાન મુક્તિ તણું થયું :
એનું દૈન્ય ક્યાં ટપકી ગયું ?
એનું દિલગુલાબ ઝૂલી રહ્યું :
એના મસ્તકે નમવાનું ભૂલી આભ-શું માંડી આંખડી;
એની ઊર્મિ રાંક મટી રૂડા જગબાગમાં રમવા ચડી.
— તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

પડું કેદખાનાને ઓરડે,
લટકુંયે ફાંસીને દોરડે,
લાખો ગોળી તોપ તણી ગડે :
તારો હાથ હોય લલાટ, તો ભલે આવે જુલ્મ તણી ઝડી !
તારું નામ હોય જબાન, તો શી છે ભીતિ, ઓ મારી માવડી !
— તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

કાળી રાત ચોગમ ઘૂઘવે,
લાખો શાપ બંધુજનો લવે,
વા'લાં વેરી થૈ રોવે-મૂંઝવે :



ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય
ગુજરાતી સાહિત્ય પરિષદ

છૂપ્યા ચંદ્ર-સૂરજ-તારલા, મધસાગરે મારી નાવડી;
ત્યાંયે જોઉં દૂર ઝબૂકતી, તારા દ્વારની ઝીણી દીવડી.
— તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

મારા દેશનાં સહુ શોષિતો,
દુનિયાનાં પીડિતો-તાપિતો,
ખૂણે ખૂણે ગાય તારાં ગીતો :
એનાં ભૂખ્યાં પેટ છતાં એને કેવી મોંઘી તું, કેવી મીઠડી !
એનાં બેડીબંધન તૂટશે, એવી આશે ખલ્ક બધી ખડી.
— તારા નામમાં, ઓ સ્વતંત્રતા૦

# નવ કહેજો !

રણવગડા જેણે વીંધ્યા,
વહાલી જેને વનવાટ;
જે મરતાં લગ ઝંખેલો
ઘનઘોર વિજન રઝળાટ :
જે ગગન ચુંબતાં ગિરિશૃંગે સુણતો હાકલ અવિરામ –
એ સુભટ કાજ કો' નવ કહેજો : 'પ્રભુ દે એને વિશ્રામ !'

દમ દમ કર્મે મચી રહેતાં
ઊછળે ઉરમાં ધબકાર;
ભલી એ એની વિશ્રાંતિ
એ સુખ, જીવનઆધાર :
એ પડે-લડથડે, છતાં ઊઠી ફરી ચડે યુદ્ધ અવિરામ –
એ સુભટ કાજ કો' નવ કહેજો : 'પ્રભુ દે એને વિશ્રામ !'

ધગધગ ધખતા સહરામાં
એ મહાલે શીતળ સેજ;
ઘન ઘન અંધારનિશામાં
ભાળે ભાસ્કરનાં તેજ :
વંટોળ વિષે પણ પામન્તો ફૂલદોલ તણા આરામ –
એ સુભટ કાજ કો' નવ કહેજો : 'પ્રભુ દે એને વિશ્રામ !'

જ્યમ શતશત પહાડશિખરથી
જળધોધ ઘૂઘવતો જાય,
જ્યમ ખુશખુશાલ કો' જોદ્ધો
નિજ અશ્વ નચવતો જાય :
ત્યમ સત્ય તણો શોધક નિજ પંથે ધસે સદા અવિરામ –
એ સુભટ કાજ કો' નવ કહેજો : 'પ્રભુ દે એને વિશ્રામ !'

વનવનમાં વદન હસવતી
કો' સરિતા ચાલી જાય;
દુર્ગંધ જગતની વહતી
સાગરમાં શાંત સમાય :
સાચા જગસેવકનું જીવન ત્યમ પામે મૌનવિરામ –
એ સુભટ કાજ કો' નવ કહેજો : 'પ્રભુ દે એને વિશ્રામ !'

# ઊઠો

ઊઠો, સાવજશૂરાની બેટડી ! બાંધો કેશ, લૂછો અશ્રુધાર;
જોજો ઝૂઝે તમારા કંથડા, એના કામજો કીર્તિઅંબાર.

સાદ સુણી સમરાંગણના, દેવા પ્રાણ તણાં બલિદાન,
મૃત્યુના સિંધુ વલોવીને અમૃત કરવા સિધાવ્યા મેદાન રે :
બે'ની ! બંકા આપણ ભરથાર. — ઊઠો૦

દુશ્મન કેરાં નોતરાં, બે'ની ! બથ ભરી મળવા કાજ;
રક્તનાં કેસરછાંટણાં છંટાશે, ખેલાશે રસબસ રાસ રે :
કંઠે પે'રી આંતરડાંની માળ. — ઊઠો૦

કાળ તણી એ કચેરીઓમાં બેઠા પછી ન ઊઠાય;
કંથ કોડીલાનાં કાળાં કવચ ત્યાં તો રાતે શોણિતે રંગાય રે :
બાજે રણરંભાના ઠમકાર. — ઊઠો૦

અંતરની કાળી ઝાળો ઓલવવા કાળગંગાને ઘાટ,
નણદલવીર એ નીરમાં ન્હાતા ત્યાં સામસામી દૈ થપાટ રે :
ગાંતાતૂર જેવા ગજરાજ. — ઊઠો૦

જીતીને વળશે તો રંગે રમાડશું : મરશે તોયે શા ઉચાટ !
ખોળે પોઢીને ચડશું ચિતા માથે : હસતાં જાશું સુરવાટ રે :
એવા ઉગ્રભાગી અવતાર. — ઊઠો૦

# છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,
મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ :
સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ !

અમારા યજ્ઞનો છેલ્લો બલિ : આમીન કે'જે !
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દેજે !
વધારે મૂલ લેવાં હોય તોયે માગી લેજે !
અમારા આખરી સંગ્રામમાં સાથે જ રે'જે !

પ્રભુજી ! પેખજો આ છે અમારું યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણ્ અમારું લેશ મેલું —
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુએલું !
દુવા માગી રહ્યું, જો, સૈન્ય અમ તત્પર ઊભેલું.

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે :
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે ?

જુઓ આ, તાત ! ખુલ્લાં મૂકિયાં અંતર અમારાં,
જુઓ, હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ, છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા :
સમર્પણ હો, સમર્પણ હો તને એ સર્વ, પ્યારા !

ભલે હો રાત કાળી — આપ દીવો લૈ ઊભા જો !
ભલે રણમાં પથારી – આપ છેલ્લાં નીર પાજો !
લડન્તાને મહા રણખંજરીના ઘોષ ગાજો !
મરન્તાને મધુરી બંસરીના સૂર વાજો !

તૂટે છે આભ ઊંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
સમર્પણની છતાં વહેશે સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ-કિનારા.

# ભીરુ

[છંદ : ઝૂલણા]

'ધરા પર માહરે કોઈ શત્રુ નથી'
કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્યસંગ્રામના જંગમાં
લાખ શત્રુને રક્તે નીતરતા.
તું રિપુહીન હોવાની શેખી મ કર,
બંધુ ! નિર્વીર્ય એ દર્પ ગાવે,
બ્હાદુરો સત્યને કાજ નિર્મમ બની,
મિત્રની શત્રુતાયે વધાવે.

દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી,
તેં નથી, મિત્ર, શું ઘાવ દીધા ?
જૂઠડી જીભ પરથી શપથ-શબ્દને
તેં નથી, મિત્ર, શું ધૂળ કીધા ?
ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં,
બંધુ ! શું ખડગ લૈ તું ન ધાયો ?
સત્યના સ્વાંગ પે'રી ઊભું જૂઠ ત્યાં
ઝૂઝીને, મિત્ર, શું નવ ઘવાયો ?

સૌમ્ય તું ! ભલો તું ! સંત, ભદ્રિક તું !
– ભાઈ, એ છે બધી તારી ભ્રમણા !
રંક તું, દીન તું, ભીરુ-કંગાલ તું –
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના !

# વિદાય

[ઢાળ : હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ]

અમારે ઘર હતાં, વ્હાલાં હતાં, ભાંડું હતાં, ને
પિતાની છાંય લીલી, ગોદ માતાની હતીયે;
ગભૂડી બ્હેનના આંસુભીના હૈયાહિંચોળે
અમારાં નેન ઊનાં ઝંપતાં આરામ-ઝોલે.

બધી માયા-મહોબ્બત પીસતાં વર્ષો વીતેલાં,
કલેજાં ફૂલનાં, અંગાર સમ કરવાં પડેલાં;
ઉખેડ્યા જે ઘડી છાતી થકી નિઃશ્વાસ છેલ્લા,
અમારે રોમ-રોમેથી વહ્યા'તા રક્તરેલા.

સમય નો'તો પ્રિયાને ગોદ લૈ આલિંગવાનો,
સમય નો'તો શિશુના ગાલ પણ પંપાળવાનો,
સમય નવ માવડીને એટલું કહેતાં જવાનો :
'ટપકતા આંસુને, ઓ મા ! સમજજો બાળ નાનો.'

અહોહો ! ક્યાં સુધી પાછળ અમારી આવતી'તી
વતનની પ્રીતડી ! મીઠે સ્વરે સમજાવતી'તી,
ગળામાં હાથ નાખી ગાલ રાતા ચૂમતી'તી,
'વળો પાછા !' વદીને વ્યર્થ વલવલતી જતી'તી.

બિરાદર નૌજવાં ! અમ રાહથી દૂર રે'જે,
અમોને પંથભૂલેલા ભલે તું માની લેજે;
કદી જો હમદિલી આવે, ભલે નાદાન કે'જે;
'બિચારા' કહેશ ના – લાખો ભલે ધિક્કાર દેજે !

ઓ દોસ્તો ! દરગુજર દેજો દીવાના બાંધવોને;
સબૂરી ક્યાંય દીઠી છે કલેજે આશકોને ?
દિલે શું શું જલે – દેખાડીએ દિલઆહ કોને ?
અમારી બેવકૂફીયે કદી સંભારશોને ?

અગર બહેતર, ભૂલી જાજો અમારી યાદ ફાની !
બૂરી યાદે દુભવજો ના સુખી તમ જિન્દગાની;
કદી સ્વાધીનતા આવે – વિનંતી, ભાઈ, છાની :
અમોનેય સ્મરી લેજો જરી, પળ એક નાની !

## આગે કદમ

આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
યારો ! ફનાના પંથ પર આગે કદમ !

આગે કદમ : પાછા જવા રસ્તો નથી;
રોકાઓ ના — ધક્કા પડે છે પીઠથી;
રોતાં નહિ — ગાતાં ગુલાબી તોરથી :
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

બેસી જનારા ! કોણ દેશે બેસવા !
આ હર ઘડી સળગી રહ્યાં યુદ્ધો નવાં;
આશા ત્યજો આરામ-સેજે લેટવા :
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

આગે કદમ : દરિયાવની છાતી પરે,
નિર્જળ રણે, ગાઢાં અરણ્યે, ડુંગરે;
પંથે ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે :
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

રહેશે અધૂરી વાટ, ભાતાં ખૂટશે;
પડશે ગળામાં શોષ, શક્તિ તૂટશે;
રસ્તે, છતાં, ડૂકી જવાથી શું થશે ?
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

આવે ન આવે સાથીઓ સાથે છતાં,
ધિક્કાર, બદનામી, બૂરાઈ વેઠતાં,
વૈરીજનોનાં વૈરનેયે ભેટતાં :
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

ક્યાં ઊભશો ! નીચે તપે છે પથ્થરો :
બાહેર શીતળ, ભીતરે લાવા ભર્યો;
અંગાર ઉપર ફૂલડાં શીદ પાથરો !
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

આ તો બધા છેલ્લા પછાડા પાપના;
હોશે ખતમ – જો, ભાઈ, ઝાઝી વાર ના !
પૂરી થશે તારીય જીવનયાતના :
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

જ્વાલામુખીના શૃંગ ઉપર જીવવા
તેં આદરી પ્યારી સફર, ઓ નૌજવાં !
માતા તણે મુક્તિ-કદંબે ઝૂલવા :
આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !

આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
યારો ! ફનાના પંથ પર આગે કદમ !

## ફૂલમાળ

[ઢાળ : તોળી રાણી ! તમે રે ચંપો ને અમે કેળ્ય]

વીરા મારા ! પંચ રે સિંધુને સમશાન,
રોપાણાં ત્રણ રૂખડાં હો...જી;
વીરા ! એની ડાળિયું અડી આસમાન :
મુગતિનાં ઝરે ફૂલડાં હો...જી.

વીરા ! તારાં ફૂલ રે સરીખડાં શરીર :
ઈંધણ તોય ઓછાં પડ્યાં હો...જી;
વીરા મારા ! સતલજ નદીને તીર,
પિંજર પૂરાં નો બળ્યાં હો...જી.

વીરા ! તારી ચિતામાં ધખધખતી વરાળ
નવ નવ ખંડે લાગિયું હો...જી;
વીરા ! તારી નહિ રે જંપે પ્રાણઝાળ :
ઠારેલી ભલે ટાઢિયું હો...જી.

વીરા ! તારા પંથડા વિજન ને અઘોર :
ઓરાણો તું તો આગમાં હો...જી;
વીરા ! તારાં વસમાં જિગરનાં જોર :
લાડકડા ! ખમા ખમા હો...જી.

વીરા ! તારે મુખડલે માતાજી કેરાં દૂધ,
ધાવેલાં હજી ફોરતાં હો...જી;
વીરા ! એવી બાળુડી ઉંમરમાં ભભૂત,
જાણ્યું તેં, જોગી, ચોળતાં હો...જી.

વીરા ! તારા ગગને ઊછળતા ઉલ્લાસ,
દુનિયાથી દૂરે દોડવા હો...જી;
વીરા ! તારે અચળ હતા વિશ્વાસ,
જનમીને ફરી આવવા હો...જી.

વીરા ! તારે નો'તા રે દોખી ને નો'તા દાવ
તરસ્યોયે નો'તો રક્તનો હો...જી.
વીરા ! તારી છાતીએ છલ્યો ભવ્ય ભાવ,
માભૂમિ કેરા ભક્તનો હો...જી.

વીરા ! એ તો ફાંસી રે નહિ, ફૂલમાળ :
પે'રીને પળ્યો પોંખણે હો...જી;
વીરા ! તારું વદન હસે ઊજમાળ,
સ્વાધીનતાને તોરણે હો...જી.

## કોણ ગાશે !

[છંદ : સ્રગ્ધરા]

મા, તારી કોણ ગાશે
　　　　પલપલ ઈતિહાસે ભરી બારમાસી ?
મેં તો શ્રદ્ધાવિહોણે
　　　　પ્રથમ મુહૂર્તે કીધી'તી ક્રૂર હાંસી :
આજે એ હાસ્ય મારાં
　　　　પૂજનફૂલ બની સર્વ પાછાં વળ્યાં છે;
આજે ગર્વી જનોનાં
　　　　મદછક વચનો અશ્રુધારે ગળ્યાં છે.

શી રીતે જાગિયો આ
　　　　અજગર સરખો સુપ્ત તોતિંગ દેશ ?
કોની ફૂંકે રુઝાયા
　　　　દિલદિલ ભરિયા કલેશ-ધિક્કાર-દ્વેષ ?
કોણે આ ભસ્મપુંજે
　　　　નવીન જીવનની ચેતના-છાંટ છાંટી ?
મુર્દાંમાં પ્રાણ ફૂટ્યા :
　　　　મુલકમુલકની વિસ્મયે આંખ ફાટી !

કોનાં વીરત્વ ગાવાં ? –
　　　　ઘર ઘર થકી જે કેદખાને દટાયા ?
– કે લાઠીને પ્રહારે
　　　　અણડગ રહિયા જે ધરી પુષ્પકાયા ?
ગાઉં કોના પતિને ?
　　　　શત દુઃખ સહતી કોણ સહચારિણીને ?
કોને ગાઉં ન ગાઉં –
　　　　અગણિત મહીંથી એકને તારવીને ?

કોનાં વીરત્વ ગાવાં ?
નથી નથી નીરખ્યાં ખેતરો ભસ્મીભૂત;
દીઠાં ના ગામડાં, જ્યાં
અકથ પ્રલયલીલા રમ્યા કાળદૂત.
ભૂમિના બેટડાઓ !
શત શત સિતમો લ્હેરતી ઝીલનારા !
ત્રૂટી - ફૂટી કવિતા
ક્યમ કરી કથશે શૌર્ય મૂંગાં તમારાં ?

મા ! તેં રંગ રાખ્યો :
પ્રથમ વખત તેં મુક્તિનો સ્વાદ ચાખ્યો;
'બી ના ! બી ના !' પુકારી
નિજ શિશુજનને ભવ્ય પેગામ ભાખ્યો.
'તેં સાધ્યું કાંઈયે ના !'
– કહી કદી અધીરો આપશે ક્રૂર મેણું;
કે'જે પ્રત્યુત્તરે કે –
'અભય બની પ્રજા : લૈશ હું સર્વ લેણું.'

જાગ્યો મારો વિરાટ :
અમીભર નયનો ઊઘડ્યાં – લોક જાગ્યો !
પૃથ્વીનું ઝેર પીને
અમર બની જતો, જો ત્રિપુરાર જાગ્યો !
જો, એની જાગૃતિને
સકળ જગપ્રજા ભવ્ય સન્માન આપે;
જો, એના વૈરીઓની
વિકલ ભ્રમદશા : બીકથી ગાત્ર કાંપે !

દૂરે દૂરે તથાપિ –
વિજય ગજવવાનું હજુ દૂર ટાણું;
પૂરું ઊગ્યું ન માનું
સકલભયહરા મુક્તિનું રમ્ય વ્હાણું.

ઓ મારા રંક પ્રાણ !
મદછક ન થજે : રાત પૂરી ન વીતી !
જોજે, હો માત મારી !
વિજય તણી સુરાપ્યાલી આજે ન પીતી !

## શૌર્યવતીના વિલાપ

[ઢાળ : 'ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ' – એ લાવણીનો]

કંથનાં કોમલ દિલ ક્યમ કર્યાં !
પ્રભુ ! શીદ કાયર ભાવો ભર્યા !

મહા જ્વાલામુખી જ્યમ બુઝાય,
સિંધુજળ ઠરી ઠરી થીજી જાય;
આભથી તારક-મંડળ ખરે,
હિમગિરિ-શૃંગો ઊથલી પડે;
નિહાળી ગગનપતિની આંખ
ગરુડ સંકેલી બેસે પાંખ :
ગાઢ એહવાં હૈડાં પિયુનાં આજે ડગમગ થાય;
ગગન લગી ગજવેલાં એનાં શૌર્યગાન શોષાય.
કંથનાં કોમળ દિલ ક્યમ કર્યાં !
પ્રભુ ! શીદ કાયર ભાવો ભર્યા !

રાખતો સદા રાતૂડાં નેન,
ભર્યાં ભરપૂર કલ્પનાઘેન;
વીંઝતો જહીં વાણ-સમશેર,
ઊમટતા રણરસિયાના ઘેર;
મનાયો મહા શૌર્યચકચૂર,
મદોન્નત મેંગળ ગાંડોતૂર :
તારાં તપ ડોલાવણ પાપી કોણ હૃદયમાં જાગે !
રોમ રોમ મુજ લજ્જિત દેહે ઝળઝળ ઝાળો લાગે.
પિયુનાં પોચાં દિલ કાં કર્યાં !
પ્રભુ ! ક્યમ કાયર ભાવો ભર્યા !

લલિત લાગણીઓના લલકાર
છોડ : ખંજરી બજાવે કાળ;

ચોયદિશ યુદ્ધધખારા ઝરે;
પુષ્પ-શા માતબેટડા મરે;
મોજ શેં સૂઝે તને મસાણ ?
આગ બિચ ક્યમ ગમતી ફૂલલ્હાણ ?
રસતરસ્યા ! એ મધુરજનીને આજ ન સંભારાય;
પ્રલયદેવનાં ડહકત ડમરુ, ત્યાં મુજ મનડું ધાય.
કંથનાં કોમળ દિલ ક્યમ કર્યાં !
પ્રભુ ! શીદ કાયર ભાવો ભર્યાં !

દેખી ઘનઘટા મોરલો ધાય,
ગગન કડકડે તેમ મલકાય;
વીજના વજ્રઘાત વરસન્ત,
પંખી ત્યમ અધિક મસ્ત હર્ષન્ત;
ઢેલડી એહ રૂપ પર ઝલે,
ટહુકતી પ્રણયવારણે લળે :
હુંય એ જ ટહુકાર અંતરે ભરી જોઉં છું વાટ;
રુદ્રરૂપ વહાલમજી, તારાં તલખું વરવા માટ !
કંથનાં કોમળ દિલ કાં કર્યાં !
પ્રભુ ! શીદ કાયર ભાવો ભર્યાં !

## તરુણોનું મનોરાજ્ય

[ઢાળ : ચારણી કુંડળિયાનો]

ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ :
આજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે
વિશ્વભરના યુવાનોની આંખો અડે;
પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે,
ગરુડ-શી પાંખ આતમ વિષે ઊઘડે.

કેસરિયા વાઘા કરી જોબન જુદ્ધ ચડે;
રોકણહારું કોણ છે ? કોનાં નેન રડે ?
કોઈ પ્રિયજન તણાં નેન રડશો નહિ !
યુદ્ધ ચડતાને અપશુકન ધરશો નહિ !
કેસરી વીરના કોડ હરશો નહિ !
મત્ત યૌવન તણી ગોત કરશો નહિ !

રગરગિયાં-રડિયાં ઘણું, પડિયાં સહુને પાય;
લાતો ખાધી, લથડિયાં – એ દિન ચાલ્યા જાય;
લાત ખાવા તણા દિન હવે ચાલિયા,
દર્પભર ડગ દઈ યુવકદળ હાલિયાં;
માગવી આજ મેલી અવરની દયા,
વિશ્વસમરાંગણે તરુણદિન આવિયા.

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ :
લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ – તળિયે જવું,
ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવું :
આજ યૌવન ચહે એહ વિધ જીવવું.

# શિવાજીનું હાલરડું

[ઢાળ : 'પરભાતે સૂરજ ઊગ્યો રે સીતા રામની જોવે વાટ' – એ લોકગીતનો]

આભમાં ઊગેલ ચાંદલો, ને જીજીબાઈને આવ્યાં બાળ —
બાળુડાને માત હીંચોળે :
ધણણણ ડુંગરા બોલે !
શિવાજીને નીંદરું ના'વે :
માતા જીજીબાઈ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ-લખમણની વાત —
માતાજીને મુખ જે દીથી,
ઊડી એની ઊંઘ તે દીથી. — શિવાજીને૦

પોઢજો રે, મારાં બાળ ! પોઢી લેજો ભેટ ભરીને આજ —
કાલે કાળાં જુદ્ધ ખેલાશે :
સૂવાટાણું ક્યાંય નૈ રે'શે. — શિવાજીને૦

ધાવજો રે, મારાં પેટ ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ —
રે'શે નહિ, રણઘેલૂડા !
ખાવા મૂઠી ધાનની વેળા. — શિવાજીને૦

પે'રી-ઓઢી લેજો પાતળા રે ! પીળાં-લાલ-પીરોજી ચીર —
કાયા તારી લોહીમાં ના'શે :
ઢાંકણ તે દી ઢાલનું થાશે. — શિવાજીને૦

ઘૂઘરા, ધાવણી, પોપટ-લાકડી ફેરવી લેજો આજ —
તે દી તારે હાથ રે'વાની
રાતી બંબોળ ભવાની. — શિવાજીને૦

લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસર-આડ્ય —
તે દી તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા ! — શિવાજીને૦

આજ માતા ચોડે ચૂમિયું રે, બાળા ! ઝીલજો બેવડ ગાલ —
તે દી તારાં મોઢડાં માથે
ધૂંવાધાર તોપ મંડાશે. — શિવાજીને૦

આજ માતાજીની ગોદમાં રે, તુંને હૂંફ આવે આઠ પો'ર —
તે દી કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વા'શે. — શિવાજીને૦

આજ માતા દેતી પાથરી રે કૂણાં ફૂલડાં કેરી સેજ —
તે દી તારી વીર-પથારી
પાથરશે વીશભુજાળી. — શિવાજીને૦

આજ માતાજીને ખોળલે રે, તારાં માથડાં ઝોલે જાય —
તે દી તારે શિર ઓશીકાં
મેલાશે તીર-બંધૂકાં — શિવાજીને૦

સૂઈ લેજે, મારા કેસરી રે ! તારી હિંદવાણું જોવે વાટ —
જાગી વે'લો આવ, બાળુડા !
માને હાથ ભેટ બંધાવા. — શિવાજીને૦

જાગી વે'લો આવજે, વીરા !
ટીલું માના લોહીનું લેવા !

શિવાજીને નીંદરું ના'વે :
માતા જીજીબાઈ ઝુલાવે.

બાળુડાને માત હીંચોળે :
ધણણણ ડુંગરા બોલે.



## અંતરની આહ*

[ગાંધીજી ગોળમેજી પરિષદમાં જતા અટક્યા ત્યારે]

મને સાગરપાર બોલાવી, ઓ બ્રિટન !
આદરભર્યાં દઈ ઈજન,
બાંધવતા કેરાં બાંધીને બંધન —
આખર આજ મતિ બિગડી :
રૂડી શ્વેત ધજા રગદોળી રહી !
અયિ ! અમૃત ચોઘડિયાં ગડિયાં,
ત્યારે કેમ હળાહળ ઘોળી રહી ?

મારા કોલ પળાવવા કારણીએ,
ખાંડ્યા ખેડૂતોને મેં તો ખાંડણીએ,
એનાં ધાન લીધાં કણીએ કણીએ;
'ખપી જાઓ, વીરા મારા, નેકીને ખાતર !'
— એમ ઘૂમ્યો વીનવી વીનવી;
ત્યારે, વાહ સુજાન ! ઈમાનદારી કેરી
વાત તારે તોં નવી ને નવી !

હું 'સુલેહ ! સુલેહ ! સુલેહ !' રટ્યો,
નવ નેકીને પંથેથી લેશ હટ્યો,
દિલે તારેથી તોયે ન દંશ મટ્યો.
તું 'ડરાવ ! દબાવ ! રિબાવ !' વિના
બીજો દાવ એકેય શીખી જ નથી !
તુંને શું કહું માનવની જનની !
વશ થાય પશુ પણ વા'લપથી !

* આ તેમજ પછીનાં ત્રણ ગીતોમાં ગાંધીજીના જુદા જુદા પ્રસંગોની મનોદશા કલ્પાયેલી છે.

મારા ખેડુને માર : મને તહીં મે'ફિલ !
આંહીં ગોળીબાર : ત્યાં કૂજે કોકિલ !
આંહીં કાળાં કારાગાર : ત્યાં મંજિલ !
ખૂબ સહ્યાં અપમાન, ગળ્યાં વિષપાન;
હવે મને રોકીશ ના !
મારું સ્થાન માતા કેરી ઝૂંપડીએ :
મને મે'ફિલમાં, ઘેલી, ગોતીશ ના !

અહીં છે, અહીં છે — મુગતિ અહીં છે;
નથી ત્યાં, નથી ત્યાં, બીજે ક્યાં — અહીં છે :
પ્યારી મા-ભૂમિ ધરતી મહીં છે.
એને શોધીશ ના, દિલ ! સાગરપારની
તેજભરી તકરાર વિષે;
એનો રાખીશ ના ઇતબાર હવે
બીજી વાર કો કોલ-કરાર વિષે !

વળી જાઓ રે વા'ણ વિદેશ તણાં !
મારે હૈયે તો કોડ હતાય ઘણા
સારી સૃષ્ટિના સંત-સમાગમના;
મારે હોંશ તો ખાસ હતી મારા ખૂનના
પ્યાસી જનોના મિલાપ તણી;
મારે હામ હતી ભૂખ્યા સિંહોની બોડમાં
પેસીને પીઠ પંપાળવાની.



મહાસિંધુની ઓ લહરી લહરી !
તમ બિન્દુએ બિન્દુની જીભ કરી
રહેજો સારા વિશ્વને તીર ફરી —
જગ-બાંધવતા કેરા વૈરીજનોને ન
ગાંધીનું પ્રેમ-પ્રયાણ ગમ્યું;
દારૂગોળાના વારસદારને નગ્ન
ફકીરનું નેત્રસુધા ન ગમ્યું.

# છેલ્લો કટોરો

[ગોળમેજી પરિષદમાં જતી વેળા ગાંધીજીને]

છેલ્લો કટોરો ઝેરનો આ : પી જજો, બાપુ !
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !

અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું :
ધૂર્તો-દગલબાજો થકી પડિયું પનારું :
શત્રુ તણે ખોળે ઢળી, સુખથી સૂનારું :
આ આખરી ઓશીકડે શિર સોંપવું, બાપુ !
કાપે ભલે ગર્દન ! રિપુ-મન માપવું, બાપુ !

સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,
શી છે ગતાગમ રત્નના કામી જનોને ?
તું વિના, શંભુ ! કોણ પીશે ઝેર દોણે !
હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર ! કરાલ-કોમલ ! જાઓ રે, બાપુ !

કહેશે જગત : જોગી તણા શું જોગ ખૂટ્યા ?
દરિયા ગયા શોષાઈ ? શું ઘન-નીર ખૂટ્યાં ?
શું આભ સૂરજ-ચંદ્રમાનાં તેલ ખૂટ્યાં ?
દેખી અમારાં દુઃખ નવ અટકી જજો, બાપુ !
સહિયું ઘણું, સહીશું વધુ : નવ થડકજો, બાપુ !

ચાબુક, જપ્તી, દંડ, ડંડા મારના,
જીવતાં કબ્રસ્તાન કારાગારનાં,
થોડાઘણા છંટકાવ ગોળીબારના —
એ તો બધાંય જરી ગયાં, કોઠે પડ્યાં, બાપુ !
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં, બાપુ !

શું થયું — ત્યાંથી ઢીંગલું લાવો ન લાવો !
બોસા દઈશું — ભલે ખાલી હાથ આવો !
રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ !
દુનિયા તણે મોંયે જરી જઈ આવજો, બાપુ !
હમદર્દીના સંદેશડા દઈ આવજો, બાપુ !

જગ મારશે મે'ણાં : ન આવ્યો આત્મજ્ઞાની !
ના'વ્યો ગુમાની — પોલ પોતાની પિછાની !
જગપ્રેમી જોયો ! દાઝ દુનિયાની ન જાણી !
આજાર માનવ-જાત આકુલ થઈ રહી, બાપુ !
તારી તબીબી કાજ એ તલખી રહી, બાપુ !

જા, બાપ ! માતા આખલાને નાથવાને,
જા વિશ્વહત્યા ઉપરે જળ છાંટવાને,
જા સાત સાગર પાર સેતુ બાંધવાને —
ઘનઘોર વનની વાટને અજવાળતો, બાપુ !
વિકરાળ કેસરિયાળને પંપાળતો, બાપુ !
ચાલ્યો જજે ! તુજ ભોમિયો ભગવાન છે, બાપુ !
છેલ્લો કટોરો ઝેરનો પી આવજે, બાપુ !



## માતા, તારો બેટડો આવે !

[ગોળમેજીમાંથી પાછા આવ્યા ત્યારે; ઢાળ : 'શિવાજીને નીંદરું ના'વે']

માતા ! તારો બેટડો આવે :
આશાહીન એકલો આવે.
જો જો ! મારો બેટડો આવે :
સંદેશાઓ ખેપિયા લાવે.

જ્વાળામુખી એને કાળજે રે, એની આંખમાં અમૃતધાર –
આવો કોઈ માનવી આવે :
ભેળાં કાળ-નોતરાં લાવે. — માતા૦

સૂતો રે હોય તો જાગજે, સાયર ! ઘેર આવે પ્રાણાધાર,
હૈયે તારે બાંધ હિંડોળા :
મોભી મારો ખાય બે ઝોલા. — માતા૦

ધૂળરોળાણા એ મુખ માથે, વીરા છાંટજે શીતળ છોળ,
પ્રેમેથી પાહુલિયા ધોજે !
આછે આછે વાયરે લ્હોજે ! — માતા૦

તારા જેવાં એના આતમાનાં ગેબી હિમ, અગાધ ઊંડાણ;
ત્યાંયે આજે આગ લાગી છે :
ધુંવાધાર તોપ દાગી છે. — માતા૦

સાત સિંધુ તમે સામટા રે – એની ઓલવાશે નહિ ઝાળ,
ઠાલાં નવ ઢોળશો પાણી !
ના ના એની વેદના નાની. — માતા૦

કોટકોટાન હુતાશ જલે તારા હૈયાની માંહી, ઓ આભ !
એવી ક્રોડ આપદા ધીકે,
છાની એની છાતડી નીચે. — માતા૦

માનતાં'તા કૂડાં માનવી રે એને ફોસલાવી લેવો સે'લ !
પારધીનાં પિંજરા ખાલી :
હંસો મારો નીકળ્યો હાલી. — માતા૦

ઘોર અંધારી એ રાતમાં રે બીજાં બાળ ઘોરાણાં તમામ;
આઠે પો'ર જાગતી આંખે
બેઠો તું તો દીવડે ઝાંખે. — માતા૦

બૂડ્યા બીજા ઘેલડા રે માયામોહ કેરે પારાવાર,
બેટા ! તું તો પોયણું નાનું :
ઊભું એક અણભીંજાણું. — માતા૦

પોતાના પ્રાણપિપાસુઓનાં તેં તો ખોળલે ખેલાવ્યા બાળ;
ચૂમી ચૂમી છાતીએ ચાંપ્યા :
બંધુતાના બોલડા આપ્યા. — માતા૦

રોમે રોમે તારે દાંત ભીંસી ઝેરી કરડ્યા કાળુડા નાગ;
ડંખે ડંખે દૂધની ધારા
રેલી તારા દેહથી, પ્યારા ! — માતા૦

ચીર પાંચાળીનાં ખેંચવામાં નો'તા પાંડવોએ દીધા હાથ;
આજે અધિકાઈ મેં દેખી :
બેટાઓએ માતને પીંખી ! — માતા૦

એકલો તું આડા હાથ દેતો ઊભો દોખિયાંને દરબાર;
તારી એ અતાગ સબૂરી
શોષી લીધી વેરીએ પૂરી. — માતા૦

કૂડ પીધાં, હીણમાન પીધાં, પીધાં ઘોળી દગાવાળાં દૂધ;
કડકડતાં તેલ તે પીધાં :
ગાળી ગાળી લોહ પણ પીધાં. — માતા૦

ગોપવીને છાના ઘાવ કલેજાના રાખજે ખૂબ ખામોશ !
વાવાઝોડાં કાળના વાશે,
તે દી તારી વાટ જોવાશે. — માતા૦

કંપશે સાત પાતાળ, આભે જાતા ઝીંકશે સાયર લોઢ;
ખંડે ખંડે બોળશે લાવા :
ભૂકમ્પોના ગાજશે પાવા. — માતા૦

'ધાઓ ધાઓ, ધેનુપાળ !' તેવા તે દી ઊઠશે હાહાકાર,
શાદૂળા ને સાંઢ માતેલા
ઢૂંગે ઢૂંગે ભાગશે ભેળા. — માતા૦

ભાઈ વિદેશીડા ! વિનવું રે – એને રોકશો મા ઝાઝી વાર;
બેઠી હું તો દીવડો બાળું :
ક્યારે એના ગાલ પંપાળું ! — માતા૦

તારી કમાઈ-ગુમાઈનો મારે માગવો નો'ય હિસાબ;
બેટા ! તારી ખાકની ઝોળી
માતા કેરે મન અમોલી. — માતા૦

# છેલ્લી સલામ

[હરિજનો માટે પૂના ખાતે મંડાયેલા મહાત્મા ગાંધીજીના
પહેલા અનશનવ્રતના સપ્તાહ વખતે.]

[ઢાળ : ભૂલ્યો રે ભૂલ્યો રાજા સત રે ગોપીચંદણ]

સો સો રે સલામું મારાં ભાંડુડાંને કે'જો રે,
ઝાઝેરા જુહાર જગને દેજો હો…જી !
મળાયું ન તેને સહુને માફામાફ કે'જો, ને
રુદિયામાં રાખી અમને રે'જો હો…જી !

ટીપેટીપે શોણિત મારાં તોળી તોળી આપું તોયે,
પૂરાં જેનાં પ્રાછત કદીયે જડશે ન જી —
એવા પાપદાવાનલમાં જલે છે જનેતા મારી,
દિલડાના ડુંગર સળગ્યા – ઠરશે ન જી !
— સો સો રે સલામું૦

કીધાં ખાખ ખાંડવવનને[1] પાંડુ તણા પુત્રે તે દી
નિરદોષી નાગાં લાખો ભુંજાણાં હો…જી :
આદુનાં નિવાસી એ તો આ રે આર્ય ભોમ કેરાં,
પૂર્વજ મારાને પાપે ઓરાણાં હો…જી.
— સો સો રે સલામું૦

રઘુપતિ[2] રામ મારા રુદાનો વિસામો – એણે
ઋષિઓને વચને ખાધેલ ખોટ્યું હો…જી :
પ્રભુનામ ભજતો એણે પારાધી સંહારિયો રે
એનું ઘોર પાતક આજે ઊમટ્યું હો…જી !
— સો સો રે સલામું૦

૧. અર્જુને ખાંડવવન સળગાવીને સર્પોને નહિ પણ 'નાગ' નામની અનાર્ય માવનજાતિને ભસ્મીભૂત કરી હતી – કેવળ એ આદિનિવાસીઓનો પ્રદેશ પચાવી પાડવા સારુ જ.

૨. બ્રાહ્મણે આવીને રામચંદ્ર પાસે પોકાર કર્યો કે, શમ્બૂક નામના એક શૂદ્રે તપશ્ચર્યા માંડી છે તે કારણે મારો પુત્ર મૃત્યુ પામે છે ! તે પરથી રામચંદ્રે એ તપસ્વીનો શિરચ્છેદ કર્યો હતો.

છેદ્યાં, બાળ્યાં, ગારદ કીધાં પૃથ્વીના પેટમાં, ને
અસૂરો કહીને કાઢ્યા વનવાસ જી :
જીવતાંને કાજે જુદી નરકું બંધાવિયું, ને
સદાનાં નરાધમ રાખ્યાં દાસીદાસ જી.
— સો સો રે સલામું૦

સમર્થોની સત્તા સંતો, ધુતારાની ધૂતણબાજી,
કૂડિયા ગુરુની કૈં કૈં કરામાત જી :
એની[1] તો વણાવી ધીંગી ધરમધજાઓ, એને
ભાંડું કેરે રગતે રંગી ભલી ભાત જી.
— સો સો રે સલામું૦

એવી એવી ઝડીઓ મારાં સહોદરો ઝીલતાં, ને
ધરમધજાઓ કેરે ક્યારે સિંચાણાં હો...જી :
રુદામાં શમાવી સરવે રુદનપિયાલા, વા'લાં
હરિ કેરા રથડા હેઠળ પિલાણાં હો...જી.
— સો સો રે સલામું૦

રથના સારથિડા – સુણજો, સાધુ ને ગુંસાઈ સરવે,
કડાકા કરે છે રથની ધરીઓ હો...જી :
જુઓ જુઓ જુગનો ભેરવ ઊભો વાટ ખાળી આજે,
ભીતર તો નિહાળો : હરિ ક્યાં પળિયો હો...જી.
— સો સો રે સલામું૦

જુગનો મહારાજા આજે મહાકાળ જાગિયો, ને
ધરમ કેરા ધારણ-કાંટા માંડે હો...જી :
સતને ત્રાજવડે[2] મારાં કલેજાં ચડાવિયાં મેં,
શીશ તો નમાવ્યું શાસનદંડે હો...જી.
— સો સો રે સલામું૦

૧. આ બધા જુલમો ધર્મને નામે થઈ રહેલ છે — એ ભાવાર્થ.
૨. મહાત્માજીના શબ્દો : 'આઈ હેવ લેઈડ ડાઉન માય લાઈફ ઈન ધ સ્કેઈલ્સ ઓફ જસ્ટિસ'.

હરિ કેરાં તેડાં અમને – આવી છે વધામણી રે,
દલિતોને ઉત્સવ હાકલ પડી છે હો...જી;
હસતાં મુખડાંની અમને વિદાયું દિયો રે, વા'લાં !
રખે કોઈ રોકે નયણાં રડીને હો...જી !
— સો સો રે સલામું૦

## ઝંડાવંદન

તારે ક્યારે કૈંક દુલારે દિલનાં શોણિત પાયાં;
પુત્રવિજોગી માતાઓનાં નયનઝરણ ઠલવાયાં –
ઝંડા ! અજર અમર રે'જે :
વધ વધ આકાશે જાજે.

તારે મસ્તક નવ મંડાઈ ગરુડ તણી મગરૂરી;
તારે ભાલ નથી આલેખ્યાં સમશિર-ખંજર-છૂરી –
ઝંડા ! દીન કબૂતર-શો
ઉરે તુજ રેંટીડો રમતો.

જગ આખા પર આણ ગજવતી ત્રિશૂલવતી જળરાણી;
મહારાજ્યોના મદ પ્રબોધતી નથી તુજ ગર્વ નિશાની –
ઝંડા ! ગભરુ સંતોષી
વસે તુજ હૈયામાં ડોશી.

નહિ કિનખાબ-મુખમ્મલ-મશરૂ કેરી તારી પતાકા;
નહિ જરિયાની હીરભરતના ભભકા તુજ પર ટાંક્યા –
ઝંડા ! ભૂખરવો તોયે,
દિલો કોટિ તુજ પર મોહે !

પરભક્ષી ભૂતળ-નૌદળના નથી તુજ ધ્વજફફડાટા;
વનરમતાં નિર્બલ મૃગલાં પર નથી નથી શેરહુંકાટા –
ઝંડા ! ઊડજે લહેરાતો :
વ્હાલના વીંજણલા વાતો.

સપ્ત સિંધુની અંજલિ વહેતો સમીરણ તુજને ભેટે;
ખંડખંડની આશિષછોળો ઉદધિતરંગો છાંટે –
ઝંડા ! થાકેલા જગનો
દીસે છે તું આશાદીવડો.

નીલ ગગનથી હાથ ઝુલાવી વિશ્વનિમંત્રણ દેતો :
પીડિત જનની બાંધવતાના શુભ સંદેશા કહેતો –
ઝંડા ! કરજે જગતેડાં :
પ્રજા સઘળીના અહીં મેળા.

નીલ ગગનની નીલપ પીતી ઉન્નત તુજ આંખલડી;
અરુણ તણે કેસરિયે અંજન બીજી મીટ મદીલી –
ઝંડા ! શશી-દેવે સીંચી,
ત્રિલોચન ! ધવલ આંખ ત્રીજી.

એ ત્રણ આંખ ભરી તેં દીઠાં તુજ ગૌરવ-રખવાળાં;
શ્રીફળના ગોટા સમ ફૂટ્યાં ફટફટ શીષ સુંવાળાં –
ઝંડા ! સાહિદ રહેજે, હો !
અમારા મૂંગા ભોગ તણો.

કુમળાં બાળ, કિશોર, બુઝર્ગો – સહુ તુજ કાજે ધાયાં,
નર-નારી નિર્ધન-ધનવંતો – એ સબ ભેદ ભુલાયા;
ઝંડા ! સાહિદ રહેજે, હો !
રુધિરનાં બિન્દુ બિન્દુ તણો.

કો' માતાના ખાલી ખોળે આજ બન્યો તું બેટો;
કપાળનાં કંકુડાં હારી તેને પણ બળ દેતો –
ઝંડા ! સાહિદ રહેજે, હો !
હજારો છાનાં સ્વાર્પણનો.

તુજને ગોદ લઈ સૂનારાં મેં દીઠાં ટાબરિયાં;
તારાં ગીત તણી મસ્તીમાં ભૂખ-તરસ વીસરિયાં –
ઝંડા ! કામણ શાં કરિયાં !
ફિદા થઈ તુજ પાછળ ફરિયાં.

આજ સુધી અમ અવળી ભક્તિ : જૂઠા ધ્વજ પર ધાયાં;
રક્તપિપાસુ રાજકુલોના નેજા કાજ કપાયાં –
ઝંડા ! નિમકહલાલીનું
હતું એ કૂડ-બિરદ જૂનું.

પંથ પંથ ને દેવ દેવની પૂજી ધજા નિરાળી;
એ પૂજન પર શીષ કપાવ્યાં : હાય ! કથા એ કાળી –
ઝંડા ! વીત્યા યુગ એવા,
સકલ વંદનનો તું દેવા.

તું સાચું અમ કલ્પતરુવર : મુક્તિફળ તુજ ડાળે;
તારી શીત સુગંધ નથી કો' માનસ-સરની પાળે –
ઝંડા ! જુગ જુગ પાંગરજે;
સુગંધી ભૂતલ પર ભરજે !

રાષ્ટ્ર-દેવના ઘુમ્મટ ઉપર ગહેરે નાદ ફરુકે;
સબ ધર્મોના એ રક્ષકને સંતનૃપાલો ઝૂકે –
ઝંડા ! આજ ન જે નમશે,
કાલ તુજ ધૂલિ શિર ધરશે !

આઠે પહોર હુંકારા કરતો જાગ્રત રહે, ઉમંગી !
સાવધ રહેજે, પહેરો દેજે, અમે ન રહીએ ઊંઘી —
ઝંડા ! સ્વરાજ્યના સંત્રી !
રહો તુજ ઝાલર રણઝણતી !

## ઝંખના

[ઢાળ : મારા કેસરભીના કંથ હો]

મારી માઝમ રાતનાં સોણલાં ચમકી ચમકી ચાલ્યાં જાય :
મારી આતમ-જ્યોતના દીવડા ઝબૂકી ઝબૂકી ઝંખવાય.

જંપે જરી રોતાં લોચનિયાં ત્યાં
ઝબકીને જાગી જવાય;
આઘે આઘે આછા યુગનર કેરા
પડછાયા પથરાય રે :
મહાવીર દૂરે દરશાય. — મારી૦

આભ લગી એનાં મસ્તક ઊંચાં ને
પગ અડતા પાતાળ;
જુગજુગના જેણે કાળ વલોવ્યા ને
ડોલાવી ડુંગરમાળ રે :
ફોડી જીવનરૂંધણ પાળ. — મારી૦

ઠપકા દેતી હસતી મૂરતી એ
ઝળહળતી ચાલી જાય;
સ્વપ્ન સરે, મારે કાન પડે
મારા દેશની ઊંડેરી હાય રે :
એનાં બંધન ક્યારે કપાય ! — મારી૦

ઘન ઘન અંધારાં વીંધણહારો
જાગે ન કો' ભડવીર;
ડરતાં ડરતાં ડગલાં ભરતાં આ તો
વામન સરખાં શરીર રે
અણભીંજલ ઊભાં છે તીર. — મારી૦

જરીક જરીક ડગ માંડતાં મારી
જનનીને ના વળે જંપ;
આવો, વિપ્લવ ! આવો જ્વાલામુખી !
આવો, રૂડા ભૂમિકમ્પ રે :
ભેદો જીર્ણતા-દારુણ થંભ. — મારી૦

## ઓતરાદા વાયરા, ઊઠો !

ઓતરાદા વાયરા, ઊઠો ઊઠો હો તમે –
ઓતરાદા વાયરા, ઊઠો !
કૈલાસી કંદરાની રૂપેરી સોડ થકી
ઓતરાદા વાયરા, ઊઠો !

ધૂણન્તાં શિવ-જોગમાયાને ડાકલે
હાકલ દેતા, હો વીર, ઊઠો !
ભીડ્યા દરવાજાની ભોગળ ભાંગીને તમે
પૂરપાટ ઘોડલે છૂટો ! –
ઓતરાદા વાયરા, ઊઠો !

ધરતીના દેહ પરે ચડિયા છે પુંજ પુંજ
સડિયેલાં ચીર, ધૂળ, કૂંથો;
જોબનનાં નીર મહીં જામ્યાં શેવાળ-ફૂગ :
ઝંઝાના વીર, તમે ઊઠો !
ઓતરાદા વાયરા, ઊઠો !

કોહેલાં પાંદ-ફૂલ ફેંકી નાખો રે, ભાઈ !
કરમાતી કળીઓને ચૂંટો;
થોડી ઘડી વાર ભલે બુઝાતા દીવડા :
ચોર-ધાડપાડ ભલે લૂંટો ! –
ઓતરાદા વાયરા, ઊઠો !

છો ને છુંદાય મારી કૂણેરી કૂંપળો :
સૂસવતી શીત લઈ છૂટો;
મૂર્છિત વનરાજિનાં ઢંઢોળો માથડાં,
ચીરો ચમકાટ એનો જૂઠો ! –
ઓતરાદા વાયરા, ઊઠો !

ઊઠો, કદરૂપ ! પ્રેતસૃષ્ટિના રાજવી !
ફરી એક વાર ભાંગ ઘૂંટો :
ભૂરિયાં લટૂરિયાંની આંધીઓ ઉરાડતા
હુહુકાર-સ્વરે કાળ, ઊઠો ! —
ઓતરાદા વાયરા, ઊઠો !

કવિઓના લાડકડા મલયાનિલ મંદ મંદ !
રહેજે ચંદનની ગોદ સૂતો;
નથી નથી પર્વ પુષ્પધન્વાનું આજ : ઘોર
વિપ્લવના ઢોલડા ધડૂકો ! —
ઓતરાદા વાયરા, ઊઠો !

# પીડિતદર્શન

## ઘણ રે બોલે ને –

[ઢાળ : ભજનનો]

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો...જી :
બંધુડો બોલે ને બેનડ સાંભળે હો...જી.

એ જી સાંભળે વેદનાની વાત –
વેણે રે વેણે હો સત-ફૂલડાં ઝરે હો...જી.
બહુ દિન ઘડી રે તવલાર,
ઘડી કાંઈ તોપું ને મનવાર;
પાંચ-સાત શૂરાના જયકાર
કાજ ખૂબ ખેલાણા સંહાર :
હો એરણ બેની ! — ઘણ રે બોલે ને૦

પોકારે પૃથ્વીનાં કણ કણ કારમાં હો...જી.
પોકારે પાણીડાં પારાવારનાં હો...જી.
જળ-થળ પોકારે થરથરી :
કબરુંની જગ્યા રહી નવ જરી;
ભીંસોભીંસ ખાંભીઉં ખૂબ ભરી,
હાય, તોય તોપું રહી નવ ચરી :
હો એરણ બેની ! — ઘણ રે બોલે ને૦

ભઠ્ઠિયું જલે રે બળતા પો'રની હો...જી.
ધમણ્યું ધમે રે ધખતા પો'રની હો...જી.
ખન ખન અંગારે ઓરાણા,
કસબી ને કારીગર ભરખાણા;
ક્રોડ નર જીવંતા બફાણા –
તોય પૂરા રોટા નવ શેકાણા :
હો એરણ બેની ! — ઘણ રે બોલે ને૦

હથોડા પડે રે આજ જેના હાથના હો...જી.
તનડાં તૂટે રે આજ જેની કાયનાં હો...જી.
સોઈ નર હાંફીને આજ ઊભો,
ઘટડામાં ઘડે એક મનસૂબો :
બાળ મારાં માગે અન્ન કેરી દેગ;
દેવે કોણ – દાતરડું કે તેગ ?
હો એરણ બેની ! — ઘણ રે બોલે ને૦

આજુથી નવેલાં ઘડતર માંડવાં હો..જી :
ખડગખાંડાંને કણ કણ ખાંડવાં હો...જી.
ખાંડી ખાંડી ઘડો હળ કેરાં સાજ !
ઝીણી રૂડી દાતરડીના રાજ,
આજ ખંડખંડમાં મંડાય,
એણી પેરે આપણ તેડાં થાય :
હો એરણ બેની ! — ઘણ રે બોલે ને૦

ઘડો હો બાળક કેરાં ઘોડિયાં હો...જી.
ઘડો હો વિયાતલ નારના ઢોલિયા હો...જી.
ભાઈ મારા ! ગાળીને તોપગોળા,
ઘડો સુઈ-મોચીના સંચ બો'ળા;
ઘડો રાંક રેંટુડાની આરો,
ઘડો દેવ-તંબૂરાના તારો :
હો એરણ બેની ! — ઘણ રે બોલે ને૦

ભાંગો, હો ભાંગો, હો રથ રણજોધના હો...જી :
પાવળડાં ઘડો, હો છોરુડાંનાં દૂધનાં હો...જી.
ભાઈ મારા લુવારી ! ભડ રે'જે,
આજ છેલ્લી વેળાના ઘાવ દેજે;
ઘાયે ઘાયે સંભાર્યે ઘટડામાં,
ક્રોડ ક્રોડ શોષિતો દુનિયાનાં :
હો એરણ બેની ! — ઘણ રે બોલે ને૦

## દીઠી સાંતાલની નારી

દીઠી સાંતાલની નારી – રે આજ દીઠી સાંતાલની નારી;
શીમુળના ઝાડ હેઠ જાતી ને આવતી દીઠી સાંતાલની નારી.

માથે માંડેલ છે માટીની સૂંડલી :
ઘાટીલા હાથમાં થોડી થોડી બંગડી :
પાતળિયા દેહ પરે વીંટેલી ચૂંદડી :
કાયાની કાંબડી કાળી :
કેશુડા રંગના ભડકા લ્હેરાવતી લાલ લાલ કોરની સાડી;
શીમુળના ઝાડ હેઠ સબકારે ચાલતી દીઠી સાંતાલની નારી.

આષાઢી મેઘ અને થોડી-શી વીજળી
લઈને બેઠેલ હશે બ્રહ્મા :
ભુલકણા દેવ, તમે પંખીડું વીસરી
ઘડી કેમ માનવની કન્યા !
પાંખોની જોડ એના હૈયામાં સંઘરી સરજી સાંતાલની નારી;
ઊડું ઊડું હીંડતી હલકે વિદ્યાધરી : દીઠી સાંતાલની નારી.

દખણાદા વાયરાની કો'ક કો'ક લેરખી
વહી જાતી શીતને ધખાવે;
સૂકેલાં પાંદ અને ધૂળ તણી આંધીઓ
મરુતોની મોજને ચગાવે :
શાળાનો ઘંટ થાય, દૂર દૂર વહી જાય પાવા બજાવતી ગાડી;
એવા પરભાતને પો'રે મેં એક દી દીઠી સાંતાલની નારી.

પેલું બંધાય મારું માટીનું ખોરડું :
શીતળ, નાજુક ને સુંવાળું;
મે'લને ઝરૂખે હું બેસીને કોડભર્યો
મજૂરોની મેદિની નિહાળું :

કડિયાની હાક પડે – હડીઓ ત્યાં કાઢતી દીઠી સાંતાલની નારી;
ધગધગતી માટીની સૂંડલીઓ સારતી દીઠી સાંતાલની નારી.

પો'ર ને બપોર એની બળબળતી દેહના
કરતી'તી રોજ રોજ છૂંદા;
કવિની કુટિર તણાં ભીંતડાંને કારણે
ખેંચે એ ધૂળ તણા લૂંદા :

લાજી લાજીને મારાં લોચન બિડાય છે : દીઠી સાંતાલની નારી;
ધિક્કારે આત્માના દીપક ઝંખાય છે : દીઠી સાંતાલની નારી.

પ્રિયજનની સેવાને કારણિયે સરજેલી
નારીની પુણ્યવતી કાયા;
એ રે કાયાનાં આજ દુનિયાના ચોકમાં
સોંઘેરાં હાટડાં મંડાયાં :

ચાર-આઠ ત્રાંબિયાની રોજી આપીને મેં લૂંટી સાંતાલની નારી;
દીઠી સાંતાલની નારી – રે આજ દીઠી સાંતાલની નારી.



# ખેડુ સ્ત્રીનું સંધ્યાગીત

કે સમી સાંજના તારલિયા !
સો સો બહેનીના વીર —
        સાંજલ તારા ! ગુણિયલ તારા !

કે તુજ ઊગ્યે પંખીડલાં
લપછપતાં તરુવર-ડાળ —
        સાંજલ તારા ! ઝગમગ તારા !

કે તુજ ઊગ્યે ધણગાવડી
વળી જાતી વાછરુ પાસ —
        સાંજલ તારા ! ટમ ટમ તારા !

કે તુજ ઊગ્યે ફૂલડાં તજી
મધપૂડે પોઢે માખ —
        સાંજલ તારા ! રૂમઝૂમ તારા !

કે તુજ ઊગ્યે ઘર આવતા
મજૂરોના લથબથ ઘેર —
        સાંજલ તારા ! નિર્મળ તારા !

કે તુજ ઊગ્યે પનિયારી
પિયુ-શું માંડે મદભર મીટ —
        સાંજલ તારા ! ઝલમલ તારા !

કે તુજ ઊગ્યે વનિતા ઢળે
વાલમના ખોળામાંય —
        સાંજલ તારા ! શ્રમહર તારા !

કે તુજ ઊગ્યે વિખૂટાં સહુને
ફરી મળ્યાની આશ —
        સાંજલ તારા ! રાજલ તારા !

કે હું એક જ હતભાગણી !
મારો દીઠો તેં દોષ —
સાંજલ તારા ! બાંધવ તારા !

કે આઘાં ખેતર ખેડતો
મારો ખેડુ ક્યાં રોકાય ? —
સાંજલ તારા ! સોનલ તારા !

કે હળજૂત્યા મુજ વાછડા :
ક્યમ હજી ન ભાળું ખેપ ? —
સાંજલ તારા ! દેવલ તારા !

કે બાળપણેથી જોતર્યા :
મને ડૂકી ગયાની બીક —
સાંજલ તારા ! હીરલ તારા !

*

કે દૂબળડા એ હાથની
નવ દેખું રમતી રાશ —
સાંજલ તારા ! તેજલ તારા !

કે થાકીપાકી જીભના
નવ ડચકારા સંભળાય —
સાંજલ તારા ! સુખિયા તારા !

કે ભૂખ્યા પગની ડાંફ ભરતો
નવ ભાળું ભરથાર —
સાંજલ તારા ! બાંધવ તારા !

કે વરસ બધું રળવું છતાં
નવ અધઘડીના વિશ્રામ —
સાંજલ તારા ! ટમટમ તારા !

*

કે વ્રતઉત્સવ જગ ઊજવે,
મારે ગળે ન આવે ગીત —
    સાંજલ તારા ! ગુણિયલ તારા !

કે ચંદન-છાંટી રાતડી :
મારા હૈયામાં ન હુલાસ —
    સાંજલ તારા ! રૂમઝૂમ તારા !

કે આવડી વસમી શેં હશે
આ કાઠીડાની ખેડ્ય —
    સાંજલ તારા ! ઝળહળ તારા !

કે દુશમન પણ નવ ખેડજો
આ દરબારીડો દેશ —
    સાંજલ તારા ! દેવલ તારા !

# કોદાળીવાળો

વળેલો, કેડ્ય ભાંગેલો, સૈકાના દુઃખભારથી;
ઊભો છે ટેકવી કાયા, કોદાળી કરમાં લઈ.

ઊંડા ડોળા ધગ ધગ થતી ભોંયમાં શું જુએ છે !
મોઢે એને શત યુગ તણી શૂન્યતા ઘૂઘવે છે.
ગાલે ચીરા : નયન ફરતી દાઝ કાળી પડેલી;
સૈકાઓના સિતમઢગલે કેડ્ય વાંકી વળેલી.

વ્યર્થ એને હસાવો ના ! હસી એ શકશે નહિ;
નથી એને રહ્યાં આંસુ; રડી એ શકશે નહિ.

કોણે એને હૃદય કચર્યાં હાસ્ય ને અશ્રુ બેઉ ?
કોણે એને જડ બળદનો મૂઢ બંધુ બનાવ્યો ?
કોણ એનું કઠણ જડબું હચમચી ખેડવેલું !
બુદ્ધિ કેરો વિમલ દીવડો, હાય, કોણે બુઝાવ્યો !

સાતે સિંધુ તણી પાળે સામ્રાજ્યો ચણનાર ઓ !
પ્રભુએ શું ઘડી દીધા આ સૌ માનવ-પથ્થરો !

'બાંધી એની શબ-નિસરણી શોધજો આભ-તારા !
'સીંચી એની રુધિર-ઝરણી રોપજો ગર્વ-ક્યારા !
'એની પીઠે ખડકી ખડકી તોપ-સૈન્યો-જહાજો !
'જીતો પૃથ્વી ! કતલ ચલવો !' બોલ એ શું પ્રભુનો ?

આકાશોની અટારીથી દોજખી તળિયા લગી;
નિહાળો : કો નથી સૃષ્ટિ વધુ ભીષણ આ થકી.

ભૂખ્યા એના જઠર મહીં દેવતા-માત્ર બિન્દુ :
ત્યાંથી થોડે દિન પ્રગટશે વિશ્વવ્યાપી હુતાશ;
એ આંખોનાં અતલ ગરતે છૂપિયા સપ્ત સિંધુ,
જેની છોળે ગગનરમતા મ્હેલ હોશે વિનાશ.

નથી બંકી છટા એ તો – ભાંગેલી એ કેડ્ય છે !
સદીઓના સિતમ-ભારે હાંફતો હાડ-પુંજ છે.
કાળે એની કરુણ કથની કોતરી એ વળાંકે;
ડોકાયે છે કંઈ દુઃખયુગો કંદરામાં.
એ કદ્રૂપી શિકલ નિજ ઓળા મહીં ચિત્ર આંકે –
'હૂ હૂ ! હૂ હૂ !' શબદ કરતી જાગતી દીન-જાતિ.



## કેદીનું કલ્પાંત

ઊંચી ઊંચી ડાળના લીંબડા, હો ભાઈ !
ઊંચી ઊંચી ડાળના, હો લીંબડા !
મારે તું વિના ન કોઈની સગાઈ રે. —
જેલનાં જીવન એવાં.

લાખ લાખ પાંદ તારી આંખડી, હો ભાઈ !
લાખ લાખ પાંદ તારી આંખડી;
મારા ગામ તણી સીમડી કળાય રે ? — જેલનાં૦

મહીસાગર તીર મારાં ખોરડાં, હો ભાઈ !
મહીસાગર તીર મારાં ખોરડાં;
એની ઓસરીએ ચાંદની ચળાય રે. — જેલનાં૦

ઘરની ધણિયાણી મારી ફાતમા, હો ભાઈ !
ઘરની ધણિયાણી બીબી ફાતમા;
જોજે, ખેતર ગૈ છે કે કૂબામાંય રે. — જેલનાં૦

કાસદ કરી મેલ્ય એક કાગડો, હો ભાઈ !
કાસદ દઈ મેલ્ય કાળો કાગડો;
મને એક વાર હળીમળી જાય રે. — જેલનાં૦

ત્રણ ત્રણ મહિનાની મુલાકાત છે હો ભાઈ !
ત્રણ ત્રણ મહિનાની મુલાકાત છે;
ઝીણી જાળીઓ આડેથી વાતો થાય રે. — જેલનાં૦

કે'જે સિવડાવે નવાં પગરખાં, હો ભાઈ !
કે'જે સિવડાવે નવાં પગરખાં;
એના તળિયામાં રૂપિયા રખાય રે. — જેલનાં૦

રૂપિયો દેવો પડે સિપાઈને, હો ભાઈ !
રૂપિયો દેવો પડે સિપાઈને;
નથી દેતા તો ચામડાં ચિરાય રે. — જેલનાં૦

પંદર 'મીલેટ'ના મેળાપ છે, હો ભાઈ !
પંદર 'મીલેટ'ના મેળાપ છે;
ભૂંડી ! જાળવજે, રોઈ ના જવાય રે. — જેલનાં૦

રોશું તો પડશે મને ધોકલા, હો ભાઈ !
રોશું તો પડશે ધિંગા ધોકલા;
તારી નજરું સામે એ નૈ સહાય રે. — જેલનાં૦

મરિયમ નાની છે મારી દીકરી, હો ભાઈ !
મરિયમ નામે છે ડાહી દીકરી;
એને કે'જે જાળીને ન અડકાય રે. — જેલનાં૦

મરિયમની કૂણી કૂણી આંગળી હો ભાઈ !
મરિયમની કૂણી કૂણી આંગળી;
એને ટેરવે અડું તો સજા થાય રે. — જેલનાં૦

મરિયમને દૂરથી બકા કરું, હો ભાઈ !
મરિયમને દૂરથી બકા કરું;
તો તો જેલર ખારો થઈ ખિજાય રે. — જેલનાં૦

પૂછીશ ના સુખદુઃખની વાતડી, હો ભાઈ !
પૂછીશ મા ભીતરની વાતડી;
મારાં માફી તણાં દનૈયાં કપાય રે. — જેલનાં૦

બરધીઆને કાંધ હવે કેમ છે, હો ભાઈ !
(મારા) બરધીઆને કાંધ હવે કેમ છે ?
રે'તા ભૂખ્યા કે રાતના ધરાય રે. — જેલનાં૦

અરધાં ભૂખ્યાં તને ભલે રહો, હો ભાઈ !
અરધાં ભૂખ્યાં તમે ભલે રહો;
મારા બરધીઆની સાર લ્યો સવાઈ રે. — જેલનાં૦

વેચો વળીઓ ને વેચો વાંસડાં, હો ભાઈ !
વેચો વળીઓ ને વેચો વાંસડા;
મારા બરધીઆને વરસ બે જિવાડ રે. — જેલનાં૦

ફટકા-ફાંસીનું શીખું કામ જો હું ભાઈ !
ફટકા-ફાંસીનું બૂરું કામ જો;
વધે માફી, વળી રૂપૈયા રળાય રે. — જેલનાં૦

(પણ) બદનામી થાય આખી જેલમાં, હો ભાઈ !
બદનામી થાય આખી જેલમાં;
પીર દાવલશા સોણલે ભળાય રે. — જેલનાં૦

ઘોળી માફી ને ઘોળ્યા રૂપિયા, હો ભાઈ !
ઘોળી માફી ને ઘોળ્યા રૂપિયા;
વરસ બે તો વહી જાશે પલકમાંય રે. — જેલનાં૦

## કાળ-સૈન્ય આવ્યાં

અમે ખેતરેથી, વાડીઓથી,
જંગલ ને ઝાડીઓથી
સાગરથી, ગિરિવરથી,
સુણી સાદ આવ્યાં.

અમે કંટકનો પુનિત તાજ
પહેરી શિર પરે આજ,
પીડિતદલિતોનું રાજ
રચવાને આવ્યાં.

અમે નૂતન શક્તિને ભાન
નૂતન શ્રદ્ધાનું ગાન
ગાતાં ખુલ્લી જબાન
નવલા સૂર લાવ્યાં.

દેખ દેખ, ઓ રે અંધ !
કાળ-સૈન્ય આવ્યાં.

## ફાગણ આયો

ફાગણ આયો, ફાગણ આયો, ફાગણ આયો રે !
ઋતુઓ કેરો રાજન આયો — ફાગણ આયો રે !

ફૂલડે છાયો : રંગ સુહાયો :
'મલયાનિલની ફોરમ વાયો' :
જૂઠેજૂઠો કવિજન ગાયો
ફાગણ આયો રે —
સળગતો ફાગણ આયો રે !

વસંત ક્યાં છે ? કોનાં પૂજન ?
ક્યાં દીઠાં ભમરાનાં ગુંજન ?
રસઘેલાનાં કૌમુદી-કૂજન
કોઈ ન લાયો રે —
ધધખતો ફાગણ આયો રે !

ક્યાં ફૂલવાડી ? કોયલડી ક્યાં ?
કૂવે-નવાણે પાણી ડૂક્યાં,
માએ રડતાં બાળક મૂક્યાં :
સ્નેહ સુકાયો રે —
મહાનલ ફાગણ આયો રે !

પ્રભુ-મંદિરિયે પુષ્પ-હિંડોળા :
દ્વાર ખડાં ક્ષુધિતોનાં ટોળાં :
'હૂ હૂ' સૂર કરે વંટોળા :
નટવર ના'યો રે —
ભયંકર ફાગણ આયો રે !

થેઈ થેઈકાર દઈ કર-તાલી
નવ નાચે ગોપી મતવાલી;
આ તો કાલી કોપ-કરાલી :
તાંડવ ગાયો રે —
પ્રલયકર ફાગણ આયો રે !

સંતોષી પુરજનને આંગણ
નવ ચેતાયા હોમ-હુતાશન;
આ તો કાલ-ચિતાના દર્શન :
ધૂમ્ર છવાયો રે —
ધૂંધળો ફાગણ આયો રે !

## વૈશાખી દાવાનલ આવો !

વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર !
ચોગમ હુતાશન ચેતાવો, દિલદાર !

રંકોનાં બાળ હજુ થોડીથોડી છાયા
ગોતીગોતીને રહ્યાં રક્ષી નિજ કાયા :
ધરતી નાની ને જનો જાય ઊભરાયાં.
સાત નવા સૂરજ બોલાવો, દિલદાર !
પાંદ પાંદ ઝાડનાં જલાવો, દિલદાર !
સહરા – બસ, સહરા પથરાવો, દિલદાર !
વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર !

ક્રોડો કંગાલ હજુ કેમ કરી જીવે !
અરધી રોટી – ને ઉપર પાણી ઘૂંટ પીવે !
શીતળ રાતોમાં સુખે ભોંય પડી સૂવે !
રાત્રિની ઠંડક સળગાવો, દિલદાર !
લાવાની નદીઓ રેલાવો, દિલદાર !
ભૂકમ્પે ડુંગર ડોલાવો, દિલદાર !
વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર !

હજુયે બેકાર નાર શિરે સાળુ નાખે !
ધાવંતા બેટડાને પાલવડે ઢાંકે !
થીગડથાગડ કરીને દેહ-લાજ રાખે !
ક્યાંથી આ ફાજલ ટુકડાઓ, દિલદાર !
ફાજલ સબ સાયબી જલાવો, દિલદાર !
વંટોળા-આંધી ફરકાવો, દિલદાર !
વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર !

જનની નિજ બાળને ન હજુ ખાઈ જાતી !
હજુયે ટપકે સફેદ નીર એની છાતી !
હજુ એની રક્તધાર રાતી ને રાતી !
છેલ્લાં એ અમૃત શોષાવો, દિલદાર !
દિલ દિલ વિષ-વેલડીઓ વાવો, દિલદાર !
કુદરતના ક્રમ સબ પલટાવો, દિલદાર !
વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર !

ખુલ્લે પગ માનવી મદાંધ બની ચાલે;
ધખતે મધ્યાહ્ન મોજ વગડાની મ્હાલે :
ચરણોનાં હાડચામ હજુ કેમ હાલે !
લાવો રે અદકાં દુઃખ લાવો, દિલદાર !
રંકોની ધીરજ સબ ખાઓ, દિલદાર !
પામરતા પ્રભુની દિખલાવો, દિલદાર !
વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર !

નિર્જલ દુષ્કાળ, મહારોગ, મહામારી;
નરનારી બાળકોની જૂજવી બીમારી
જગવો ! ઘર ઘર કરો કૃતાંતની પથારી.
નિર્બલને જીવવા ન દાવો, દિલદાર !
રિદ્ધિવંતોનાં ગીત ગાઓ, દિલદાર !
જગને જનભીડથી બચાવો, દિલદાર !
થોડાં બડભાગીને વસાવો, દિલદાર !

વૈશાખી દાવાનલ ! આવો, દિલદાર !
ચોગમ હુતાશન ચેતાવો, દિલદાર !

## કાલ જાગે !

જાગો જગના ક્ષુધાર્ત ! જાગો, દુર્બલ-અશક્ત !
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે;
ભેદો સહુ રૂઢિબંધ, આંખો ખોલો, રે અંધ !
નૌતમ દુનિયાનો સ્વર્ણ-સૂર્યોદય લાગે.
પૃથ્વીના જીર્ણ પાય આંસુડે સાફ થાય,
રક્તે ધોવાય; જાલિમોનાં દળ ભાંગે;
જાગો, જુગના ગુલામ ! દેખાયે દિવ્ય ધામ :
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે –
દેવા દુષ્ટોને દંડ ઘોર કાલ જાગે.

નવ જોઈએ ધર્મપાલ, સ્વર્ગાસનધર કૃપાલ,
પશુના ગોવાલ સમ નિયંતા નવ જોઈએ;
માનવસંતાન સર્વ, મોડી ગર્વીના ગર્વ,
મુક્તિને પર્વ મેળ મનના મેળવીએ.
લૂંટણહારાની લૂંટ, લેશું આવાર ઝૂંટ,
ફૂટ ફૂટ બેડી લોક-પ્રાણ કેદ ત્યાગે;
જાગો, રે જનસમાજ, અરિને કરવા અવાજ,
ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે –
દેવા પાપીને દંડ ઘોર કાલ જાગે.

સત્તા-નિયમોની જાલ, ધારા કેરી ચુંગાલ,
ભોળાં કંગાલ કાજ ફાંસલા પસારે;
ધનિકો મ્હાલંત મુક્ત, ગરીબોનાં લાલ રક્ત
સત્તાના ભક્ત આજ શોષે કરભારે.
બહુ દિન દાસત્વ સહ્યાં, જીવન નીર્વીર્ય થયાં,
બંધુત્વે વહ્યા પ્રાણ નવરચના માગે;
જાગો, જાગો, ગુલામ ! આવી પહોંચ્યાં મુકામ :

ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે –
દેવા ઘાતીને દંડ ઘોર કાલ જાગે.

પૃથ્વી પર રાજ કોનાં ? સાચાં શ્રમજીવીઓનાં,
ખેડુનાં, ખાણિયાનાં, ઉદ્યમવંતોનાં;
રંકોનું રક્તપાન પી પીને પે'લવાન
બનતા ધનવાન-જ્ઞાનવાન તેનું સ્થલ ના :
ગર્વોન્નત ગરુડ-બાજ, ભક્ષક ઓ પંખીરાજ !
તમ વ્હોણો સૂર્યકાલ તપવું નહિ ત્યાગે;
જાગો શ્રમજીવી લોક, ત્યાગો તંદ્રા ને શોક :
પૃથ્વીના પાટ પર કરાલ કાલ જાગે.

## કવિ, તને કેમ ગમે ?

ધરતીને પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે :
અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે –
ત્યારે હાય રે હાય, કવિ ! તને પૃથ્વી ને પાણી તણાં શેણે ગીત ગમે !

લથડી લથડી ડગલાં ભરતી,
લાખો નાર ગલી ગલીએ ફરતી
સારી રાત ભૂખે મજૂરી કરતી :
'મારાં બાળ પરોઢિયે જાગીને માગશે ભાત' વિચારી એ દેહ દમે –
ત્યારે હાય રે હાય, કવિ ! તને સંધ્યા ને તારકનાં શેણે ગીત ગમે !

મન ! છોડ નિહાળવા તારલિયા,
કાળાં કેદખાનાં કેરા જો સળિયા –
એનાં ક્રંદન શું નથી સાંભળિયાં ?
એની ભીતર મૌન એકાકી રિબાઈ રિબાઈ હજારોના પ્રાણ શમે –
ત્યારે હાય રે હાય, કવિ ! તુંને સાગરતીર કેરાં શેણે ગીત ગમે !

મહારોગ ને મૃત્યુના સાગરમાં
લાખો ચીસ-નિઃશ્વાસભર્યા જગમાં,
સિતમે સળગંત ધરા-તલમાં :
રસ-સુંદરતા કેરી શાયરી છે બધી જાળ સુનેરી ભૂખ્યાં જનને –
ત્યારે હાય રે હાય, કવિ ! તુંને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે !

દિનરાત જેઓની નસેનસમાં
પડે ઘોષ ભયંકર યંત્ર તણા,
પીએ ઝેરી હવા જે દમેદમમાં,
એને શાયર શું ! કવિતા શું ! ફૂલો અને તારલિયામાં એ કેમ રમે !
ત્યારે હાય રે હાય, કવિ ! તુંને કૃષ્ણ કનૈયાની બંસરી કેમ ગમે !

સારા વિશ્વની જે દી ક્ષુધા શમશે,
ભૂખ્યાં બાળુડાં પેટ ભરી જમશે,
પૂરી રોટી પ્રતિજનને જડશે :
કવિ ! તે દિન નીલ આકાશ તારા કેરી સુંદરતા સહુ સાર્થ બને,
તારાં કૂંજન આજ જલાવી દે, પ્રાણ ! રે દંભ ગાવા તને કેમ ગમે !

## હાલરડું

[ખેડૂતની સ્ત્રી ખાંસીના રોગમાં પીડાતા બાળને હીંચોળતી ગાય છે :]

ખાંસી ખા મા રે !
ખાંસી ખા મા !
ઊંચે સાદે ઉધરસ ખા મા રે !
ખાંસી ખા મા !

શેઠિયો સાંભળશે તો ભાડા સારુ બાઝી મરશે :
દીકરા ! તું દુશ્મન થા મા રે ! ખાંસી ખા મા !

સંધીડો સાંભળશે તો લેણા સારુ લોહી પીશે :
કળથી નથી ખેતરાંમાં રે ! ખાંસી ખા મા !

આખો દા'ડો ધાવું ધાવું – ભૂખ્યાં ધાવણ ક્યાંથી લાવું !
શું ચૂસતો ચામડામાં રે ! ખાંસી ખા મા !

વેદના જો ન ખમાતી, દબાવી રાખવી છાતી :
'મામ મામ' કહી માથું ખા મા રે ! ખાંસી ખા મા !

ભૂખથી તો રોગ જાવે, મીઠી મીઠી નીંદર આવે !
ઘોંટાઈ રહે ઘોડિયામાં રે ! ખાંસી ખા મા !

મા'જન દેતા ધરમાદા, તોયે શેનાં મરો માંદાં !
પૂરવે કર્યાં પાપ-કામાં રે ! ખાંસી ખા મા !

લીલાપીળા સીસામાંથી ઝીણામોટા આંકા માપી,
જવા પાય દાગતર મામા રે ! ખાંસી ખા મા !

ઓસડ સાટુ આઠ આના, આપ્યા એને છાનામાના :
મૂકશે નળી કાળજામાં રે ! ખાંસી ખા મા !

બાપો તારો તારે પાપે, પા'ણાખાણે પા'ણા કાપે :
નુરિયો લખે ખોટાં નામાં રે ! ખાંસી ખા મા !

કૂડિયાએ દા'ડી કાપી, ઘાસેલી બે આની આપી :
માજિસ્ટ્રેટ એની વહુના મામા રે ! ખાંસી ખા મા રે !

ઊંચે સાદે ઉધરસ ખા મા રે !
ખાંસી ખા મા !
મારી રે વિપદના વિસામા રે !
ખાંસી ખા મા !
ખાંસી ખા મા રે !
ખાંસી ખા મા !

## તારાં પાતકને સંભાર !

તારાં પાતકને સંભાર, મોરી મા
રે હિન્દ મોરી મા !

પોતાના પાપભારે પોતે તું ચોપાણી —
એવી કાળજૂની જુલમકમાણી હો મા !
રે હિન્દ મોરી મા !

પરને પટકીને નીચાં, ઊંચી તું કે'વાણી !
આખર અંગે અંગે આપેથી છેદાણી હો મા !
રે હિન્દ મોરી મા !

તારે મંદિરિયે આજ કોનાં ચાલે શાસન ?
જો જો દેવ કે અસુરનાં એ આસન, હો મા !
રે હિન્દ મોરી મા !

આભમંડળ લગ એનાં શિખર ખેંચાણાં :
એના પાયામાં તુજ છોરુડાં ઓરાણાં, મા !
રે હિન્દ મોરી મા !

પાયા હેઠળથી આજે હાહાકાર જાગે !
ભૂખી ધરતી નવલા ભોગ ભારી માગે, હો મા !
રે હિન્દ મોરી મા !

તારો ધુરીધર આજે સમાધ ગળાવે !
તારા ઈશ્વરને આહુતિ એવી ભાવે, હો મા !
રે હિન્દ મોરી મા !

તારા દેવળના ઘોર ઘુમ્મટ ઊંચા તૂટે :
જેને છૂંદ્યાં'તાં તે જાગી તુજને લૂંટે, હો મા !
રે હિન્દ મોરી મા !

સાંભળ સાંભળ, હો બે'રી ! ભાવિના ભણકારા
તારા ભોગળ-ભીડ્યા ભાંગે ઠાકરદ્વારા, હો મા !
રે હિન્દ મોરી મા !

ચિરાડચિરાડે જોતો અવધૂત એક ઝૂરે :
અંદર પોતાનાં શોણિત ને હાડ પૂરે, હો મા !
રે હિન્દ મોરી મા !

એ રે પૂરણહારને પૃથ્વી કેમ ખોશે ?
ભૂંડી ! એ મરશે તો જીવન કોનાં રે'શે હો મા !
રે હિન્દ મોરી મા !

તારાં પાતકને સંભાર, મોરી મા !
રે હિન્દ મોરી મા !

## અમે !

અમે પ્રેમિકો હાડપિંજર તણા –
પૂજારી સડેલાં કલેવર તણાં.

અને માનવીને પશુ સમ નચવીએ,
'પ્રભુ' શબ્દ બોલીને પંખી પઢવીએ,
પૂરી અંધને સ્વર્ગ-ચાવી અપવીએ,

અમે ગારુડી ધર્મતર્કટ તણા –
મદારી ખરા લોકમર્કટ તણા.

અને દેવમૂર્તિની માંડી દુકાનો,
કિફાયત દરે વેચીએ બ્રહ્મજ્ઞાનો,
પ્રભુધામ કેરાં ઊડવીએ વિમાનો :

અમે પાવકો પાપગામી તણા –
પ્રવાહો રૂડા પુણ્યગંગા તણા.

અમે ભોગનાં પૂતળાં તોય ત્યાગી,
છયે રાગમાં રક્ત તોયે વિરાગી,
સદા જળકમળવત્ અદોષી અદાગી :

અમે દીવડા દિવ્યજ્યોતિ તણા –
શરણધામ માનવકૂદાંઓ તણા.

અમારી બધી લાલસાઓની તૃપ્તિ
થકી, પામરો, મેળવો સદ્ય મુક્તિ !
'સમર્પણ' મહીં માનજો સાચી ભક્તિ :

અમે તો ખપર વાસનાઓ તણા –
ભ્રમર અંધશ્રદ્ધાની બાગો તણા.

શ્રીમંતો સ્ત્રીઓ વ્હેમીઓના બનેલા
ઊભા – જો ! અમારા અડગ કોટકિલ્લા;
વૃથા છે સુવિદ્યા તણા સર્વ હલ્લા :

અમે શત્રુઓ બુદ્ધિના સત્યના –
અચલ થાંભલા દેશદાસત્વના.

## વિરાટ-દર્શન

[છંદ : ચારણી ચરચરી]

બાજે ડમરુ દિગન્ત, ગાજે કદમો અનંત,
આઘે દેખો, રે અંધ ! ચડી ઘોર આંધી :
દેશદેશથી લોક, નરનારી થોકેથોક
ઉન્નત રાખીને ડોક, આવે દળ બાંધી.
વિધવિધ વાણીને વેશ : વિધવિધ રંગો ને કેશ !
તોયે નવ દ્વેષ લેશ દાખવતાં આવે;
દેતાં ડગ એકતાલ, નિર્ભયતાની મશાલ
લઈને કંગાલ કેરી સેના આવે.
દેખો ! રે કાલ કેરી સેના આવે.

ગરજે નવલાં નિશાન : નવલાં મુક્તિનાં ગાન :
ફરકે ધ્વજ આસમાન સિંદૂરભીંજ્યો;
ઊભાં સબ રાષ્ટ્ર દેખ, થરથર પૂજે હરેક :
કંકુબોળેલ એ કહો જી કોણ નેજો ?
ગગને દેતા હુંકાટ, ઝલમલ જ્યોતિ લલાટ.
વદ, હો બંધુ વિરાટ ! ક્યાં થકી તું આવે ?
માનવજાતિને કાજ આશાવંતા અવાજ.
શા શા સંદેશ આજ તુજ સંગે લાવે ?
રંકોનાં લાખ લાખ દળ-વાદળ આવે.

[સંઘગાન]

અમે ખેતરથી, વાડીઓથી, જંગલ ને ઝાડીઓથી,
સાગરથી, ગિરિવરથી, સુણી સાદ આવ્યાં;
અમે નૂતન શક્તિને ભાન, ગાતાં શ્રદ્ધાનું ગાન,
માનવને મુક્તિદાન દેવા સહુ આવ્યાં.

*

અમે માનવમંદિર કેરી નવતર રચના અનેરી
સોંપી તમને, નમેરી માલિક ધનવંતા !
તમ પર ઈતબાર ધરી, વેઠ્યાં દુઃખ મરી મરી,
બોજા ચૂપ કરી રહ્યા પીઠ પર વહંતા.
આજ નીરખી એ આલીશાન જુગજૂનાં બાંધકામ
ધ્રૂજે અમ હાડચામ, હૈયાં અમ ધડકે;
ધવલાં એ દિવ્યધામ, કીધાં શીદ તમે શ્યામ !
છાંટ્યાં પ્રભુના મુકામ રંક તણે રક્તે.
અમે એ સહુ ધોવા કલંક, ધોવા તમ પાપપંક,
દિલનાં વિષડંખ સૌ વિસારી અહીં આવ્યાં;
સહુને વસવા સમાન ચણવા નવલાં મકાન,
ગાતાં શ્રદ્ધાનું ગાન લોકસંઘ આવ્યાં;
દેખ ! મહાકાલનાં કરાલ સૈન્ય આવ્યાં.

[સંઘગાન]

અમે ખેતરથી, વાડીઓથી, જંગલ ને ઝાડીઓથી,
સાગરથી, ગિરિવરથી, સુણી સાદ આવ્યાં;
નૂતન શક્તિને ભાન, ગાતાં શ્રદ્ધાનું ગાન,
માનવને મુક્તિદાન દેવા સહુ આવ્યાં.
તમે રૂંધી નભના ઉજાસ, પ્રભુજીના પવન-શ્વાસ,
રચિયાં રૌરવી ખાસ યંત્ર-કારખાનાં;
લેવા ધનના નિચોડ; છૂંદ્યા મનુબાગછોડ;
બાફ્યાં અમ કોડભર્યાં બાલપુષ્પ નાનાં.
તમે પૂરી અમ પુત્રીઓને, ભોળી સાવિત્રીઓને,
કોમળ કળીઓને છેક વેશ્યામંદિરીએ;
ટુકડા રોટીને કાજ, વેચે વનિતાઓ લાજ –
એવા તમ રાજના પ્રતાપ શેં વીસરીએ !

હાય, એ સહુ આશા અમારી સૂતી હત્યાપથારી,
એને રુધિરે ભીંજાડી નયનો અમ લાવ્યાં;
નૂતન શક્તિનો તાજ પહેરી શિર પરે આજ,
માનવમુક્તિને કાજ રંકસૈન્ય આવ્યાં.
જો જો, કંગાલ તણાં દળ-વાદળ આવ્યાં.
અમે ખેતરથી, વાડીઓથી, જંગલ ને ઝાડીઓથી,
સાગરથી, ગિરિવરથી, સુણી સાદ આવ્યાં;
નૂતન શક્તિને ભાન, ગાતાં શ્રદ્ધાનું ગાન,
માનવને મુક્તિદાન દેવા સહુ આવ્યાં.

*

હવે કંપો રે, ઓ કૃપાલ ! કંપો, અમ રક્ષપાલ !
પરની રોટીના ભક્ષનાર, તમે કંપો !
છલના કિલ્લા ને કોટ કરવા સહુ લોટપોટ,
આવે લંગોટધારી સૈન્ય : હવે કંપો !
માનવ આત્માની માંહી જુગજુગની જે છુપાઈ
ભાઈભાઈની સગાઈ, મુક્તિની પિપાસા :
એ છે અમ અસ્ત્રશસ્ત્ર, કોટિ કોટિ સહસ્ર
અકલંકિત ને અહિંસ્ર : એ અમારી આશા.
આખર એની જ જીત : સમજી લેજો ખચીત;
ભાગો, ભયભીત જાલિમો ! વિરાટ આવે,
નૂતન શક્તિને ભાન, ગાતાં શ્રદ્ધાનું ગાન,
એક તાલ, એક તાન, લોકસૈન્ય આવે.
દેખ ! દેખ ! કાલનાં અપાર કટક આવે.

## બીડીઓ વાળનારીનું ગીત

બીડીઓ વાળો ! બીડીઓ વાળો ! બીડીઓ વાળો ...રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !
બાર પૈસાની પાંચસો લેખે બીડીઓ વાળો...રે !

કંથ કોડીલા ડેલીએ બેઠા,
વાડીઓ વેચી બાંધતા રેટા,
લાલ કસુંબે લેટંલેટાં : પાડતા લાળો....રે !
આવશે ખાવા, માગશે થાળી, કાઢશે ગાળો...રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

ભૂખ લાગી છે – બીડીઓ વાળો !
ઊંઘ આવે છે – બીડીઓ વાળો !

આંખમાં લાગી અગન-ઝાળો : બીડીઓ વાળો...રે !
પાછલી રાતે, પો'ર દી થાતે, બીડીઓ વાળો...રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

મેલવા વા'લાં બાળક રોતાં,
તાવ આવે તો મૂકવાં પોતાં,
નાકનાં પાણી લ્હોતાં લ્હોતાં બીડીઓ વાળો...રે !
કંથને જોશે પાન-સોપારી; બીડીઓ વાળો...રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

મીઠાં મીઠાં ઝોલાં આવે,
પાંદડાં જડદો ગાવડી ચાવે,
વાણિયો કાંટોકાંટ તોળાવે : બીડીઓ વાળો...રે !
ઓછું થતાં, દામ કપાતાં : બીડીઓ વાળો...રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

રાજનું છોરુ, રાજની જોરુ
કેમ કરી હું ઓઝલ ખોલું ?

ઓરડો ઓઢી અંગ સંતાડું, બીડીઓ વાળો...રે !
સાડલે લીરા, કાળજે ચીરા, બીડીઓ વાળો...રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

આજ અજવાળી રાત રૂમઝૂમતી,
કંકુડી કોળ રાસડે રમતી,
હુંય જાગું છું બીડીઓ વણતી : બીડીઓ વાળો...રે !
અન્ન વસ્તર ને આબરૂ સાટુ બીડીઓ વાળો...રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

પાંદડાં કાપું – આવતી નીંદર,
આંગળી વાઢે ઊંઘમાં કાતર,
ટેરવાં તૂટે વીંટતાં સૂતર : બીડીઓ વાળો...રે !
હાંફતી છાતી, ખાંસીઓ ખાતી, બીડીઓ વાળો....રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

શેઠિયો સૂતરફેણી લાવે,
પાનનાં બીડાં પાતર ચાવે,
લોહીના બળખા મારે આવે : બીડીઓ વાળો....રે !
છાતીએ ચાંપી શેકના ગોટા, બીડીઓ વાળો....રે !
નિરાધાર, બીડીઓ વાળો...રે !

આજ દુનિયાને હાટડે દેખો,
મોંઘા ગાંજા, ભાંગ ને સૂકો;
સોંઘો સ્ત્રીના દેહનો ભૂકો : બીડીઓ વાળો...રે !
જીવતાં જનનાં શોણિત સોંઘાં : બીડીઓ વાળો....રે !
બીડીઓ વાળો ! બીડીઓ વાળો ! બીડીઓ વાળો....રે !
બાર પૈસાની પાંચસો લેખે બીડીઓ વાળો...રે !



## દૂધવાળો આવે

દૂધવાળો આવે :
ઘંટડી બજાવે :
દૂધ મીઠાં લાવે :
જોઈ સિનેમા માંડ સૂતાં'તાં : ઊઠવું કેમ ભાવે !
હાય રે પીટ્યો દૂધવાળો ઘંટડી બજાવે !

પાછલી પરોઢ :
અંધકાર ઘોર :
હૂંફે ભરી સોડ :
મીઠી મીઠી નીંદર મૂકી બા'ર કોઈ ના'વે —
હાય રે રોયો દૂધવાળો ઘંટડી બજાવે !

બાપુ કહે — બા જા :
આપ તો મોટા રાજા !
નાકમાં વાગે વાજાં !
ગોદડું ઓઢી ઊઠતી બાને હાલતે ઝોલાં આવે. — હાય રે૦

સૂતાં લોક જાગો !
જાગો રે, ભાઈ, જાગો !
રહું છું હું બહુ આઘો !
એમ બોલીને બારણે બેઠો રાગ પ્રભાતી ગાવે. — હાય રે૦

બોરીવલી સ્ટેશન :
ત્રણ બજે ટનટન :
ભેંસો દોહી ભમભમ :
રેલગાડી મોત-ફૂંફાડે દોટમદોટ આવે -
પાઘડી વિખાય, તાંબડી ઢોળાય, તોયે વે'લો આવે.— હાય રે૦

ભૂંડુંભૂખ મોઢું :
મોઢે મોટું દાઢું :
કાળું કામળ ઓઢ્યું :
મૂરખો મીઠી નીંદ ગુમાવે, ભજિયાં ટાઢાં ચાવે :
પારકાંને દૂધ પાઈને પોતે લોટ ગંધાતા લાવે. — હાય રે૦

એક દિવસ વાદળ
કાળું ઘોર કાજળ :
વીજળી ઝળોમળ :
આંખમાં જ્વાળા, નાક ધુમાડા નાખતું તાત્તા તાવે,
તોય અંધારે ઊઠિયો લોભી ! લથડ લેતો આવે. — હાય રે૦

છેલ્લી ચલમ પીધી :
તાંબડી માથે લીધી :
આંધળી દોટ દીધી :
ચાલતી ટ્રેને ચડવા ચાલ્યો – રે શું કાકી થાવે !
એક દા'ડો સૌ ઊંઘિયાં સુખે : ઘંટડી નવ સતાવે,

— દૂધવાળો ના'વે.
વળતે દા'ડે બીજો
ભાઈ હો કે ભતરીજો
સાદ પાડે 'શેઠ, લીજો !'
એજ 'ઓ.કે.' ચા, એ જ બાપુ-બા, દૂધ એનું એ આવે,
દૂધવાળો મન એ જ અમારે – મુખ જોવા કોણ જાવે ?
— દૂધવાળો આવે.



# કથાગીતો

## અભિસાર

મથુરા શે'રની રાંગે સંન્યાસી ઉપગુપ્ત કો,
સંકોડી ઇન્દ્રિયો સર્વે એક રાત સૂતો હતો.

*

પવનમાં પુરદીપ ઠરેલ છે,
જન તણાં ગૃહદ્વાર બીડેલ છે;
ગગનના ભર શ્રાવણ-તારલા
ઘનઘટા મહીં ઘોર ડૂબેલ છે.

*

ઓચિંતી અંધકારે ત્યાં ગુંજી છે પગઝાંઝરી :
યોગીની છાતીએ પાટુ કોના પાદ તણી પડી ?
ચમકી પલક માંહે સંત જાગી ઊઠે છે,
સુખમય નિદરાના બંધ મીઠા તૂટે છે.
ઝબૂક ઝબૂક જ્યોતિ ગુપ્ત કો' દીપકેથી
કરુણ વિમલ નેત્રે સંત કેરે પડે છે.

*

નામે વાસવદત્તા કો' પુરવારાંગના વડી
ચડેલી છે અભિસારે, માતેલી મદયૌવના.
અંગે ઝૂલે પવન-ઊડતી ઓઢણી આસમાની,
ઝીણી ઝીણી ઘૂઘરી ઝણકે દેહ-આભૂષણોની;
પ્યારા પાસે પળતી રમણી અંધકારે અજાણે
સાધુગાત્રે ચરણ અથડાતાં ઊભી સ્તબ્ધ છાની.

*

અભાગી કોણ સૂતું તે દેખવા દીવડો ધરે :
યોગીને અંગડે ગૌર નવેલી રોશની ઝરે.
તરુણ સૌમ્ય સુહાસવતી વયે

નયનથી કરુણાકિરણો દ્રવે;
મધુર ઈન્દુ સમી સમતા-સુધા
વિમલ લાલ લલાટ થકી ઝરે.

*

લજ્જાભારે નમ્યાં નેત્ર, લાલિત્યે ગળિયું ગળું;
આજીજીના સ્વરો કાઢી યાચે છે અભિસારિકા :
'ક્ષમા કરો ! ભૂલ થઈ, કુમાર !
કૃપા ઘણી, જો મુજ ઘેર ચાલો.
તમે મૃદુ, આ ધરતી કઠોર,
ઘટે ન આંહીં, પ્રિય, તોરી શય્યા.'

*

કરુણ વચન બોલી યોગી આપે જવાબ,
ટપકતી અધરેથી માધુરીપૂર્ણ વાણી :
'નથી નથી મુજ ટાણું, સુંદરી ! આવ્યું હાવાં;
જહીં તું જતી જ હો ત્યાં આજ તો જા, સુભાગી !
જરૂર જરૂર જ્યારે આવશે રાત મારી,
વિચરીશ તુજ કુંજે તે સમે આપથી હું.'

*

ઓચિંતો આભ ફાડે લસલસ વીજળીજીભ ઝૂલન્ત ડાચું,
કમ્પી ઊઠી ભયેથી રમણી રજની-અંધાર એ ઘોર વચ્ચે;
વાવાઝોડું જગાવી પવન પ્રલયના શંખ ફૂંકે કરાલ,
આભેથી વજ્ર જાણે ખડખડ હસતું મશ્કરી કો'ની માંડે !

*

વીત્યા છે કૈં દિનો-માસો આષાઢી એહ રાતને;
વર્ષ પૂરું નથી વીત્યું – સંધ્યા ઢોળાય ચૈત્રની.
ફરર ફરર ફૂંકી આકળો વાયુ વાય,

સડક પર ઝૂકેલા વૃક્ષને મ્હોર બેઠા;
ઊઘડી ઊઘડી મ્હેકે રાજબાગે રૂપાળાં
બકુલ, રજનીગંધા, પુષ્પ પારૂલ પ્યારાં.

વાયુની લ્હેરીએ વ્હેતા આવે દૂર સુદૂરથી,
મંદ મંદ સુરા-ભીના ધીરા કૈ સ્વર બંસીના.

*

નગર નિર્જન : પૌરજનો બધાં
મધુવને ફૂલ-ઉત્સવમાં ગયાં;
નીરખતો ચુપચાપ સૂની પૂરી
હસી રહ્યો નભ પૂનમચાંદલો.

સૂને પંથે નગર મહીં એ નિર્મળી ચાંદનીમાં,
સંન્યાસી કો' શરદ-ઘન શો એકલો જાય ચાલ્યો;
એને માથે તરુવર તણી શ્યામ ઘેરી ઘટાથી
વારે વારે ટહુ ! ટહુ ! રવે કોયલો સાદ પાડે.

*

આવી શું આજ એ રાત્રિ યોગીના અભિસારની !
આપેલા કોલ આગુના[૧] પાળવા શું પળે છ એ !

નગર બા'ર તપોધન નીસર્યો,
ગઢની રાંગ કને ભમવા ગયો;
તિમિરમાં સહસા કંઈ પેખિયું :
વનઘટા તણી છાંય વિષે પડ્યું.

*

૧. આગળના.

પડી નિજ પગ પાસે એકલી રંક નારી.
તન લદબદ આખું શીતલાના પરૂથી;
વિષ સમ ગણી એની કાળી રોગાળી કાયા,
પુરજન પુરબા'રે ફેંકી ચાલ્યા ગયા'તા.

*

સંન્યાસીએ નમી નીચે, માથું રોગવતી તણું
ધીરેથી ઝાલીને ઊંચું પોતાના અંકમાં ધર્યું.
સૂકા એના અધર પર સીંચી રૂડી નીરધારા,
પીડા એને શિર શમવવા શાંતિમંત્રો ઉચાર્યા :
ગેગેલા એ શરીર ફરતો ફેરવી હાથ ધીરો,
લેપી દીધો સુખડઘસિયો લેપ શીળો સુંવાળો.

*

પૂછે રોગી : 'મુજ પતિતની પાસ ઓ આવનારા ?
આંહીં તારાં પુનિત પગલાં કેમ થાયે, દયાળા ?'
બોલે યોગી : 'વીસરી ગઈ શું કોલ એ, વાસુદત્તા !
તારા મારા મિલનની, સખિ ! આજ શૃંગારરાત્રિ.'

ઝર્યાં પુષ્પો શિરે એને, કોકિલા ટહુકી ઊઠી :
પૂર્ણિમારાત્રિની જાણે જ્યોત્સ્નાછોળ છલી ઊઠી.

## આખરી સંદેશ

[ચારણી છંદ]

રાત ઘંટા ચાર વાગે,
જરી સૂતાં લોક જાગે,
ઘોડલાના પાય લાગે,
શેરીઓ મોઝાર;
હણહણે તોખાર.

આવિયો રણદૂત,
આવિયો રણદૂત;
દૂત આવ્યો, દૂત આવ્યો,
યુદ્ધમાંથી ખબર લાવ્યો,
વાહ ભાઈ ! વધાઈ લાવ્યો
સમરનો સરદાર;
આવિયો અસવાર.

'બોલ, બાંધવ, બોલ.'
ઊઠે આકુલ શોર :
'બોલ ક્યાં સાથીડા તારા,
'કેટલે દૂર છોગલાળા,
'કોણ જીત્યા કોણ હાર્યા;
'બોલ તતખણ, વીર !
'નથી રે'તી ધીર.'

મુસાફર મુખ મૌન,
ભયંકર મુખ મૌન.
ધસી છે મૂંગો મુસાફર
ઘોડલાને દઈ ટોકર.
છુપાવી મુખડું ભયંકર

પ્રવેશે સૂનકાર
દુર્ગ કેરે દ્વાર.

ચુપ ! સઘળા ચુપ !
દીસે ખબર અશુભ.
અશુભ આખી રાત કાળી,
આપણે ગઢ ચઢી ગાળી,
દીઠા ઝાંખા દીપ બાળી
ભમન્તા ભેંકાર
ભૂતના આકાર.

અમંગળ એંધાણ !
અમંગળ એંધાણ !
આભ ચીરી ખર્યો તારો;
સાંભળ્યાં રોતાં શૃંગાલો;
ઘુવડ બોલ્યું : 'મરો મારો !'
ફડફડ્યાં ગરજાણ,
રડ્યાં શ્વાન મસાણ.

હુઈ હાલકલોલ,
બજ્યા બૂંગિ ઢોલ.
બૂંગિયા ઢોલડ બજાયા,
સુણી સબ નરનાર ધાયાં,
ગઢે જઈ ધકબક મચાયા;
સૂતાં મૂક્યાં બાળ.
ઉઘાડાં ઘરદ્વાર.

કોણ રક્ષણહાર !
કોણ સાચવનાર !

ઘર ઘર થકી જોધાર જણજણ
સિધાવ્યા રમવા રણાંગણ,
રહ્યા બાકી માનવી ત્રણ :
ઘોડિયે રમનાર,
બૂઢાં ને આજાર.
'ખોલ કિલ્લેદાર !'

પુકારે પુરનાર :
'ખોલ કિલ્લેદાર ડેલા,
'જાણવા દે ખબર છેલ્લા,
'જીવતા છે કે મરેલા
'કુળવતીના કંથ ?
'કહો પિયુના પંથ.'

કડડ ઊઘડે દ્વાર
દેખિયો અસવાર.
અસવાર એકલ, જીભ સૂકી :
આંખ ધરતી પરે ઝૂકી :
ઊભો લમણે હાથ મૂકી
બાવરો બેહોશ,
કંઠ બાઝ્યા શોષ.

ક્યાં રહ્યાં હથિયાર !
ક્યાં રહી તલવાર !
અર્ધખંડિત અણીવાળો
માતની રજિયલ ધજાળો
ઝગમગે છે હાથ ભાલો :
ફરફરે ઝંડો,
માતનો ઝંડો.

કમકમે કેકાણ
હેમરાં-કુળ ભાણ.
કેકાણ-તનથી ખૂન ટપકે,
નીર-ઝરતાં નેન ઝબકે,
ઝૂરે જાણે મૂંગે ઠપકે,
કાં ન છૂટ્યા પ્રાણ !
કમકમે કેકાણ.

'શમાણો સહુ ઘોષ !
'ધરો સહુ ખામોશ !'
'ખામોશ !' કહી દૂતે ઉઠાવ્યો
ભાંગલો ભાલો ઝુલાવ્યો,
ત્રિરંગી ધ્વજ ફરૂકાવ્યો;
શમ્યા સઘળા શોર;
સનસનાટી ઘોર.

'સુણો પુરનાં લોક !
'સુણો પુરનાં લોક !
'સુણો બુઢ્ઢાં પિતામાતા !
'સુણો જોબનવતી વનિતા !
'સુણો નાનાં બાળ રમતાં !
'જુઓ કોની વાટ ?
'રુઓ હૈયાફાટ !'

'કોઈ નહિ આવે !
'એ કોઈ નહિ આવે !
'તમારા સબ કંથ બેટા
'ખડગ હાથે હીંચ લેતા,
'માત-ઝંડે નમન દેતા,

'ઢળ્યા હારોહાર
'ધજાના રખવાળ.'

'માત-ધ્વજને કાજ
'માત-ધ્વજને કાજ;
'ધ્વજ ફરંતા વીંટળાતા,
'ધ્વજ તણે રક્ષણ કપાતા,
'કાળ-ગર્તે ગયા ગાતા :
'માત-ધ્વજ આબાદ !
'માત-ધ્વજ આબાદ !'

'અમૂલખ અંઘોળ
'નીર રાતાંચોળ :
'અંઘોળ વરસી તોપ ગોળી
'ઝીલતા છાતી હિલોળી :
'ન કો સૂતા દર્દ-ઝોળી
'તન હુવા તરબોળ,
'અમૂલખ અંઘોળ.'

'મેહુલા મલ્લાર !
'મેહુલા મલ્લાર !
'એક એક સપૂત ધાયો,
'ખોબલે નિજ રક્ત લાયો,
'માતધ્વજ મેહુલે ન્હાયો,
'નીતર્યો જયનાદ,
'માત-ધ્વજ આબાદ !'

'ઉતાર્યા ઋણભાર,
'માતાના ઋણભાર,
'માતનાં ધાવણ અનોધાં

'ચઢી હૈયે હતાં પીધાં
'કણેકણ ચૂકવી દીધાં,
'ધરી શોણિતધાર,
'ઉતાર્યા ઋણભાર.'

વાહવા કુળ-દીપ !
વાહવા કુળ-દીપ !
દિયે બુઢ્ઢા હાથ મૂછે;
માવડી સુખ-નયન લૂછે,
ચૂડલાળી પ્રિયા પૂછે
પિયુના સંદેશ,
આખરી સંદેશ.

'આખરી સંદેશ !
'આખરી સંદેશ !
'સહુનાં ઉર-રક્ત વહેતો,
'સમર્પણની કથા કહેતો,
'વિપત્તિ-વેદના સહેતો
'ત્રિરંગી સંદેશ,
'આ આખરી સંદેશ !'

# વીર બંદો

[ચારણી છંદની ઢબે]

એક દિન પંચસિંધુને તીર
હાક સંભળાઈ : જાગિયા વીર –
શીખ બેટડા બાંધીને કેશ
સળવળ્યા સુણી ગુરુ-આદેશ;
મેલી મમતા કુટુંબ ઘરબાર
ભૂલી ભય દીધ મૃત્યુને ડાર;

ડારી મૃત્યુભય ‘જય ગુરુ’ શબ્દ હજાર કંઠ થકી ગુંજે,
નૂતન શીખની નયનમીટ મંડાય નવઅરુણપુંજે.

તે દિન પંચસિંધુને તીર
સળવળ્યા મુક્તકેશ શૂરવીર.

*

‘નિરંજન અલખ ! નિરંજન અલખ !’
ઊઠે એ ઘોષ ભવ્ય હર પલક :

કમર પર કસકસેલ તલવાર
ઉરેઉર દેતી હર્ષ-થડકાર
રણઝણે : પંચસિંધુને ગગન
લાગી રહી ‘અલખ’ નાદની લગન :

‘અલખ નિરંજન : અલખ નિરંજન’ વદે વ્યોમ દિગ્પાલ
નૂતન શીખના એહ નાદને ઝીલે કાલ કરાલ.

એક દિન પંચસિંધુને તીર
હૂકળ્યા શીખ-બેટડા ધીર.

*

આવિયો વિરલ એક એહી દિન
જે દિને લાખ હૃદય ભયહીન

બને બેફિકર તમન્ના ત્યજે,
કુશંકા કરી દૂર સત ભજે,
ચુકાવી ઋણ નીસરે બા'ર
પ્હોંચવા તલસ તલસ ઉર પાર :
જીવનમૃત્યુ દ્વય હાથ જોડીને ઝૂકે માનવી-પાય,
એક એહવા વિરલ દિવસનાં પુનિત વ્હાણલાં વાય.
એકદિન પંચસિંધુને તીર
ઝબકિયા સત્ અકાલના વીર.

*

દિલ્હીના મહલ તણે કાંગરે
જુવો રે જુવો ઝરૂખા પરે,
દિલ્લીપત તણી નીંદ ઊડી જાય
રાતભર હુહૂકાર સંભળાય,
કોણ કંઠના કારમા ઘોષ
સાંભળી ગગન કરે આક્રોશ ?
અર્ધરાત્રિની તિમિર ઘનઘટા
ચીરતા કવણ તણા વાવટા ?
ગહન ગગનના વિમલ ભાલ પર ભડકા ઊઠે કરાલ :
નજીક, હાય હા, નજીક આવી રહી લાખમલાખ મશાલ.
એક દિન પંચસિંધુને તીર
શૌર્યના લહેરી ઊઠ્યા સમીર.

*

જુદ્ધ મહીં મસ્ત શીખ ને મુગલ
ભેટિયા મરણબાથ ભરી જુગલ
એકએકની જોડ બંધાય :
બથોબથ ગળાં, આંટી દઈ પાય
લડે જ્યમ કાતિલ ગરુડ ભુજંગ
તોડતા અરસપરસ દોઈ અંગ.

'જય ગુરુ ! જય ગુરુ ! પડે ગંભીરા શીખ તનુજની ત્રાડ,
રક્તપિપાસુ મત્ત મુગલના 'દીન દીન' જુદ્ધપુકાર.

એક દિન પંચસિંધુને તીર
મચી ગઈ શહીદ-શબોની ભીડ.

*

તહીં ગુરુદાસનગરને ગઢે
મુગલદળ મારમાર કર ચઢે,
શીખોનો શૂર બંદો પકડાય,
જકડી જંજીર દિલ્હી લઈ જાય;
સાત શત બંદીવાન કેસરી
ચાલિયા લટો મોકળી કરી,
કદમમાં ઝણણ જંજીરો બજે
મુખેથી 'જય ગુરુ ! જય ગુરુ !' ભજે.

છિન્ન શીખોનાં મુંડ ચડાવી ભાલા પર, નિજ ભોમ
ચલે મોખરે મુગલ-ફોજ : રજ-ડમર ધૂંધળો વ્યોમ.

એક દિન ગુરુદાસપુર ગઢે
સાત સો વીર બત્રીસા ચઢે.

*

દિલ્લીના થર થર કારાગાર,
આદર્યા કેદી તણા સંહાર :
સાત શત મૃત્યુપ્રેમી જિદ ચઢે,
'પ્રથમ હું', 'નહિ, પ્રથમ હું' વઢે.
રાતભર પ્રથમ મોતની ફિકર :
પ્રભાતે ચડી જાય બેફિકર :

ઘાતક દળનાં ખડગ હેઠ પર ઉદયકાળ ઝૂકનાર,
ધડથી જુદાં જપે માથડાં ગુરુના જયજયકાર.

એક દિન મચી ગઈ તકરાર
'પ્રથમ હું, પ્રથમ હું જ મરનાર.'

*

કતલનો દિવસ સાતમો થયો,
બાકીમાં એક બંદો રહ્યો.
દિલ્હીપત અજબ તમાશો રચે,
નીરખવા મુગલ-મેદની મચે;
લાડકો વીર બંદાનો બાળ
ચાર વર્ષનો સૌમ્ય સુકુમાર
કાજીએ પિતૃખોળલે દીધ;
મશ્કરી-બોલ લ્હેરસું કીધ :

'ઊઠો ઊઠો ઓ ધર્મપુરુષ ! ઓ મૃત્યુજિત અણવાર :
કરો કતલ નિજ હાથ પુત્રની : નિરખી થશું નિહાલ.'

એક દિન દિલ્હી તણે દરબાર
તમાશો રચે મુગલ સરદાર.

*

શીખવર વદ્યો ન એકે વચન,
માત્ર મલકિયાં તેજભર નયન;
ખેંચી નિજ પાસ રુદે ચાંપિયો,
બાળને શિરે હાથ રાખિયો,
પલકભર ચૂમ્યું પુત્રનું ભાલ
સુંવાળું સુંદર લાલ ગુલાલ :
કમરથી પછી ખેંચિયો ધીરે
જમૈયો : ઝળહળ જ્યોતિ ઝરે.

લળી પુત્રને વદન, કાન મહીં વદ્યો આખરી વાત :
'જય જય ગુરુનો જપો, બેટડા ! ભય નવ કરજે તાત !'

એક દિન બાપ છુરી લઈ કરે
પુત્રને હૃદય અભય-રસ ભરે.

*

પુત્રનું મુખ – ગુલાબ ફૂલકળી –
અભયને કિરણ ઊઠ્યું ઝળહળી.
બાપને નીરખી બાળુડો ગાય
– સભાસ્થળ સાંભળી થરથર થાય –
'પિતાજી ! ભય નહિ : જય ગુરુજીનો,
'પિતા ! વિણ ભયે પુત્રને હણો,
'પિતા ! નવ કરો પલક પણ વાર,
'પિતાજી ! જય ગુરુ : જય શ્રી અકાલ !'

વામ બાહુની બાથ ભરી શિશુ ગ્રહિયો ગોદની માંય,
કર જમણે લઈ છુરી હુલાવી, બાલ ધરણી પટકાય.

એક દિન મરતા શિશુને મુખે
બોલડા 'જય ગુરુ ! જય ગુરુ !' ઊઠે.

*

58544

સ્તબ્ધ મેદિની : શબ્દ નવ સરે :
બાલની લાશ પડી તરફડે :
ધગેલી લાલ ચટક સાંડસી
સાહી કર ઊઠ્યા ઘાતકો હસી.
ઊતરડ્યાં બંદા-તનથી માંસ
ગીધડાં જમે જેમ નિજ ગ્રાસ.

અડગ રહીને મર્યો વીર, નવ વદ્યો 'અરર' તલભાર,
શત્રુનયન આંસુડાં લૂછતાં રહ્યાં સ્તબ્ધ સૂનકાર.

એક દિન પંચસિંધુને તીર
'અભય'નાં ચઢ્યાં આભ લગ નીર.



ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય
ગુજરાતી સાહિત્ય પરિષદ

# સૂના સમદરની પાળે

[દૂર દૂરના સમુદ્રતીરે રણસંગ્રામ પૂરો થયો છે. સાંજ નમે છે. એક યુવાન યોદ્ધો છેલ્લા શ્વાસ ખેંચી રહેલ છે. એની પાસે એક જ જીવતો સાથી ઊભો છે. મરતો યુવાન છેલ્લા સંદેશા આપે છે.]

સૂના સમદરની પાળે
રે આઘા સમદરની પાળે,
ઘેરાતી રાતના છેલ્લા શ્વાસ ઘૂંટે છે એક બાળુડો રે
સૂના સમદરની પાળે

નો'તી એની પાસ કો' માડી,
રે નો'તી એની પાસ કો' બેની :
વ્હાલાના ઘાવ ધોનારી, રાત રોનારી કોઈ ત્યાં નો'તી રે
સૂના સમદરની પાળે

વેગે એનાં લોહી વ્હેતાં'તાં
રે વેગે એનાં લોહી વ્હેતાં'તાં,
બિડાતા હોઠના છેલ્લા બોલ ઝીલન્તો એક ત્યાં ઊભો રે
સાથી સમદરની પાળે

ઝૂકેલા એ વીરને કાને
રે એકીલા એ વીરને કાને,
ટૂંપાતી જીભનાં તૂટ્યાં વેણ સુણાવે હાથ ઝાલીને રે
સૂના સમદરની પાળે

વીરા ! મારો દેશડો દૂરે,
રે વીરા ! મારું ગામડું દૂરે,
વાલીડાં દેશવાસીને સોંપજે મોંઘી તેગ આ મારી રે
સૂના સમદરની પાળે

એ ને એંધાણીએ કે'જે
રે એ ને નિશાનીએ કે'જે,
રાજેસર ગામ ને રેવાતીરનો વાસી દૂર પોઢ્યો છે રે
સૂના સમદરની પાળે

લીલૂડા લીંબડા હેઠે
રે લીલૂડા લીંબડા હેઠે
ભેળા થૈ પૂછશે ભાંડુ, રણઘેલૂડો કેમ રોકાણો રે
સૂના સમદરની પાળે

માંડીને વાતડી કે'જે
રે માંડીને વાતડી કે'જે,
ખેલાણા કોડથી કેવા કારમા રૂડા ખેલ ખાંડાના રે
સૂના સમદરની પાળે

કે'જે સામા પાવ ભીડન્તા
રે કે'જે સામા ઘાવ ઝીલન્તા
ઊભા'તા આપણા વંકા વીર રોકીને વાટ વેરીની રે
સૂના સમદરની પાળે

કે'જે એવાં જુદ્ધને જોતો
રે કે'જે એવાં જુદ્ધને જોતો
ઊગીને આથમ્યો આભે ભાણ આખો દી ઘોડલે ઘૂમી રે
સૂના સમદરની પાળે

કે'જે, ભાઈ ! આરતી-ટાણે
રે કે'જે, ભાઈ ! ઝાલરું-ટાણે
લાખેણા વીરની સો સો લોથ સૂતી સંસારવિસામે રે
સૂના સમદરની પાળે

કે'જે એવે શોભતે સાથે,
રે કે'જે એવે રૂડલે સાથે,
પોઢ્યા ત્યાં કૈંક બાળુડા ઊગતે જોબન મીટ માંડીને રે
સૂના સમદરની પાળે

કે'જે એવા ભાંડરુ ભેળો
રે કે'જે એવા મીંતરુ ભેળો,
રાજેસર ગામ ને રેવાતીરનો વાસી પ્રેમશું પોઢ્યો રે
સૂના સમદરની પાળે

બીજું મારી માતને કે'જે
રે બીજું મારી માતને કે'જે,
રોજો મા, માવડી મોરી ! ભાઈ મોટેરા પાળશે તુંને રે
સૂના સમદરની પાળે

માડી ! હું તો રાન-પંખીડું
રે માડી ! હું તો વેરાન-પંખીડું :
પ્રીતિને પીંજરે મારો જંપિયો નો'તો જીવ તોફાની રે
સૂના સમદરની પાળે

માડી ! મેં તો બાપને ખોળે
રે માડી ! મેં તો બાપને ખોળે,
બેસીને સાંભળ્યાં સો-સો રાત બાપુનાં ઘોર ધીંગાણાં રે
સૂના સમદરની પાળે

બાપુ કેરે મોત-બિછાને
રે બાપુ કેરે મોત-બિછાને,
વ્હેંચાણા રાંક પિતાના વારસા જે દી ભાઈ વચાળે રે
સૂના સમદરની પાળે

ભાઈયું મારા સોનલાં માગે
રે ભાઈયું મારા રૂપલાં માગે,
માગી'તી એકલી મેં તો વાંકડી તાતી તેગ બાપુની રે
સૂના સમદરની પાળે

દા'ડી એને ટોડલે ટાંગી
રે દા'ડી એને ટોડલે ટાંગી,
સંધ્યાનાં તેજશું રૂડી ખેલતી જોતો બાળ હું ઘેલો રે
સૂના સમદરની પાળે

એવાં એવાં સુખ સંભારી
રે એવાં એવાં સુખ સંભારી,
રાજેસર ગામ ને રેવાતીરનો વાસી વ્હાલથી પોઢે રે
સૂના સમદરની પાળે

ત્રીજું મારી બે'નને કે'જે
રે ત્રીજું મારી બે'નને કે'જે,
બેનીબા ! માથડાં ઢાંકી ધ્રુસકે મારે કાજ મા રોજો રે
સૂના સમદરની પાળે.

સામૈયાની શોભતી સાંજે
રે સામૈયાની શોભતી સાંજે,
બેનીબા ! વીરવિહોણી વારને ભાળી નેન ના લ્હોજો રે
સૂના સમદરની પાળે

જેવંતા એ રણજોદ્ધાને
રે જેવંતા એ રણજોદ્ધાને,
ઉભાડી આપણે આંગણ, ઊજળાં મોંનાં મીઠડાં લેજો રે !
સૂના સમદરની પાળે

જોજે બેની ! હામ નો ભાંગે
રે જોજે બેની ! વેદના જાગે,
તુંયે રણબંકડા કેરી બેન : ફુલાતી રાખજે છાતી રે !
સૂના સમદરની પાળે

બેની ! કોઈ સોબતી મારો
રે બેની ! કોઈ સોબતી મારો,
માગે જો હાથ, વીરાની ભાઈબંધીને દોયલે દાવે રે
સૂના સમદરની પાળે

બેની મારી, ફાળ મા ખાજે !
રે બેની ! ઝંખવૈશ મા લાજે !
માયાળુ ! મન કોળે તો ભાઈને નામે જોડજે હૈયાં રે !
સૂના સમદરની પાળે

બેનીબા ! આ તેગ બાપુની
રે બેનીબા ! આ તેગ બાપુની,
ઝુલાવી ટોડલે જૂને રોજ પેટાવ્યે દીવડો ઘીનો રે
સૂના સમદરની પાળે

એવાં વાલાં ધામ સંભારી
રે એવાં મીઠાં નામ સંભારી,
રાજેસર ગામ ને રેવાતીરનો વાસી એકલો પોઢે રે
સૂના સમદરની પાળે

બંધુ મારા ! એક છે બીજી
રે બંધુ મારા ! એક છે બીજી,
તોફાની આંખ બે કાળી : ઓળખી લેજે એ જ એંધાણે રે
સૂના સમદરની પાળે

બંધુ ! એનું દિલ મસ્તાનું
રે બેલી ! એનું દિલ મસ્તાનું,
મસ્તાના ફૂલ-હૈયાને હાય રે માંડ્યું આજ ચિરાવું રે
સૂના સમદરની પાળે

કે'જે એને રાત આ છેલ્લી
રે કે'જે એને વાત આ છેલ્લી,
કે'જે કે ચાંદલી આઠમ રાતનાં ઊડ્યાં પ્રેમ-પંખેરું રે
સૂના સમદરની પાળે

કે'જે મારું સોણલું છેલ્લું
રે કે'જે મારું સોણલું છેલ્લું :
રેવાને કાંઠડે આપણ જોડલે ઊભાં દિન આથમતે રે
સૂના સમદરની પાળે

રેવા ઘેરાં ગીત ગાતી'તી
રે રેવા ઘેરાં ગીત ગાતી'તી,
ગાતાં'તાં આપણે ભેળાં ગાન મીઠેરાં ગુર્જરી માનાં રે
સૂના સમદરની પાળે

શીળી એવી સાંજને હૈયે
રે મીઠી એવી સાંજને હૈયે,
ડોલરિયા ડુંગરા દેતા ઘોર હોંકારા આપણે ગાને રે
સૂના સમદરની પાળે

પ્હાડેપ્હાડ આથડ્યાં ભેળાં
રે ખીણેખીણ ઊતર્યાં ભેળાં,
કે તારી આંખડી પ્યાસી શુંય પીતી'તી મુખડે મારે રે !
સૂના સમદરની પાળે

કૂણી તારી આંગળી કેરા
રે કૂણી તારી આંગળી કેરા
ભીડીને આંકડા મારે હાથ, ચાલી તું દૂર વિશ્વાસે રે
સૂના સમદરની પાળે

એવાં એવાં સોણલાં જોતો
રે એવાં એવાં સોણલાં જોતો
રાજેસર ગામ ને રેવાતીરનો તારો પિયુજી પોઢે રે
સૂના સમદરની પાળે

લાગ્યો એનો કંઠ રૂંધાવા
રે લાગી એની જીભ ટૂંપાવા,
ઓલાતી આંખડી ઢાળી, શ્વાસ નિતારી, બોલતો થંભે રે
સૂના સમદરની પાળે

સાથી એની આગળ ઝૂકે
રે સાથી એનું શિર લ્યે ઊંચે;
બુઝાણો પ્રાણ-તિખારો, વીર કોડાળો જાય વિસામે રે
સૂના સમદરની પાળે

ચાલી આવે આભમાં ચંદા
રે ચાલી આવે આભમાં ચંદા,
ચંદાનાં નેણલાં નીચે કારમા કેવા કેર વેરાણા રે
સૂના સમદરની પાળે

ઠારોઠાર ખાંદણાં રાતાં
રે લારોલાર ઢૂંઢ ને માથાં;
કાળી એ કાળલીલાને ન્યાળતી ચંદા એકલી ઊભી રે
સૂના સમદરની પાળે

ઊભી ઊભી ન્યાળતી આઘે —
રે ઊભી ઊભી ન્યાળતી આઘે,
રાજેસર ગામ ને રેવાતીરનાં સૂતાં માનવી મોંઘાં રે
સૂના સમદરની પાળે

# કોઈનો લાડકવાયો

[ઢાળ : મરાઠી સાખીનો]

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે :
ઘાયલ મરતા મરતા રે
માતની આઝાદી ગાવે.

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી,
મુખથી ખમા ખમા કરતી
માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબદ બોલતા પ્રત્યેકની પિછાને :
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો :
અણપૂછ્યો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવી :
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબરે પુછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી :

કોઈના લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં :
આતમ-દીપક ઓલાયા,
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર-જોડામણ કરજો :
પાસે ધૂપસળી ધરજો.
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો !

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ઠ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે :
સહુ માતા ને ભગિની રે !
ગોદ લેજો ધીરે ધીરે !

વાંકડિયાં એ જુલ્ફાંની મગરૂબ હશે કો' માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા :
રે ! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી,
ઉરની એકાન્તે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ઘોળી છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતા :
વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી બે પળ લેતા.

એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રુધિર-છલકતી ગજ ગજ પહોળી છાતી,
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો' હશે આખ રાતી.

એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે :
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;
લખજો : 'ખાક પડી આંહીં
કોઈના લાડકવાયાની.'

## ધરતી માગે છે ભોગ !

[ઢાળ : 'દેવાયત પંડિત દા'ડા દાખવે' – એ જૂના ભજનનો.]

'પોરો રે આવ્યો, હો સંતો ! પાપનો;
ધરતી માગે છે ભોગ.'

ઊંડી રે નીંદરુંમાં અમે સાંભળ્યું :
'ધરતી માગે છે ભોગ !'
સૂતાં રે સ્વપ્નામાં અમે સાંભળ્યું :
'ધરતી માગે છે ભોગ !'

પડઘા પડ્યા રે ખંડેખંડમાં,
ઘન ઘન સૂસવ્યા પવન;
અંધારી રાત્યુંનો મારો સાયબો
આઘે વીંઝે ગાઢાં વન. — ઊંડી રે૦

દીધા રે ટકોરા એણે દ્વારમાં,
ભાંગ્યા એણે ભોગળોના ભાર;
વેણુ રે વગાડી વસમા સૂરની,
સાયબાના ઝણેણ્યા સિતાર. — ઊંડી રે૦

'નીંદરનાં ઘેરાણાં તમે જાગજો !'
ગરજ્યો સાહેબનો સવાલ;
'આગ્યુનાં ઓરાણાં તમે ઊઠજો !
કબરુંનાં ઊઠો રે કંકાલ !' — ઊંડી રે૦

જાગો હો, બળહીણાં બંધુબેનડી !
આપણાં આવ્યાં છે ટાણાં;
ઊઠો હો ખંખેરી ખોટી બીકને !
મુગતિનાં વાયે રે વા'ણાં. — ઊંડી રે૦

સમરથનો સૂરજ આજે આથમે,
આથમે ભૂપતિઓના ભાણ;
ખંડ રે પતિયુંનાં તખતો ખળભળે,
ભાઈ ! એના દળમાં ભંગાણ. — ઊંડી ર૦

દૂબળાં રે'વું છે દિન કેટલા !
કેટલા જુગ રે કંગાળ !
નોધારાં થઈને શીદ શરણાં લિયો ?
દુનિયાને દેજો રે હુંકાર. — ઊંડી ર૦

લખોમખ વેરી છે ધણીએ રિદ્ધિયું
ધરતીને ખોળે ઠોરઠોર;
ખાવિંદે દીધાં છે દરિયા ને હવા
આજે એમાં પડિયા છે ચોર. — ઊંડી ર૦

ઊંચાં ને નીચાં રે ધનવંત-નિર્ધનાં,
ભાઈ ! એ તો કૂડના રે ભેદ !
ભેદની ભીંત્યુંને આજ મારે ભાંગવી;
મનડાની આખરી ઉમેદ. — ઊંડી ર૦

પ્યાલા રે ઘૂંટ્યા મેં અમરત-પાનના :
આવજો પીવા પ્રેમવાન !
ઘૂરે રે લાલપ-ઘેરી આંખડી,
મરવા બનો મસ્તાન. — ઊંડી ર૦

ઊંડી રે નીંદરુંમાં અમે માનિયું :
વાયરો સૂસવે ભેંકાર,
ગાઢ રે સપનામાં અમે શોચિયું :
વાદળાં કરે રે પોકાર. — ઊંડી ર૦

ગાફિલ બનીને ઓઢ્યાં ગોદડાં,
ઘર ઘર ઘોર્યાં સારી રેન;
જાગન્તાં દીઠા રે નેજા ફટકતા,
ઊતર્યાં મતલબનાં ઘેન. — ઊંડી રે૦

સાયબાને દીઠો ઝળહળ ઝૂઝતો,
ચોય દશ ચડ્યા એના વીર;
તંબૂરાની કીધી તુરી ને ભેરીઓ,
પાયાં એણે પોતાનાં રુધિર. — ઊંડી રે૦

માટીનાં કીધાં રે એણે માનવી,
જળમાંથી જલાવ્યા ચેરાગ;
ધજા રે રોપાણી સત-ધરમની,
કૂડ-ઘેરે કળેળ્યા હો કાગ. — ઊંડી રે૦

## રાતાં ફૂલડાં

[ઢાળ : 'સોનલા ઈંઢોણી રૂપા બેડલું રે પાલવ છોડજો' — એ લગ્નગીતનો]

વનરા તે વન કેરી કાંટ્યમાં રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈએ પધરાવ્યાં પેટનાં બાળ —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

અરધી રાતલડીનો ચાંદલો રે રાતાં ફૂલડાં,
હાં રે નીચે મલકે છે મા-મેલ્યાં બાળ —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

હસ મા એવલડું, હો લાડકા રે રાતાં ફૂલડાં,
હાં રે મારાં કળીએ કાળજડાં કપાય —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

જમણે હાથે મીંચી આંખડી રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈએ ડાબે હાથે દબવેલી ડોક —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

બાર માસ બાળ-કુંવારડી રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈનાં તેર માસે લખિયાં લગન —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

એકા રે દશીની ઉપવાસણી રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈ તો હરિ-મંદિર પૂજવાને જાય —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

હસતાં ને રમતાં હિંડોળલે રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈએ નીરખ્યા છે બાળગોપાળ —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

થડક્યાં થાનોલાં, થંભી ગઈ રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈની છાતીમાં છલ છલ દૂધ —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

'સરજ્યાં જો હત મારે ખોળલે રે રાતાં ફૂલડાં,
'હાં રે તમને પહેરાવત હીર ને ચીર !' —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

'ભૂલી હો ભૂલી હો ભૂંડી માવડી રે રાતાં ફૂલડાં,
'હાં રે મારી તે દીની મરડેલી ડોક' —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

'આવડાં ધાવણ આજે ઊભરે રે રાતાં ફૂલડાં,
હાં રે મારી તે દીની તરસ સંભાર !' —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

'ઝૂલું હું જશોદા માને ખોળલે રે રાતાં ફૂલડાં,
હાં રે તારે ખોળલે અગન કેરી ઝાળ !' —
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

## સોના-નાવડી

ગાજે ગગને મેહુલિયા રે,
　　　　વાજે વરસાદ-ઝડી :
નદી-પૂર ઘૂઘવિયાં રે,
　　　　કાંઠે બેઠી એકલડી :
મારા નાના ખેતરને રે
　　　　શેઢે હું તો એકલડી.

*

મેં તો ધાન વાઢી ઢગલા કરિયા,
ડૂંડાં ગાંસડી ગાંસડીએ ભરિયાં —
ત્યાં તો વાદળ ઘોર તૂટી પડિયાં.
ભીંજું ઓથ વિનાની રે,
　　　　અંગે અંગે ટાઢ ચડી :
મારા નાના ખેતરને રે,
　　　　શેઢે હું તો એકલડી.

*

સામે કાંઠે દેખાયે રે,
　　　　વા'લું મારું ગામડિયું :
ગોવાલણ-શી વાદળીએ રે,
　　　　વીંટ્યું જાણે ગોકળિયું.
મારી ચૌદિશે પાણીડાં નાચી રહ્યાં,
આખી સીમેથી લોક અલોપ થયાં,
દિનાનાથ રવિ પણ આથમિયા.
ગાંડી ગોરજ-ટાણે રે
　　　　નદી અંકલાશે ચડી :

એને ઉજ્જડ આરે રે
ઊભી હું તો એકલડી :
મારા નાના ખેતરને રે
શેઢે હું તો એકલડી.

*

પેલી નૌકાનો નાવિક રે
આવે ગાતો : કોણ હશે ?
મારા દિલડાનો માલિક રે
જૂનો જાણે બંધુ દીસે.
એની નાવ ફૂલ્યે શઢ સંચરતી,
એની પંખી-શી ડોલણહાર ગતિ,
નવ વાંકીચૂકી એની દષ્ટિ થતી :
આવે મારગ કરતી રે
પ્રચંડ તરંગ વિષે.
હું તો દૂરેથી જોતી રે
જૂનો જાણે બંધુ દીસે :
પેલી નૌકાનો નાવિક રે
આવે ગાતો : કોણ હશે ?

*

કિયા દૂર વિદેશે રે
નાવિક, તારાં ગામતરાં ?
તારી નાવ થંભાવે રે
આંહીં પલ એક જરા !
તારી જ્યાં ખુશી ત્યાં તું જજે સુખથી,
મારાં ધાન દઉં તુંને વ્હાલપથી,
તુંને ફાવે ત્યાં વાપરજે, હો પથી !
મારી લાણી લેતો જા રે,
મોઢું મલકાવી જરા :

મારી પાસ થાતો જા રે
આંહીં પલ એક જરા :
કિયો દૂર વિદેશે રે,
નાવિક, તારાં ગામતરાં ?

*

લે લે ભારા ને ભારા રે
— છલોછલ નાવલડી;
'બાકી છે ?' — વા'લા મારા રે !
હતું તે સૌ દીધ ભરી.
મારી જૂની પછેડી ને દાતરડી,
મારાં ભાતની દોંણી ને તાંસળડી —
તુંને આપી ચૂકી સર્વ વીણી વીણી,
રહ્યું લેશ ન બાકી રે —
રહ્યું નવ કંઈયે પડી :
રહી હું જ એકાકી રે
આવું તારી નાવે ચડી :
લે લે ભારા ને ભારા રે !
— છલોછલ નાવલડી,

*

હું તો ચડવાને ચાલી રે,
નાવિક નીચું જોઈ રહે :
'નવ તસુ પણ ખાલી રે
નૌકા નહિ ભાર સહે.'
મારી સંપત વ્હાલી રે,
શગોશગ માઈ રહે.
— હું તો ચડવાને૦

*

નાની નાવ ને નાવિક પંથે પળ્યાં,
ગગને દળ-વાદળ ઘેરી વળ્યાં,
આખી રાત આકાશેથી આંસુ ગળ્યાં.
સૂની સરિતાને તીરે રે,
રાખી મુંને એકલડી :
મારી સંપત લૈને રે,
ચાલી સોના-નાવલડી :
મારા નાના ખેતરને રે
શેઢે હું તો એકલડી.

# આત્મસંવેદન

## યાચના

મોરલા હો ! મુંને થોડી ઘડી
તારો આપ અષાઢીલો કંઠ :
ખોવાયેલી વાદળીને હું
છેલ્લી વાર સાદ પાડી લઉં.

ઈંદ્રધનુ ! તારા રંગ-ધોધોમાંથી
એક માગું લીલું બુન્દ :
સાંભરતાંને આંકવા કાજે
પીંછી મારી બોળવા દેજે !

મેઘમાલા ! તારા લાખ તારોમાંથી
ખેંચવા દે એક તાર :
બેસાડીને સૂર બાકીના
પાછી સોંપી દૈશ હું વીણા.

ઘોર સિંધુ ! તારા વીંજણાનું નાનું
આપજે એક કલ્લોલ :
હૈયું એક નીંદવિહોણું —
ભાલે એને વાયરો ઢોળું.

રાતરાણી ! તારા ઝાકઝમાળનું
મારે નથી કાંઈ કામ :
ગાઢ અંધકાર-પછેડા
ઓઢાડી દે ઊંઘની વેળા.

# ઈજન

આવો વ્હાલભરી વેદનાઓ આવો,
– કે બહુ દિનથી વાટો જોઈએ, વાટો જોઈએ.
આવો, લાડભરી યાતનાઓ આવો,
– કે બાથ ભરી ભેટી લઈએ, ભેટી લઈએ.

આવો નવ નવ નિષ્ફળતાને ચાંદલે,
આવો નેન ભરી નિન્દાને કાજળે,
આવો વૈર તણે ઘાટે અંબોડલે,
– કે હેરી હેરી નીરખી લઈએ, નીરખી લઈએ. — આવો૦

આવો હાંસી-અપમાનોની કુંજમાં,
આવો બદનામી કેરા ફૂલપુંજમાં,
આવો પથભૂલ્યા જીવનની મોજમાં,
– કે કાળી રાત સાથે રહીએ, સાથે રહીએ. — આવો૦

આવો મૃત્યુને કલ્લોલિત કાંઠડે,
ઘોર આકાંક્ષાની જ્યાં ભરતી ચડે;
આવો ફૂટ્યા ઉલ્લાસ તણે નાવડે,
– કે સામે તટ ચાલ્યાં જઈએ, ચાલ્યાં જઈએ. — આવો૦

આવો, અંધારી યાતનાઓ આવો,
– કે બાથ ભરી ભેટી લઈએ, ભેટી લઈએ.
ઘેલી, એક પછી એક શાને આવો !
– કે જુગજુગથી વાટો જોઈએ, વાટો જોઈએ.
ભલે લાખ લાખ વૃંદ વળી આવો,
– કે બાથ ભરી ભેટી લઈએ, ભેટી લઈએ.
આવો, વ્હાલભરી વેદનાઓ આવો,
– કે ક્યાંક સુધી વાટો જોઈએ, વાટો જોઈએ !

# એકલો

તુજ સુખની મ્હેફિલમાં તું સહુને નોતરજે,
પણ જમજે અશ્રુની થાળ એકલો;
હોંશીલા જગને હસવા તેડું કરજે :
સંઘરજે ઉરની વરાળ એકલો.

તુજ દ્વારે દ્વારે દીપકમાલ ચેતવજે :
ગોપવજે દિલ-અંધારા એકલો;
બીજાંને આંગણ અમૃત-ઝરણાં રેલવજે :
પી લેજે વિષ તારાં તું એકલો.

તુજ ગુલશનનાં ગુલ જે માગે તેને દેજે,
ને સહેજે સર્પોના દંશ એકલો;
કીર્તિની કલગી સહિયારે કર દેજે :
ભોગવજે બદનામી-અંશ એકલો.

દિલદિલની દુઃખ-વાતો દિલસોજીથી સુણજે :
ચૂપ રહેજે કાપી જબાન એકલો;
કો' થાકેલા પગની કાંકર ચૂમી લેજે :
કદમો ભરજે કંટક પર એકલો.

## હસતું પંખી

પિંજરના પંખીને હસવું બહુ આવે :
મૂરખ જન મારી દયા લાવે !
માનવીઓ, હો, શીદને મલકાતાં !

હું તો મુજ બંધનના સળિયા કરડું છું;
પાંખો ફફડાવતું રડું છું —
માનવીઓ, હો, શીદને મલકાતાં !

તમને તો જંજીરના ઝળકાટો વા'લા;
પહેરી પહેરીને ફરો લાલા !
માનવીઓ, હો, શીદને મલકાતાં !

ઊભી રે' બહેની કુળવંતની કુમારી !
કે'તી જા અશ્રુકથા તારી —
માનવીઓ, હો, શીદને મલકાતાં !

કહો જી માલિક તણા કદમો ચૂમનારા !
જડિયાં શાને જબાન-તાળાં —
માનવીઓ, હો, શીદને મલકાનાં !

કલમી ! તુજ કલમો હર અક્ષરે ચિંકાર :
'ક્યાં લગ રડવું અસત્ય-ધારે ?' —
માનવીઓ, હો, શીદને મલકાતાં !

જનજનનાં હૈયાં પર જંજીર ઝણકારે;
ઘરઘર બંધન-કથા પુકારે —
માનવીઓ, હો, શીદને મલકાતાં !

મારું નાનું, તમારું ભવ્ય કેદખાનું :
છો ને રડતાં જી તમો છાનું ! —
માનવીઓ, હો, શીદને મલકાતાં !

## સાગર રાણો

માલા ગૂંથી ગૂંથી લાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે :
ધરતીને હૈયે પે'રાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે.

આઘે આઘે એની અનુપમ વાડી,
ચાંદો-સૂરજ રૂડા રાખ્યા બે માળી :

વિધવિધ વેલડી વાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે. — માલા૦

ઊંડે પાતાળે ગાળ્યા એણે ક્યારા,
રોપ્યા રાતલડીના રંગત તારા :

નવલખ નદીઓ સિંચાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે. — માલા૦

સોનલ ફૂલડે સવાર મલકતા,
સંધ્યાના થાળ ગુલાબે છલકતાં :

રજનીમાં ડોલર આવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે. — માલા૦

રાત દિવસ બીજાં કામ ન ફાવે,
ગાંડો પિયુજી લાખો ગેંદ ગૂંથાવે :

જૂજવા રંગ મિલાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે. — માલા૦

રીસભરી ધરણી નવ રીઝે,
સ્વામીનાં દાન ત્રોડી ત્રોડી ખીજે :

દરિયો વિલાપ ગજાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે. — માલા૦

યુગ યુગના અણભંગ અબોલા,
સૂના સાગર કેરા હૈયા-હિંડોળા :

ગરીબડો થઈને બોલાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે. — માલા૦

કરુણાળુ બોલ કહાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે,

ગેબીલા શબદ સુણાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે.

ચરણ ચૂમી ચૂમી ગાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે.

માલા ગૂંથી લૂંથી લાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે.

ધરતીને હૈયે પે'રાવે –
સાગર રાણો ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે.

## અર્પણ

તારાં બાળપણાનાં કૂજન, હે સખિ,
શીદ રૂંધ્યાં તેં આવીને મુજ દ્વાર જો !
પોતાનું રૂંધીને હુંમાં ઠાલવ્યું,
સમજું છું એ તુજ શાંતિનો સાર જો.

એકલતાના વગડા બળબળતા હતા,
તું વરસ્યે પાંગરિયા મુજ ઉર-બાગ જો;
ઊગ્યાં તેને જતનેથી ઉછેરજે !
સીંચી તારા જીવનના સોહાગ જો.

કિલ્લોલે કિલ્લોલે તું ઊભી સદા,
સાંભળતી મુજ કાલાઘેલા બોલ જો;
દેવાલયના ઘુમ્મટ-શી મૂંગી મૂંગી
પડછંદે જગવંતી સ્વર-હિલ્લોલ જો.

આત્મનની તરસી ફૂલવાડીમાં, સખિ,
વરસી રહી તું ગાજ્યા વિણ ગંભીર જો;
વરસીને સોહન્તી શારદ વાદળી
ફરી ફરી લાવે ભરીને નવલાં નીર જો.

વત્સલતા, વ્હાલપ, કરુણાના મોરલા
ટૌકે મારા ગૃહ-વડલાની છાંય જો;
તુજ ગુંજ્યાં ઝીલી તુજને પાછાં દઉં,
સ્વીકારી સાચવજે અંતરમાંય જો !

અધરે આવી આવીને પાછા વળે
અણબોલ્યા-અણખોલ્યા ઉરના ભાવ જો;
મનડાની મૂંગી મૂંગી આરાધના –
એ છે સહુથી ઊંચું અનુપમ કાવ્ય જો !

## એક જન્મતિથિ

શ્રાવણી પાંચમના અંધાર :
કારમું ઘોરે કારાગાર :
સુણતા પલ પલ તુજ ભણકાર :
'આવી છું પહેરાવા ફૂલહાર.'
હૈયે મઘ મઘ થાય તાહરા બકુલ સમા એ બોલ;
જન્મદિવસ સંભારી ગઈ તેં જગવ્યા ઉર-હિલ્લોલ.

— શ્રાવણી૦

*

આપણા આઠ વર્ષના યોગ,
મહીં અંકાયા કૈંક વિજોગ;
ભોગવ્યા ભરપ્રીતિના ભોગ,
ભૂલું ક્યમ ઉરના ઊંડા રોગ !
કૈં કૈં પૂનમ ઊગી-આથમી જીવન કેરે આભ,
તેજ અને છાયાની ભરિયલ દોરંગી ફૂલછાબ !

— શ્રાવણી૦

*

હાસ્ય-અશ્રુની બેવડ લ્હાણ :
રાત વીતી ને પ્રગટે ભાણ :
માનવી-જીવનના કલ્યાણ
કાજ કર્તાનાં એ નિર્માણ.
મેં દીધા વિષદંશ, ત્યાં સખિ ! સીંચી તેં અમીધાર;
તેંય કર્યા કદી ઘાવ – કાળ મુજ બનિયો રૂઝણહાર !

— શ્રાવણી૦

*

સંઘર્યા નથી લેશ સંતાપ,
નથી નથી મનમાં રાખ્યાં પાપ;
દોષ મમ સ્મરી સ્મરી પ્રશ્ચાત્તાપ
રડ્યો છું, સળગ્યો છું ઉરતાપ.
રામ સમા પણ લગ્ન-જીવનના દોહ્યલ ધર્મ ચૂકેલ,
હું પામર શું સમજું રે, પ્રિય, એ સહુ આંટી-ઉકેલ !

— શ્રાવણી૦

*

આપણા નહોતા પ્રીતિ-વિવાહ,
બેઉના હતા જૂજવા રાહ;
મૂઢ હું, તું ભર ઊર્મિપ્રવાહ,
ઘેર મુજ આવી – કોડ અથાહ.
કરમાયાં તુજ કુસુમ, વેલડી ! નવ ભાવેલાં નીર;
જીવન-જળ શોષાયાં'તાં મુજ, ન રહી તુજને ધીર !

— શ્રાવણી૦

*

આજ એ ઊમટ્યાં છે ઉર-વ્હેન,
પરસ્પર ટળ્યાં ભ્રાંતિનાં ઘેન;
નીતરે અમૃત આપણ નેન,
પૂરી થઈ ચક્રવાકની રેન.
રેન ગઈ, રે પ્રિય ચકવી ! જો ઉષા ઉઘાડે દ્વાર;
પ્રેમ-સરોવર ચરી પોયણાં નિર્ગમશું સંસાર.

— શ્રાવણી૦

*

લીધ તેં સેવાના સંન્યાસ,
મિષ્ટ કીધા કટુ એકલવાસ;

નવેલા પ્રગટ્યા આત્મ-ઉજાસ
જાણિયા જન્મભૂમિના ત્રાસ.
પતિ પડન્તે કેદ, સતિ ! તેં સૂનાં પૂર્યાં સ્થાન;
જગત નારીનાં જુગજુગ-જૂનાં એ છે જીવનગાન.

— શ્રાવણી૦

*

'અભય'નો મંત્ર પી થઈ શૂર,
બની ગઈ રણચંડી ચકચૂર;
ધન્ય તુજ દેશભક્તિનાં પૂર,
ચડાવ્યાં હું પામરને નૂર.
આઠ વરસના રૂંધાયા'તા પ્રચંડ શક્તિપ્રવાહ;
બંધ તૂટતાં ધોધ વછૂટ્યા, જનો ઉચારે 'વાહ' !

— શ્રાવણી૦

*

દેશની સ્વતંત્રતાને જંગ,
સાળુડે સજી કેસરી રંગ;
નારી-ગણ દેતી ઘોર છલંગ,
ધોતી નર કેરાં કાળ-કલંક.
યુદ્ધઘેલડી ! હું નીરખું, તું ચડે એહ સંગ્રામ;
આજ ધન્ય થાયે મુજ તેત્રીસ વત્સર તણો વિરામ.
ધન્ય મુજ ગૃહલક્ષ્મી ! સુખધામ !
ધન્ય મુજ કામધેનુ ! વિશ્રામ !

# મૃત્યુનો ગરબો

[ઝોક : આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે]

માડી તને લોક બોલે બિહામણી રે;
મેં તો મુખ દીઠાં રળિયાત
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! તારી છાતીમાં છલકી રહ્યા રે;
જીવન-મૃત્યુના બે કુંભ
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! અમે જમણે સ્તન ધાવી રહ્યાં રે;
દેતી ડાબલે પડખે દૂધ
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! તું તો સોડ્યે લઈ સુવરાવતી રે;
દિનભર રમતે થાક્યાં બાળ
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! અમે મેલાં : તું નવરાવતી રે;
ચૂમી ચૂમી નવલાં દેતી ચીર
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! તારાં પરગટ રૂપ રોવરાવતાં રે;
ભીતર મલકે મોહન-ભાત
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! તારાં કાળાં ભીષણ ઓઢણાં રે;
કોરમોર ઝલકે શ્વેત કિનાર
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! તારી ભગવી કંથા ભયભરી રે;
માંહીં રમે ગોરાં ગોરાં રૂપ
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! તારાં કાળાં કાળ અંધારિયાં રે;
માંહીં ઝૂલે તારલિયાળું આભ
— કે જાવું જગજનનીને ખોળલે રે.

માડી ! તું તો અણજાણી અધ-પાઘડી રે;
પલમાં યુગયુગની ઓળખાણ
— કે જાવું જગજનનીને ખોળલે રે.

# નવા વર્ષનો સબરસ-થાળ

વા'લાં સબરસનાં વેચનાર, થંભજો રે
— જરી થંભજો રે :

મારા કોઠી-કોઠાર જોઈ આવું;
મારા અંધારા ઉંબરમાં ઊભજો રે
— જરી ઊભજો રે :

મારા ગાગર-ગટકૂડાં જોઈ આવું.

*

ઘૂમી વળી હું મારા ઘરને ખૂણેખૂણે :
ટોડલા ને ગોખલા તપાસી વળી;

ભરચક ભરિયેલ દીઠા મજૂ અને માળીડા :
કણીયે ન મૂકવાની જગ્યા મળી.

વા'લાં સબરસનાં વેચનાર, વહી જજો રે
— હવે વહીં જજો રે :

કોઈ જાણણહારા જરીક કહી જજો રે
જરીક કહી જજો રે :

નવા વર્ષ તણાં નીમક ક્યાં સમાવું ! — વાલાં૦

પાંપણ ને પોપચાંમાં સબરસ છલકાય મારે,
નયણાંના ધોધ ખારા ધૂધવા ઢળે;

સૂકાં સૂકાં તે મારાં હાડચામ ચૂવે ને
સબરસભર શોણિતનાં ઝરણાં ગળે.

ભરી જીવતરનાં સબરસનો સૂંડલો રે
— છલક સૂંડલો રે :

હું તો ગલીઓ ને શેરીઓ ગજાવું.

મારાં સાચુકલાં સબરસને મૂલવો રે
— સજન ! મૂલવો રે :
પરખનારાંને શુકનિયાં કરાવું. — વા'લાં૦

*

બળબળતી ધરતીનો ખાર ભર્યો ખૂમચો
જમણા તે હાથમાં હિલોળતી જતી;
રડતી જગદંબાનાં અશ્રુભર સાયરનો
ડાબે કર પોસ ભરી ચલું ડોલતી :
મારી ખારી નીંદર ને ખારાં સોણલાં રે
— ખારાં સોણલાં રે.
હું તો ક્યારીઓ ને ક્યારીઓ પકાવું.
ભાગ્યવંતાં ! તમ મંગલમય વ્હાણલાં રે
— રૂડાં વ્હાણલાં રે.
મારી વેદનાની થાળીએ વધાવું. — વાલાં૦

# નિર્ભય

[છંદ : ઝૂલણાં]

આજ ઊડ ઊડ થવા તલખતી પાંખ તુજ
પ્રથમ જાગરણના નવપ્રભાતે;
પક્ષીનો બાળ માળા મહીં સૂઈ રહે —
ક્યમ બને વ્હાણલાં વ્યોમ વાતે !

ગગન-ઉડ્ડયનના મસ્ત આવેગમાં
વીંઝશે પાંખ તારી ફફડતી;
વાયુમંડલ તણા હૃદય વેધતી
ઘોર ઝંકાર જાશે ગજવતી

ઉદિત આદિત્યના તેજ-સાગર વિષે
ભીંજતી પાંખ રમશે ફુવારા;
પીંછડે પીંછડે નીતરતા રંગની
જૂજવી ઝાંય કરશે ઝગારા.

ઘોર સાહસ તણા મસ્ત આકર્ષણે
લઈ જશે પાંખ તુજને રઝળવા;
કો' અજાણ્યા વિકટ ધામની સફરમાં
પંથીહીન પંથની મોજ રળવા.

ઉદયગિરિશૃંગની કારમી ભેખડો
સાથ વસવા તને સાદ પાડે;
ક્ષુદ્ર માળા મહીં નીંદ ના'વે હવે,
પંખીનો બાળ પાંખો પછાડે.

ઊઠ ! તુજ પાંખના ગગન-આઘાતથી
કમ્પશે તાર પ્રાતઃપ્રભાના:
કોટિ કિરણો વતી વિશ્વ-વીણા થકી
ગુંજશે નવલ આલોક-ગાણાં.

તાહરા વેગ-વંટોળલે સિંધુના
ઊછળશે નીલ દૂધલ તરંગો;
રુદ્રની સાથ અભિસાર રમવા જતી
ઘોર વાવાઝડી દે છલંગો –

છૂટશે ઘેલડી મુક્ત અંબોડલે
સપ્ત સિંધુ તણે ઓ કિનારે;
પ્રિયમિલન કાજ પાગલ બની સિંધુ તુજ
પાંખ-ઝંકાર પડઘા ઉચારે.

એ ગગન-પંથની વાટ વચ્ચે તને
પારધી કો' ન શકશે ડરાવી;
સાંભળી બાણ-ટંકાર સંશય તણા,
ભાઈ ! દેજે ન શ્રદ્ધા ગુમાવી.

પંખી ! નિર્ભય નિરુદ્વેગ જાજે ધસ્યો,
મૃત્યુ-અંધાર પડદા વિદારી –
તિમિરને પાર : જ્યાં અમર ધ્રુવ-તારલો
ઝળહળે નીરખતો વાટ તારી.

# એ જ પ્રાણ

[છંદ : ગુલબંકી]

એ જ પ્રાણ :
એ જ એ જ એ જ પ્રાણ :
માહરા શરીરની રગે રગે
રુધિર-તરંગ છોળતો : જગ જગે
ઘૂમી રહ્યો વિજયવંતે પદે પદે
વિરાટ પ્રાણ : એ જ પ્રાણ.
એ જ પ્રાણ નાચતો ત્રિભુવને,
અઘોર છંદ તાલ તાન સ્પન્દને
નચાવતો નિશા-પ્રદીપ વૃન્દને –
દિનોને, રાત્રિઓને, પુષ્પ-ગંધને
અનંત પ્રાણ, એ જ પ્રાણ.

અંકુરે, તૃણે, વસુંધરાની ધૂલિ-ગોદમાં
પ્રવેશતો : જગાવી રોમેરોમમાં
ધ્રુજાટ હર્ષના : અનંત નીલિમા
ઉછાળનાર એ જ પ્રાણ; વિશ્વપ્રાણ.

જન્મ મૃત્યુ સાગરે હિંડોળ જે
જુવાળના ચગાવતો : રજે રજે
મચાવતો પ્રચંડ આંધી ગુમ્બજે
વિરાટને : ભૂકંપની થપાટથી રસાતલે
ઉલેચતો હુતાશ-દેગ : એ જ પ્રાણ, એ જ પ્રાણ.

## થાકેલો

મારાં જ્ઞાન-ગુમાનની ગાંસડી ઉતરાવો શિરેથી આજ :
મારાં પુસ્તક-પોથાંની પોટલી ઉતરાવો શિરેથી આજ.

બોજો ખેંચી ખેંચી માથું ફાટે મારું,
કાયામાં કળતર થાય;
હાંફી હાંફી મારું હૈયું થાક્યું છે, ને
આંખે અંધારાં ઘેરાય રે. — ઉતરાવો૦

મોરમુગટ માથે, હાથે બાંસુરી ને
રાધાનો આતમરામ;
એવા રૂપાળા ગોપાળાને મળવા
તલખે હવે મારા પ્રાણ રે. — ઉતરાવો૦

વેદ ભૂલું ને વેદાન્ત ભૂલું ભલે,
દેખાયે છે તારાં રાજ;
આવું છું, ઓ વા'લા ! કુંજ-દ્વારે તારે
દીવો પેટાવવા કાજ રે. — ઉતરાવો૦

# સુખ - દુઃખ

[ઢાળ : ધીરાના પદનો]

કૂડાં સુખની વાતો મેલો રે, સુખડાંએ તો દીધા દગા;
હું તો દુઃખની વાટે હાલ્યો રે, દુઃખડાં મારાં સાચાં સગાં.

સગાં બનીને સુખ સવારે આવ્યાં,
સાંજ સુધી રોકાણાં;
રાત પડી ત્યાં રસ્તા લીધા,
પાછાં નવ ડોકાણાં :

એવી જૂઠી એની યારી રે, જૂઠાં એનાં મુખડાં હસે;
ઓલ્યાં દુઃખની પ્રીત્યું ન્યારી રે, મુખડાં એનાં મીઠાં દીસે.
— કૂડાં૦

દયા કરીને સુખ મુજ ઘર આવે,
(એનું) ચરણામૃત મારે પીવું;
રૂદો રુવે આંસુડાંની ઊભરે,
તોયે હસતા રે'વું !

એવી આંસુડાંની ધારા રે, દેખી સુખડાં આડું જુએ;
એવે ટાણે દુઃખડાં ધાતાં રે, ખોળે લઈને લોચન લુએ.
—કૂડાં૦

# પ્રેમલહરીઓ

## સમર્પણ

આજે લાવી છું, પ્યારાજી, તારી પાસ નવલ સુહાસ;
મારાં રૂપ-રંગ-રાસ તારે પાયે ધરવા;
સારી જિંદગીની સકલ સુવાસ, સકલ મીઠાશ,
મારા હૈયાના હુલાસ તારે પાયે ધરવા.

આજે જીવન-પુષ્પોની થાળી
તારાં ચરણોમાં ઢાળી
કંઠે તારે આરોપું છું માળ;
પ્યારા બાપૈયા, તું થાજે ના ઉદાસ, છિપાવી લે પ્યાસ,
લાવી હૈયાની સુધા હું તારે હોઠે ધરવા. — આજે લાવી છું૦

આજે હૈયાની સકલ આશા
પ્રીતિની કાળી પિપાસા
શોક મોહ વેદના નિઃશ્વાસ –
સર્વ શામી જાજો તારા સ્નેહ પાસ, સુખના ઉજાસ
તારે મિલને પ્રગટ થાજો તમ હરવા. — આજે લાવી છું૦

આજે મ્હેકે છે જોબન-વાડી
ઝૂલે છે જીવન-વારિ
છોળો એની છલ છલ થાય;
આજે ચંદ્રિકાનાં મુખ મલકાય, બાપૈયાઓ ગાય,
મન મરવા લોભાય તારે ખોળે ઢળવા. — આજે લાવી છું૦

આજે તારા ઉર-પારાવારે
પ્રાણ પડવા પોકારે
ડૂબીને જો નીરવ થવાય.
તારે નયન-બિછાને જો પોઢાય, સ્વરગ પમાય,
એવી આશાએ આવી છું તારો શ્રમ હરવા. — આજે આવી છું૦

## આપઘેલી

નિર્જન વનમાં પાલવ ઢાળીને
એકલડી ફૂલમાળ હું ગૂંથું;
ગૂંથી ગૂંથી મારે કંઠે ધરવા,
એકલડી ફૂલમાળ ગૂંથું.

ગાન કરું મનમાં ને મનમાં,
મનને રાજી કરવા રે;
ખેલ કરું તોયે મનમાં મનમાં;
મનના તાપ મિટવવા રે.
— નિર્જન૦

મનમાં રોતી, મનમાં હસતી,
મનમાં વરતી-પરણતી રે;
મનમાં ગુણ-અવગુણ પર મોહી
મનથી મ્હોબત કરતી રે.
— નિર્જન૦

## હું અને તું

હું તો સદા તને ચાહીશ, પ્રીતમ !
તું મન માને તો ચાહે ન ચાહે,
હું તો સદા જોઈ વાટડી બેસીશ :
તું મન માને તો આવે ન આવે !

માઝમ રાત હું સેજ બિછાવી
જાગીશ તારે કાજે રે :
તું પલભર આવીને પ્રભાતે
નીરખી વદન હસી જાજે રે. — હું તો૦

મનમાન્યા ફૂલના, ફળના મધુ —
વનના મારગ સ્હાજે રે;
હે પરદેશી ! સદા સુખ-સરિતાનાં
નીરમાં નેહે તણાજે રે. — હું તો૦

હુંય પડી કદી એ જ પ્રવાહે
આવું તો સાથી કરજે રે :
દૂર પડી રહું તોય શું દુઃખ છે ?
રાંક સખીને વીસરજે રે. — હું તો૦

## મીઠું બંધન

મને બાંધી રાખી છે કયા બંધથી રે !
હું તો થાકી છું છૂટવા મથી રે.
મને મીઠી લાગે છે તારી કેદ :
હવે છોડી દે તોય છૂટવું નથી રે !
— મને બાંધી૦

મારા જાતાં જાતાં તે પગ ઝલાય છે રે !
મને આવે વિજોગની યાદ;
હવે અળગા ન થાવું તારી આંખથી રે !
— મને બાંધી૦

# એની શોધ

મારા દેવળમાં પડઘા પડે : મારો ક્યાં હશે દેવળ-નાથ !
મારી આરતીના દીવડા બળે : મારે જાગવું માઝમ રાત.

*

જાપ જપું જેના, એ જ મળે તો મુજ
સૂના મંદિરની મોઝાર;
રાત-દિવસ એની ધોવા ચરણ-રજ
રેડું આંસુડાંની ધાર –
રે છેડું ઝાલરના ઝણકાર. — મારા૦

*

એને કાજે વીંધીશ રણવગડા,
વીંધીશ સાત પાતાળ;
વીંધું દાવાનળ, વાદળ, જળ-થળ,
દાનવના દરબાર –
રે સાતે જનમ સેવું એના ભાર. — મારા૦

જાપ જપું જેના એ ન મળે કદી,
તોયે નથી મારે દુઃખ;
રાંક હૃદય કેરી આશિષો આપીશ :
સાંપડજો સાચાં સુખ ! –
રે એને મળજો મીઠેરાં મુખ. — મારા૦



એક દિવસ એની પ્રીત ભુલાશે :
કાળ પડ્યો આ પ્રચંડ;
એક દિવસ મારી આશા ઓલાશે :
ધરતી પડી નવખંડ –
રે દેવા પ્રીતિના દોયલા દંડ. — મારા૦

# યાદ

[રાગ : બિહાગ]

સતાવે એ મુખડાની યાદ !

રાત દિવસ કાં સતાવે હૃદયને
એ મુખડાની યાદ !

પલક પલક રોવરાવે નયનને
એ મુખડાની યાદ !— સતાવે૦

સૂતી ઝબકું, જાગતી ઝબકું :
સ્વપને કોના સાદ. — સતાવે૦

સકલ સૂરોમાં ગાજે એક જ
એ મુખ કેરો નાદ. — સતાવે૦

મોહ-મદિરાનાં ઘેન ઊડ્યાં તોયે
નયન નથી નાશાદ.— સતાવે૦

પાપ-વાંછના પાછળ ભટકે :
કોને કરું ફરિયાદ. — સતાવે૦

## પ્યાસ

પ્યાસ રહી સળગી : જીવતરમાં આગ રહી સળગી.

દિલ મુજ નાનું : પ્યાર દરિયા સમ
કેમ શકું શમવી ?
પીતી તોય તરસ નવ ટળતી :
નીર જતાં છલકી. — જીવતરમાં૦

પાસ લઉં જ્યમ નિકટ લઉં તુજ
દિલ મુજ હૃદય લગી,
તોય જુદાઈ જતી નથી, પ્રીતમ !
જોડ સદા અળગી. — જીવતરમાં૦

પામર ઘર, મુજ પામર જીવતર :
પ્રીત ન ક્યાં મળતી;
જ્યમ ચાહું વધુ ત્યમ વધુ ચ્હાવા
લગન રહી જ લગી. — જીવતરમાં૦

*

સ્થાન અસીમ કદીક સાંપડશે :
દિલ મળશે દિલથી;
તે દી કરજ ભરી જિંદગીભરનું
પામીશ હું મુગતિ. — જીવતરમાં૦

## સમસ્યા

સુખને કારણ બાંધી મઢૂલી :
બાંધી ત્યાં આગ ક્યાંથી ઊઠી રે !

અમૃત-સાગરે સ્નાન કરંતાં
વખડાં ક્યાંથી ઊભરાણાં રે !

હું રે ચકોરી ગઈ ચંદ્રીને ઝીલવા :
સૂરજ-તાપ ક્યાંથી તપિયા રે !

નીચાણ છોડીને ઊંચે ચડું ત્યાં –
ઊંડેરાં નીરમાં ડૂબી રે !

ધનની આશા જનમી અંતરે :
બચકી ચોર ગયા ચોરી રે !

જલની પ્યાસે જોયું ગગનમાં :
ગગનમાંથી કાળી લૂ ઝરી રે !

## તદ્દૂરે-તદ્વન્તિકે –

વાયુ તણી લહરમાં સુણું સાદ તારો :
વ્હેતાં બધાં જળ વિષે તુજ કંઠ ગુંજે;
તું વ્હાણલે ઉદિત સૂર્યની સાથ ઊભી :
સંધ્યા તણે ગગન-તીર રૂપાળી લાગે.

તું કોણ છે ? – નવ કળું, નવ પાર પામું :
તારા, ફૂલો, જળ વિષે તું ગઈ છવાઈ;
ના, ના, તથાપિ તુજને હું વિલુપ્ત માનું :
ના, ના, તથાપિ તુજપે મુજ પ્રેમ ઓછો.

એ પ્રેમ આજ બનિયો છ વિશાળ ભાવ :
ને પૂર્વ કેરી લઘુ પ્રીત સમાઈ એમાં,
તું વિશ્વના હૃદયમાં લય પામી તોયે
વા'લી મને વધુ વધુ – કંઈ એવું થાય.

તું દૂર દૂર ગઈ તોય નજીક લાગે;
જાણે હજુય મુજ પાસ : સુખી સુખી હું;
ચોપાસ શબ્દ-ભણકાર રહું સુણન્તો
હું કર્મમગ્ન : મરતાંય તને ન હારું.

## માલાગૂંથણ

મેં તો હરખેથી બેસી બેસી ગૂંથી ફૂલડાંની માળા રે :
તારે કંઠે આરોપવાને કાજે પરોવી એક માળા રે.

મને કામ સૂઝ્યાં ન કાંઈ ઘરનાં — હું શુદ્ધબુદ્ધ ભૂલી રે :
બેઠી ગૂંથું બકુલ કેરી છાંયે અકેલી ને અટૂલી રે.

અને ઘેરી ઘટામાં મોર-મેના-બપૈયા, ગીત ગાતાં રે :
એની ડાળે પરભાત કેરા વાયુ હીંચીને લ્હેર ખાતા રે.

કુંજ-કળીઓને હેતે હુલવતાં પરભાત તે દી ખીલ્યાં રે :
એવાં સાથીના સાથ મહીં બેસી મેં ફૂલડાં આ ઝીલ્યાં રે.

-એને ફૂલડે ફૂલડે જડ્યાં છે આંસુ તે દિનના સૂરજનાં રે :
એની કળીએ મઢ્યાં છે ગીતો તે દિનના પવનનાં રે.

તેના અણુએ અણુમાં રહ્યાં છે મ્હેકી, પ્યારાજી, હાસ્ય
તારાં રે !
એવી માળા આરોપું તારે હૈયે, ઓ નેનના સિતારા રે.



# વીંજણો

આકાશે આ વીંજણલો કોણ વાય !
રજની રે ! તારો સલૂણો શશિયર રાણો વાય !
વીંજણલામાં તારલિયાળી ભાત.

ધરતીમાં એ વીંજણલો કોણ વાય !
સરિતાજી ! તારો સાયબો સાયર રાણો વાય !
વીંજણલામાં માછલિયાળી ભાત.

સરવરપાળે વીંજણલો કોણ વાય !
કોયલ ! તારો કંથ આંબો રાણો વાય !
વીંજણલામાં મંજરિયાળી ભાત.

વાડીમાં એ વીંજણલો કોણ વાય !
ઢેલડ ! તારો વર રે મોરલિયોજી વાય !
વીંજણલામાં ચાંદલિયાળી ભાત.

પિંજરે પેસી વીંજણલો કોણ વાય !
મેનાજી તારો પિયુડો પોપટ રાણો વાય !
વીંજણલામાં પીંછલિયાળી ભાત.

ગોખે બેસી વીંજણલો કોણ વાય !
નણદલબાનો વીર રે વ્હાલોજી મારો વાય !
વીંજણલામાં રામ-સીતાજીની ભાત.

## જલ-દીવડો

દીવડો તરતો જાય રે –
    આજ મારો દીવડો તરતો જાય.

પવન-ઝપાટા ખાય રે –
    તોય મારો દીવડો તરતો જાય.


આ રે કાંઠે હું દીવો જલાવું, ને
    સાયબોજી સામે પાર.

એ રે એંધાણીએ પિયુજી પારખે, હું
    ઘરમાં છું કે બા'ર રે –
વાહ મારો દીવડો તરતો જાય. — દીવડો૦

લાખો લોકો તણે ગોખે ઝરૂખે
    બહુરંગી બત્તી પેટાય;
હું રે ગરીબ : મારું માટીનું કોડિયું
    કેમ કરીને ઓળખાય રે –
વાહ મારો દીવડો તરતો જાય. — દીવડો૦

અંધારી રાત : મારો સાયબોજી જળમાં
    જોઈ રહે થર થર જ્યોત;
ઘૂઘવતા પૂરમાં પંડ ઝંપલાવે
    મીઠું કરીને મોત રે –
વાહ મારો દીવડો તરતો જાય. — દીવડો૦

ઝાંખેરી જ્યોતમાં દૂર દૂર દેખું
    વાલીડાનાં વીંઝાતાં અંગ;
હાથ કેરી છાજલીમાં બળે મારો દીવડો,
    પિયુ આવે મારતો છલંગ રે –
    વાહ મારો દીવડો તરતો જાય.
દીવડો તરતો જાય રે –
    વાહ મારો દીવડો તરતો જાય.



## દીવડો ઝાંખો બળે

[રાગ : બિહાગ]

દીવડો ઝાંખો બળે —
રે મારો દીવડો ઝાંખો બળે.
આજે ઘેર અતિથિ આવે :
પલ પલ પડઘા પડે;
સકળ નગર સૂતું છે, સ્વામી !
તારાં સ્વાગત કોણ કરે. — દીવડો૦

તારો રથ ગાજે છે ગગને :
ધરતી ધબક્યા કરે;
હે પરદેશી ! પોઢણ ક્યાં દેશું !
નયને નીર ઝરે. — દીવડો૦

'સાંજ પડ્યે આવું છું, સજની !'
એવું કહીને ગયો;
આજ યુગાંતર વીત્યે, વ્હાલા !
તારાં પગલાં પાછાં વળે. — દીવડો૦

સાંજ ગઈ, રજની ગઈ ગુજરી;
હાય, પ્રભાત હવે;
ક્યાં રથ ! ક્યાં અતિથિ ! ક્યાં પૂજન !
નીંદમાં સ્વપ્ન સરે.
દીવડો ઝાંખો બળે –
રે મારો દીવડો ઝાંખો બળે.

## અનામી ! અનામી !

[ભુજંગીના લયમાં]

સહુથી મીઠું નામ તારું, હો સુંદર અનામી !
બજ્યો ઘંટ-ગુંજાર-શો તારો સ્વર, ઓ અનામી !
તું જ્વાલા સમી દિગ્દિગન્તે ભમી, ઓ અનામી !
તું ગુંજી જીવન-શંખમાં ઘોર સિંધુ સમી, ઓ અનામી !

અનામી !

ગગનના સીમાડા ભરી તું સૂતી'તી :
દિશા-તોરણે દીપમાલાની તું લક્ષ જ્યોતિ :

ગહનમાં બીજું કોઈ નો'તું : હતી એકલી તું;
હતી આગ, ગાણું, પ્રતિઘોષ ને એકલો હું :
શમ્યા'તા બધા શોર, વિશ્વે બધું રંગવ્હોણું.

હજુયે તહીં તું રહી છે અનામી ?
હતી તું કદાપિ શું વિશ્વે અનામી ?
મળી'તી કદી ? ગુમ થઈ ક્યાં અનામી ?

અનામી !

તને દિલસું ચાંપી – એ સ્વપ્નું કે સાચું ?
અડકતાં ગઈ ઓગળી વાયુમાં શું ?
ભટકવું હવે એકલા મૃત્યુની ગોદ મળતાં સુધી શું ?

નહિ ! – તું કદીયે નહોતી :
હતી નામની માત્ર માયા;
હતાં સ્વર્ગ-વાણી તણા સૂર-જાદુ :
હતી એક છાયા.

ઓ લયલા, શિરીં; સોહિણી. રાધિકા, જાનકીઓ !
મહાકાળનાં શૃંગ પર સર્વ માયાવિનીઓ !
સ્મશાને ઊભો હું પુકારું : ગ્રહો હાથ મારો !
નહિ હા ! નહિ હા !

કદાપિ નહિ આપણે ક્યાં મળીશું :
દિલેદિલ ઉઘાડી ખુલાસા કરીશું;
નહોતી કદી તું – નહોતી ક્યહીં તું :
હવાની હતી સ્વપ્નમય પૂતળી તું.

હતા વાદળાંના મિનારા :
હતા ઝાંઝવાં-નીર-આરા !
હતાં વ્યોમ-પુષ્પો રૂપાળાં :
હતો એક દીપક – નિરર્થક જલ્યો : તેલ ખૂટ્યાં, અનામી !
હતા સિંધુને નીર છાંયા : ભલે સૌ ભૂંસાયા, અનામી !

## વિશ્વંભર !

[દુહા]

ફૂલડાંને ફોરમ દિયણ,
તારાને દેતલ તેજ;
જાણું એના એ જ :
ધરતી આભ તણા ધણી !

ન મળે સ્થળ કે સમયના
આડા સીમાડા;
ઓરા ને ન્યારા :
વ્યાપક વિશ્વંભર ધણી !

મનથી તેં માન્યા ન કો
વેરી કે ન વિદેશ;
પ્રેમલ હે પરમેશ !
છાનું ન તુંથી છોકરું.

નવ ખંડે વરતાવવા
તારાં પ્રેમલ રાજ,
મોકલ, હે મહારાજ !
સાચાં તારાં સંતલન.

માનવના રુદિયા મહીં
ઝલમલ જેની જ્વાલ,
વા'લપ તણી મશાલ
પ્રગટો, પ્રેમ તણા પ્રભુ !

લાખો જખમી દિલ તણા
એક જ હે આરામ !
તારી નો'ય પિછાન
પ્રેમવિહોણાંને, પ્રભુ !

ધરતીમાંથી ટાળવા
ધનતૃષ્ણા-ધિક્કાર,
પ્રીતિ પારાવાર
છલકાવો છોળે ખલક.

કસબીને સ્વપને રમે
નૌતમ જેનાં રૂપ,
હે સૌંદર્યસ્વરૂપ !
શોભા હું તે શી કથું !

## પ્રત્યેક વર્ષે

'દંભી રસમ્ છે' — નવ કોઈ ક્હેજો !
પ્રત્યેક વર્ષે અભિનંદવાની :
આનંદ ન્હૈ તોય બતાવવાની,
રોવું છુપાવી હસતા જવાની.

રોવું સદાકાળ ભલે લખાયું,
એકાદ દી યે હસવા નહિ દ્યો ?
માલૂમ છે — જીવનની નવેળી
છે સાંકડી, ઘોર અને બીકાળી;
ખોંખરવા તેથી જ ટેવ પાડી.

ખોંખારતા સૌ ગલીપાર થાશું,
ઠોકારતા લાકડી ઘેર જાશું;
બીતાં જ તેથી દળ બાંધી ભેળાં
થોડીક તો છાતી ફુલાવી ગાશું.

## બાળુડાંને

[છંદ : પૃથ્વી]

હતાં સમજણાં છતાં નવ હતું તમે પૂછિયું :
'ક્યહાં ગઈ, શું કામ મા ગઈ, રિસામણું શું થયું ?'
અરે, જગતભેદતી કરુણ ચીસ પે ચીસનાં
તમેય પ્રતિઘોષ થૈ રગરગ્યાં; છતાં બાપનાં
વિનંતિવશ બાલ ! મોં નીરખવાય ના આવિયાં,
વિશુદ્ધ ઈતબારનાં હૃદય રાખી ચાલ્યાં ગયાં.

ઢળ્યો દિવસ, વેદના પણ ઢળી, ભભૂકી ચિતા :
થયું સકલ ખાક : હોંશ ભરિયાં ઘરે આવતાં
તમે ઉભય ખેલીને : 'જમણ બા હશે રાંધતી'
કહી ઘર ભમી વળ્યાં, શમશમ્યાં ઉરે : બા નથી !

હશે ઈસપતાલમાં ? દરદ કાંઈ ઓછું થયું ?
ચલો, મળીશું ? કેમ ના ઉચરતા ? કહો, શું થયું ?
કહ્યું શરમથી, હવે જગતમાં નથી બા રહી :
ગઈ, પણ વિદાયમાં કપટ ખેલતી બા ગઈ.

ગઈ ? સુણી જરીક રડિયાં : પિતા વીનવે,
ન કો દી કટુ બોલડા કહીશ, બા વિસારો હવે !
અઢી વરસથી તમે ચુપ જબાનનો કોલ એ
પળ્યાં પલપલે, પળ્યાં સ્વપનમાં – અને હાય, મેં ?

પિતા શિશુ બન્યો : શિશુ ! બની રહ્યાં તમે તાત-શાં.
નથી ખબર, અંતરે અગન કેટલી પી હસ્યાં !
સભાન સહતાં, નથી મતિહીણાં, અહો બાળુડાં !
લહો નમન તાતનાં, પ્રિય મહેન્દ્ર, પ્રિય ઈન્દિરા !

# ટિપ્પણ

[શરૂઆતના આંકડા પાનાં-ક્રમાંક સૂચવે છે.]

**૩. કસુંબીનો રંગ :** આ સંગ્રહનું પ્રારંભગીત : ૧૯૩૪, સ્વતંત્ર. સોરઠમાં ને ગુજરાતમાં નવવધૂની કસુંબલ ચૂંદડી, શૌર્ય પ્રેમીની કસુંબલ આંખ, બહારવટિયાનાં 'લાલ કસુંબલ લૂગડાં' અને 'ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમશૌર્ય-અંકિત' એ કવિ નર્મદની ગીતપંક્તિ પ્રચલિત છે. સુગંધે મહેકતો, ન ભડકા જેવો કે ન આછો, પણ લાલપમાં કાળાશ ઘૂંટી કરેલો હોય તેવો આ કસુંબલ રંગ ઉત્તમ ગણાય છે. જીવનનો પણ એવો જ કસુંબલ રંગ : હૃદયના સર્વ ભાવો જેમાં નિચોવાયા હોય તેવો રંગ જીવનકસુંબીનો. એવી સકલ ઊર્મિઓના રંગે રંગાયેલા કોઈ વિરલાને નિર્દેશી રચ્યું છે. બિસ્મિલ=કતલ થયેલ.

**૫. ઝાકળનું બિન્દુ :** રચ્યા સાલ ૧૯૩૪. રવીન્દ્રનાથના એક કાવ્યનું અંગ્રેજી ભાષાન્તર ઘણાં વર્ષો પર વાંચેલું તેના છૂટક બોલ 'ધ ડ્યૂડ્રોપ વેપ્ટ ઍન્ડ સેઈડ... માય લાઈફ ઈઝ ઑલ એ ટીઅર' એવા યાદ રહી ગયેલા, તે પરથી રચ્યું. બીજી આવૃત્તિ વેળા મૂળ બંગાળી કાવ્ય 'પ્રસાદ' નામનું મળી ગયું છે. પણ મેં એમાં ફેરફાર કર્યો નથી.

**૭. સ્વપ્ન થકી સરજેલી :** ૧૯૨૫. દ્વિજેન્દ્રલાલ રાય કૃત નાટક 'શાહજહાં'ના રાષ્ટ્રગીત 'આમાર જન્મભૂમિ'નો અનુવાદ.

**૯. તોય મા તે મા :** ૧૯૩૪. સ્વતંત્ર. 'જન્મભૂમિ' માટે ધારાસભાની ચૂંટણી વેળા.

**૧૦. પરાજિતનું ગાન :** ગાંધીજી છેલ્લા કારાવાસ પછી પ્રથમ વાર મુંબઈ આવતા હતા તે વેળા સ્ફુરેલું : સ્વતંત્ર : એ રચનાની પાછળ કોણ જાણે ક્યાં વાંચેલી રવીન્દ્રનાથની આવી કંઈક એક ગીત-પંક્તિ ગુંજતી રહી છે : 'માય માસ્ટર હૅઝ બીડન મી ટુ સ્ટૅન્ડ બાય ધ વેસાઈડ ઍન્ડ સીંગ ધ સૉન્ગ ઑફ ડીફીટ'.

**૧૧. સ્વતંત્રતાની મીઠાશ :** ૧૯૩૦. સ્વતંત્ર.

**૧૩. નવ કહેજો :** ૧૯૨૮-૨૯. સૂચિત. શ્રી જગદીશચંદ્ર બોઝના એક વ્યાખ્યાનને છેડે એમણે ટાંકેલી એક અંગ્રેજી કાવ્યકડી પરથી. 'સૌરાષ્ટ્ર'માં.

**૧૫. ઊઠો :** ૧૯૨૫. 'શાહજહાં' નાટકમાંથી અનુવાદિત.

**૧૬. છેલ્લી પ્રાર્થના :** ૧૯૩૦. આયરિશ વીર સ્વ૦ મેક્સ્વીનીના એક ઉદ્ગાર પરથી સૂઝેલું. સત્યાગ્રહના પ્રથમ સંગ્રામમાં મારા પર પાયા વગરના આરોપસર મુકદમો ચાલેલો, ત્યારે, બે વર્ષની સજા કરનાર મૅજિસ્ટ્રેટ મિ. ઈસાણીની ધંધુકા ખાતેની અદાલતમાં એમના અનુજ્ઞાથી ગાયેલું તે.

૧૭. **ભીરુ** : ૧૯૨૮. 'કાવર્ડ' નામક અંગ્રેજી ગીત પરથી ઉતારેલું. મૂળનો એક ભાવ 'હેસ્ટ ધાઉ નૉટ ડેશ્ડ ધ કપ ફ્રોમ પર્જર્ડ લીપ્સ ?' ('Hast thou not dashed the cup from perjured lips ?) અનુવાદમાં સ્પષ્ટ નથી થયો : 'જૂઠડી જીભ પરથી અમીપાત્રને, તેં નથી, મિત્ર, શું ધૂળ કીધાં ?' પણ નવી આવૃત્તિમાં 'જૂઠડી જીભ પરથી શપથ-શબ્દને' આટલો સુધારો કર્યો છે. એમાંથી સત્ય બોલવાના સોગંદ લેતા ખ્રિસ્તી સાહેદને અદાલતમાં શપથ-કટોરો પિવરાવવામાં આવતો એ નિયમ ક્યાં ગોચર થાય છે ?

૧૮. **વિદાય** : ૧૯૩૦. કારાગૃહમાં એક સાથીએ ગુંજેલી 'હમ ભી ઘર રહ સકતે થે' જેવી કોઈ ઉર્દૂ ગીતની કડી પરથી સૂઝેલું.

૨૦. **આગે કદમ** : ૧૯૩૧. સ્વતંત્ર. 'લાવા' શબ્દ અંગ્રેજી છે : જ્વાળામુખીમાંથી ઝરતો અગ્નિરસ.

૨૨. **ફૂલમાળ** : ૧૯૩૧. સ્વતંત્ર. સ્વ૦ ભગતસિંહને ફાંસી અપાઈ તેની વેદનાને વહેતું ભજન. ત્રણ રૂખડાં = ત્રણ વૃક્ષોઃ ત્રણ જણાને ફાંસી આપી સતલજ નદીને કિનારે બાળેલા. 'ઈંધણ તોય ઓછાં પડ્યાં....પિંજર પૂરાં નો બળ્યાં' = ઘાસલેટ છાંટીને બાળ્યા છતાં તેમના મૃતદેહનું પૂરું દહન ન થયું હોવાની ફરિયાદ હતી.

૨૪. **કોણ ગાશે** : ૧૯૩૧. સ્વતંત્રતા સંગ્રામમાં બંધ પડેલા 'સૌરાષ્ટ્ર'ના પુનરારંભ માટે.

૨૭. **શૌર્યવતીના વિલાપ** : ૧૯૩૦. કારાવાસની કેટલીક નબળી પળોમાં સ. પત્નીના ઠપકાનું કલ્પનાચિત્ર સર્જીને રચેલું. સ્વતંત્ર.

૨૯. **તરુણોનું મનોરાજ્ય** : ૧૯૨૯. સ્વતંત્ર. છંદ ચારણી : 'કુંડળિયા' નામનો.

૩૦. **શિવાજીનું હાલરડું** : ૧૯૨૭. ભાવનગર મુકામે, સ્વ૦ મિત્ર અમૃતલાલ દાણી વગેરે સ્નેહીજનોની હૂંફમાં બાલકિશોરોને માટે ગીતો રચવાના ઊર્મિપ્રવાહમાં ભીંજાયેલો હતો ત્યારે. અમારા આંગણામાં ચૂનો કૂટતી મજૂરણો એક ગીત ગાતી હતી :

*પરભાતે સૂરજ ઊગિયો રે*
*સીતા રામની જોવે વાટ :*
*શેરડીએ સંતો આવે*
*ભિક્ષા તેને કોઈ નો લાવે.*

એ પરથી ઢાળ સૂઝ્યો. આ ઢાળ 'કાચબા-કાચબી'થી જુદો પડે છે. રચનામાં પણ એ ભજનની કડીથી એક મોટું ચરણ આમાં કમતી છે. દસમી કડીમાં 'બંધૂકાં' એ 'બંદૂકો'નું ચારણી બહુવચન-રૂપ છે.

**૩૨. અંતરની આહ :** ૧૯૩૧. સ્વતંત્ર. ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં હાજર થવાની ના વાઈસરૉયને લખી મોકલી તે પરથી એમની મનોવેદનાનું આલેખન.

**૩૪. છેલ્લો કટોરો :** ૧૯૩૧. ગાંધીજી ગોળમેજીમાં જવા નીકળ્યા ત્યારે તેમને કરેલું આ સંબોધન. 'સૌરાષ્ટ્ર'નો પહેલો ફરમો ગુરુવારે સાંજે ચડતો. એ ગુરુવાર હતો. ગીત છેલ્લા કલાકમાં જ રચાયું. ભાઈ અમૃતલાલ શેઠે 'બંધુ' 'બંધુ' શબ્દોને સ્થાને 'બાપુ' 'બાપુ' શબ્દો સૂચવ્યા. ગીત એમને બહુ જ ગમ્યું. ગાંધીજી શનિવારે તો ઊપડવાના હતા. અમૃતલાલભાઈએ આર્ટ-કાર્ડ બોર્ડ પર એની જુદી જ પ્રતો કઢાવી તે જ સાંજે મુંબઈ રવાના કરી – સ્ટીમર પર ગાંધીજીને પહોંચતી કરવા માટે.

બંદર પર આ વહેંચાયું ત્યારે રમૂજી ઇતિહાસ બની ગયો. કેટલાંક પારસી બહેનોને ઝેર, કટોરો વગેરેનાં રૂપકો પરથી લાગ્યું કે ગાંધીજીને માટે ઘસાતું કહેવાતું આ ક્રૂર કટાક્ષ-ગીત છે. એમનાં હૃદયો દુભાયાં. તરત જ એક ગુજરાતી સ્નેહી બહેને કાવ્યનો સાચો ભાવ સ્પષ્ટ કર્યો ત્યારે પેલાં બહેનોનાં હૃદય આનંદિત બની ઊઠ્યાં.

**૩૬. માતા, તારો બેટડો આવે :** ૧૯૩૧. ગાંધીજી હતાશ હૈયે ગોળમેજીમાંથી વળતા હતા તે અરસામાં રચાયું. સ્વતંત્ર — સિવાય કે બે કડીઓની ઉપમાઓ રાણા પ્રતાપને સંબોધાયેલ ચારણી કાવ્ય 'બિરૂદ છહુતેરી'માંથી ઉઠાવી છે :

૧. *અકબર ઘોર અંધાર, ઉંઘાણા હિન્દુ અવર*
*જાગે જગદાધાર, પોહોરે રાણા પ્રતાપસી.*

૨. *અકબર સમદ અથાહ, ડુબાડી સારી દણી,*
*મેવાંડો તિણ માંહ, પોયણ રાણા પ્રતાપસી.*

**૩૯. છેલ્લી સલામ :** ૧૯૩૩. સ્વતંત્ર. બ્રિટિશ મહાસચિવના કોમી ચુકાદા સામે ગાંધીજીએ યરોડા જેલમાં અનશન વ્રત લીધું ત્યારે. આ ગાંધીજીને મોકલ્યું હતું તેના જવાબમાં એમનું એક પત્તું મળેલું કે 'તમારી પ્રસાદી મળી. કવિતા સમજવાની મારી શક્તિ નહિ જેવી છે. પણ તમે મને ગોળમેજીમાં જતી વખતે જે પ્રસાદી મોકલેલી તે મને બહુ ગમેલી. તેની જોડે હું આને મૂકી શકતો નથી.'

**૪૨. ઝંડાવંદન :** ૧૯૩૧. સ્વતંત્ર.

**૪૫. ઝંખના :** ૧૯૨૯. સ્વતંત્ર. 'સૌરાષ્ટ્ર' અઠવાડિકના પહેલા પાના પર મૂકવા માટે છેક છેલ્લી મિનિટોમાં રચાયેલું. આ કાવ્ય પ્રથમાવૃત્તિ વેળા મૂકવાનું ચુકાઈ ગયેલું.

૪૭. ઓતરાદા વાયરા ઊઠો : ૧૯૩૪. સ્વતંત્ર. બેસતા વર્ષને દિવસે રચાયું. કાર્તિક-માગશરથી પવન પલટાઈને ઉત્તર-દક્ષિણ વહે છે, વિશુદ્ધીકરણની પાનખર ઋતુ મંડાય છે. નવરચનાને કારણે જીવનવાયરા પણ એવા જ સૂસવતા ને સંહારક જોઈએ છે.

## ખંડ ૨ : પીડિતદર્શન

૫૧ ઘણ રે બોલે ને : ૧૯૩૨. સ્વતંત્ર. 'ફૂલછાબ' માટે રચાયું હતું. ભજનના ઢાળના નિઃશસ્ત્રીકરણનો વિષય ઉતાર્યો છે. 'જેસલ કરી લે વિચાર' નામે ભજનના જોશાલા આતરાનો ઢાળ બેસાડ્યો છે.

૫૩. દીઠી સાંતાલની નારી : ૧૯૩૫. રવીન્દ્રનાથનું મૂળ બંગાળી 'સાંતાલેર મેયે' તો નથી જોયું, પણ એના અંગ્રેજી ભાષાન્તર પરથી ઉતારેલું.

૫૫. ખેડુ સ્ત્રીનું સંધ્યાગીત : ૧૯૩૨. 'ફૂલછાબ' માટે રચેલું. સ્વતંત્ર.

૫૮. કોદાળીવાળો : ૧૯૩૨. 'ક્રાય ફૉર જસ્ટિસ' નામના અંગ્રેજી સંગ્રહના એક કાવ્ય પરથી.

૬૦. કેદીનું કલ્પાંત : ૧૯૩૧. સ્વતંત્ર.

૬૩. કાળ સૈન્ય આવ્યાં : ૧૯૩૪. સ્વતંત્ર.

૬૪. ફાગણ આયો : ૧૯૩૨. 'ફૂલછાબ' માટે. સ્વતંત્ર.

૬૬. વૈશાખી દાવાનલ આવો : સ્વતંત્ર. કટાક્ષ-કાવ્ય.

૬૮. કાલ જાગે : ૧૯૨૯. એક અંગ્રેજી કાવ્ય પરથી 'સૌરાષ્ટ્ર' પત્રના મુખપૃષ્ઠ પર મૂકવા માટે રચાયું. મારું સૌપહેલું પીડિત-ગીત.

૭૦. કવિ, તને કેમ ગમે ? : ૧૯૨૯. 'કાલ જાગે' વાંચીને શ્રી બચુભાઈ રાવતે મોકલેલા 'બૉમ્બે ક્રૉનિકલ'ના તાજા અંકમાં આવેલા શ્રી હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયે રચેલા 'ધ માસ્ક' નામક કાવ્ય પરથી.

૭૨. હાલરડું : ૧૯૩૦. કારાવાસમાં રચેલું. સ્વતંત્ર.

૭૩. તારા પાતકને સંભાર : ૧૯૩૨. ગાંધીજીના અનશનવ્રતની અસરતળે, 'ફૂલછાબ' માટે સ્વતંત્ર રચ્યું.

૭૬. અમે ! : ૧૯૨૯. પાખંડી ધર્મગુરુઓને ઉદ્દેશીને રચેલું.

૭૮. વિરાટદર્શન : ૧૯૩૨. અપ્ટન સિંકલેરના 'સેમ્યુઅલ ધ સીકર'ના છેલ્લા સંઘગાનને આધારે. નિશાન=નગારું.

૮૧. **બીડીઓ વાળનારીનું ગીત** : ૧૯૩૧. ઢાળ બંગાળી બાઉલગાનનો. જેની કબ્ર ઉપર લખ્યું છે — 'ધ પોએટ ઑફ ધ સૉન્ગ ઑફ ધ શર્ટ' એ અંગ્રેજ કવિ ટૉમસ હૂડનું મશહૂર 'સૉન્ગ ઑફ ધ શર્ટ' ઘણા સમયથી મનમાં ગુંજતું હતું. એટલે મૂળ પ્રેરણા એ ગીતની. તે સિવાય આને ને એને કશી નિસ્બત નથી.

૮૩. **દૂધવાળો આવે** : ૧૯૩૩. મુંબઈ શહેરના ઘરેઘરનો અનુભવ મારા પોતાના રોજિંદા જાતઅનુભવમાં નિહાળ્યો. દૂધવાળા ભૈયાઓની જીવનકથનીમાં પડેલી કરુણતાને કટાક્ષમાં લપેટવાનો પહેલી આવૃત્તિવાળો પ્રયાસ સફળ નહોતો. ઉપરાંત, છેલ્લું તારણ તો ખોટું હતું. એક દૂધવાળો મરે તેથી તેની જગ્યા પૂરનારી પરંપરા કંઈ અટકતી નથી. ઉપલી ક્ષતિને દૂર કરવા માટે બીજી આવૃત્તિમાં છેલ્લી કડી નવી ઉમેરી છે. ઓ. કે. ચા = એ કંપનીના લેબલવાળી ચા.

## ખંડ ૩ : કથાગીતો

૮૭. **અભિસાર** : ૧૯૩૧. રવીન્દ્રનાથના 'કથા ઓ કાહિની'માંના મેં 'કુરબાનીની કથાઓ'માં લીધેલા એક કાવ્યનો અનુવાદ. 'કૌમુદી' માટે કરેલો.

૯૧. **આખરી સંદેશ** : ૧૯૩૦. કારાવાસમાં. 'ધ ન્યૂઝ ઑફ બૅટલ' નામના અંગ્રેજી બૅલડ પરથી.

૯૭. **વીર બંદો** : ૧૯૩૪. રવીન્દ્રનાથના કથાગીત 'બંદીવીર' પરથી.

૧૦૨. **સૂના સમદરની પાળે** : ૧૯૩૦. કારાવાસમાં. કેરોલીન શેરીડાન નોર્ડનના અંગ્રેજી કથાગીત 'બીન્જન ઑન ધ રહાઈન' પરથી.

૧૦૯. **કોઈનો લાડકવાયો** : ૧૯૩૦. કારાવાસમાં. 'સમબડીઝ ડાર્લિંગ' નામના મેરી લા કોસ્ટેના રચેલા એક કાવ્ય પરથી. ઉપલાં બેઉ અંગ્રેજી કાવ્યો જૂની 'રૉયલ રીડર'માંથી જડેલાં. 'સમબડીઝ ડાર્લિંગ' તરફ ધ્યાન ખેંચનાર શ્રી દેવદાસ ગાંધી હતા. એના ગુજરાતી રૂપાન્તરના યોગ્ય મૂલ્યાંકનને માટે અસલ કાવ્ય નીચે શામિલ કરું છું :

### SOMEBODY'S DARLING

[1]

*Ward of the white-washed halls,*
*Where the dead and dying lay,*
*Wounded by the bayonets, shells and balls,*
*Somebody's Darling was born one day –*

*Somebody's Darling, so young and so brave*
*Wearing yet on his pale sweet face,*
*Soon to be hid by the dust of the grave,*
*The lingering light of his boy-hood's grace.*

[2]

*Matted and damp are the curls of gold,*
*Kissing the snow of that fair young brow,*
*Pale are the lips of delicate mould –*
*Somebody's Darling is dying now.*
*Back from his beautiful blue-veined brow*
*Brush all the wandering waves of gold :*
*Cross his hands in his bosom now –*
*Somebody's Darling is still and cold.*

[3]

*Kiss him once for Somebody's sake*
*Murmur a prayer soft and low,*
*One bright curl from its fair mates take, –*
*They were Somebody's pride, you know;*
*Somebody's hand had rested there;*
*– Was it a mother's soft and white ?*
*And have the lips of a sister fair*
*Been baptized in the waves of light ?*

[4]

*God knows best – He had Somebody's love;*
*Somebody's heart enshrined him there;*
*Somebody's wafted his name above*
*Night and morn on the wings of prayer,*
*Somebody wept when he marched away,*
*Looking so handsome, brave, and grand;*
*Somebody's kiss on his forehead lay,*
*Somebody clung to his parting hand.*

*Somebody's waiting and watching for him –*
*Yearning to hold him again to her heart,*
*And there he lies, with his blue eyes dim,*
*And the smiling, childlike lips apart,*
*Tenderly bury the young dead.*
*Pausing to drop in his grave a tear:*
*Carve on the wooden slate at his head, –*
*'Somebody's Darling slumbers here.'*

**૧૧૨. ધરતી માગે છે ભોગ** : ૧૯૩૦ના સંગ્રામના પ્રારંભકાળમાં, સ્વતંત્ર.

**૧૧૫. રાતાં ફૂલડાં** : ૧૯૩૯. 'ફેર ફ્લાવર્સ ઈન ધ વેલી' નામે એક અંગ્રેજી લોકગીત પરથી.

**૧૧૭. સોના-નાવડી** : ૧૯૩૧. રવીન્દ્રનાથના 'સોનાર તરી' પરથી ઉતારવાનું 'કુમાર'ના સંપાદકે સોંપ્યું હતું. ભાઈ રવિશંકર રાવળે શ્રી ક્ષિતિમોહન બાબુ પાસેથી જાણેલું 'સોનાર તરી' ગીતનું રહસ્ય એવું હતું કે, નાવિક એટલે કર્મદેવ, જીવનક્ષેત્રના કૃષિકાર, પ્રત્યેક માનવીની પાસેથી એ માનવીની જીવનકમાઈ ઉઘરાવીને કાળનદમાં ચાલ્યો જાય છે. ખુદ માનવીને એ મુકામ પર પહોંચાડતો નથી. ભાઈ રાવળની આ સમજને કારણે અનુવાદમાં મેં કલ્પેલું સ્ત્રીપાત્ર એમને મુનાસબ નહોતું લાગ્યું. વળી બંગાળી ભાષામાં લિંગભેદ ન હોવાથી મૂળ કાવ્ય પણ કશો દિશાદોર સૂચવતું નહોતું. મેં તો આગ્રહ જ રાખ્યો છે કે સ્ત્રીપાત્ર જ બરાબર છે. આટલાં ઔદાર્ય, કારુણ્ય, ઉદ્યમ અને એકલતા નારીને જ શોભી શકે. નવી આવૃત્તિમાં ૬૭-૬૮-૬૯મી પંક્તિઓમાં જે ફેરફાર કર્યો છે તે મૂળ કાવ્યના ભાવને વફાદાર છે.

## ખંડ ૪ : આત્મસંવેદન

**૧૨૩. યાચના** : ૧૯૩૪. સ્વતંત્ર.

**૧૨૪. ઈજન** : ૧૯૩૪. સ્વતંત્ર. 'જન્મભૂમિ' દૈનિકના પહેલા જ અંકમાં મૂકેલું ગીત.

**૧૨૫. એકલો** : ૧૯૩૪. સ્વતંત્ર.

**૧૨૬. હસતું પંખી** : ૧૯૩૪. એક અંગ્રેજ સ્ત્રી-કવિના કાવ્ય પરથી.

**૧૨૭. સાગરરાણો** : ૧૯૨૭. જુહૂના સમુદ્રતટે સૂઝેલું.

૧૨૯. **અર્પણ** : ૧૯૨૮. 'કિલ્લોલ' નામના ગીતસંગ્રહનું અર્પણ વિ. પત્નીને કરેલું. સ્વતંત્ર.

૧૩૦. **એક જન્મતિથિ** : ૧૯૩૦. કારાવાસમાં. સ્વતંત્ર.

૧૩૩. **મૃત્યુનો ગરબો** : ૧૯૩૦. કારાવાસમાં. સૈનિક ત્રિવિક્રમના શબનું દર્શન કરતાં સ્ફુરેલું. સ્વતંત્ર.

૧૩૫. **નવા વરસનો સબરસથાળ** : ૧૯૩૪. દિવાળીને દિવસે 'જન્મભૂમિ'માં ધરવા માટે.

૧૩૭. **નિર્ભય** : ૧૯૩૧. રવીન્દ્રનાથના એક કાવ્ય પરથી.

૧૩૯. **એ જ પ્રાણ** : ૧૯૩૪. રવીન્દ્રનાથના 'પ્રાન' નામના ગીત પરથી.

૧૪૦. **થાકેલો** : ૧૯૨૫. સ્વ. દેશબંધુ ચિત્તરંજનના એક બંગાળી ગીત પરથી.

૧૪૧. **સુખદુઃખ** : દ્વિજેન્દ્રરાય કૃત નાટક 'પ્રતાપસિંહ'માંનું એક ગીત.

## ખંડ ૫ : પ્રેમલહરીઓ

૧૪૫-૧૫૪. **'સમર્પણ'થી 'માલાગૂંથણ' સુધી** : રવીન્દ્રનાથના નાટક 'રાજા-રાણી'માંનું એક ગીત 'હું ને તું' તથા બાકીનાં દ્વિજેન્દ્ર રાયના નાટક 'રાણો પ્રતાપ' અને 'શાહજહાં'માંનાં.

૧૫૩. **તદ્દૂરે-તદ્વન્તિકે** – : 'મોડર્ન રિવ્યૂ'ના તંત્રી શ્રી રામાનંદ ચેટરજીએ પોતાની પત્નીના અવસાન સમયે ટાંકેલા એક અંગ્રેજી ગીત પરથી.

૧૫૫. **વીંજણો** : ૧૯૨૭. સ્વતંત્ર.

૧૫૬. **જલ-દીવડો** : ૧૯૩૨. સ્વતંત્ર.

૧૫૭. **દીવડો ઝાંખો બળે** : ૧૯૧૮. સ્વતંત્ર. મારું પહેલવહેલું ગીત.

૧૫૮. **અનામી ! અનામી !** : ૧૯૩૬. 'એનોનીમા' નામના અંગ્રેજી ગીત પરથી.

૧૬૦. **વિશ્વંભર** : એક અંગ્રેજી કાવ્યનો અનુવાદ.

૧૬૨. **પ્રત્યેક વર્ષે** : 'ફૂલછાબ' માટે રચેલું.

૧૬૩. **બાળુડાંને** : ૧૯૩૩માં બોટાદમાં પ્રથમ પત્નીના અગ્નિસ્નાન પછી લગભગ પોણાત્રણ વરસે મુંબઈમાં રચ્યું.



58544

# ઊર્મિ-તંત્રની વીણા

હું આ લખું છું તે શું ખરે જ અંતરમાં અનુભવું છું ? કવિતાકાર, સાહિત્યનો સર્જક શું સાચોસાચ નિજલખ્યું બધું સ્વાનુભવમાંથી નિતારે છે ?....

એ પ્રશ્નનો ઉત્તર મેં નકારમાં વાળ્યો. કવિતાકારોનો એક સમૂહ પોતાનાં ઉરસંવેદનોને શબ્દસ્થ કરતો હશે; પણ બીજો એક સમૂહ છે. જે બહુધા પરાનુભવોને જ પોતાના ઊર્મિ-તંત્રની વીણા કે એકતારા પર બજવવા મથે છે. એટલે કે મુખ્યત્વે એક કલ્પક છે, નિજાનુભવી નથી. ઉદાહરણ લઈએ : પીડિતો-દુઃખિતોનાં પદો ઘણાંએ ગાયાં છે, મેં પણ ગાયાં છે. એમાંનાં કેટલાંક પરભાષામાંથી મેં જેમ આપણી ભાષામાં ઉતાર્યાં છે, તેમ બીજાં કેટલાંક જેને વ્યવહારવાણીમાં મૌલિક નથી — એટલે કે તેના મૂળ રચનારના પોતાના પીડિતપણામાં નથી બાઝેલાં. પરભૂમિમાં ઊગેલ રોપાઓને પોતાને આંગણે લાવીને ચોંપનાર માણસની માફક, પરપીડનનાં સંવેદનોમાંથી ઉદ્ભવેલા એ ભાવોને મેં મારી કલ્પનાભોમમાં માત્ર રોપ્યા છે. ભોગવનાર = અનુભવનાર. વેદનાનાં હળો વડે ખોદાઈ જનાર ભોંય પારકાં હૈયાંની છે; કવિતાકાર એ સંવેદનોના સીધા પરિસહનાર તરીકેનો દાવો કરી શકે નહિ.

— ઝવેરચંદ મેઘાણી

['એકતારો'ના આત્મનિરીક્ષણમાં]

રૂ. ૩૦